
# સાધનાપથ

ાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધન



ાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધન

**આચાર્ય યશોવિજયસૂરિ**

આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ - ૪૩

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત
પ્રભુ સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય

# સાધનાપથ

આચાર્ય યશોવિજયસૂરિ

વર્ધમાન સેવાનિધિ ટ્રસ્ટ
૧૧, ટીનવાલા બિલ્ડીંગ, ત્રિભુવન રોડ, મુંબઈ-૪૦૦૦૦૪

નકલ : ૧૨૫૦ મૂલ્ય : ૮૦-૦૦ રૂ.

**: પ્રકાશન તિથિ :**

પૂજ્યપાદ, દાદા ગુરુદેવ શ્રીમદ્‌વિજય **સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા**

સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષની પૂર્ણતાઃ

વિ.સં.૨૦૬૫, ભાદરવા વદિ ૧૪

**પ્રાપ્તિસ્થાન :**

- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત.
  ફોન : ૨૬૬૭૫૧૧ મો. ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-Mail : omkarsuri@rediffmail.com,
  mehta_sevantilal@yahoo.co.in

- **સરસ્વતી પુસ્તક ભંડાર**
  હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

- **ધીરૂભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન. : મો. ૯૩૨૩૧૭૬૩૧૫, ૨૩૮૭૬૩૧૫

- **આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૭
  સુરેશભાઈ કે. મહેતા, ફોન : ૯૪૨૯૩ ૫૫૯૫૩, ૨૬૫૮૦૦૫૩

- **વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : (૨૭૪૪) ૨૩૩૧૨૯

*મુદ્રક :* **કિરીટ ગ્રાફીક્સ**
*૨૦૯, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૧. ફોન : ૨૫૩૫૨૬૦૨*

## : તારક છાયા :

**શ્રી ધર્મચક્ર તીર્થમંડન પરમતારક દેવાધિદેવ**
**શ્રી મંત્રાધિરાજ પાર્શ્વનાથ ભગવાન**

## : દિવ્ય આશિષ :

પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, નિઃસ્પૃહ શિરોમણિ
મુનિપ્રવર શ્રી **વિનયવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી **જનકવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવર શ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવર શ્રી **વિલાસવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા

## : આશિષ :

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવર શ્રી **જંબૂવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજ સાહેબ
પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)

# वंदना



પૂજ્યપાદ, દાદા ગુરુદેવ શ્રીમદ્‌વિજય ***સિદ્ધિસૂરીશ્વરજી*** મહારાજા
(પૂ.બાપજી મહારાજા)ના સ્વર્ગારોહણના
અર્ધશતાબ્દી વર્ષના અવસરે તેઓશ્રીનાં ચરણોમાં વન્દના

સંત કબીરને પૂછવામાં આવ્યું કે જીવનનું લક્ષ્ય શું હોવું જોઈએ. ભક્તહૃદયી એ સંતે કહ્યું : 'બુંદ સમાના સમુંદ મેં...' જીવનના બુંદને પરમના સમંદરમાં ભેળવી દેવું જોઈએ.

વરસાદનું એક ફોરું : હવામાં લહેરાતું; દરિયામાં પડે તો શાશ્વતીના સંપર્કને એ પામે. હવે એને ક્યારેય નષ્ટ થવાનું ન રહ્યું. શાશ્વતીના આ લયને પૂજ્ય આનન્દઘનજી મહારાજે આ રીતે શબ્દબદ્ધ કર્યો : 'અબ હમ અમર ભયે, ન મરેંગે...'

એક પદમાં પૂજ્ય આનન્દઘનજી મહારાજ કહે છે : 'વર્ષાબુંદ સમુંદ સમાની, ખબર ન પાવે કોઈ; આનન્દઘન વ્હે જ્યોતિ સમાવે, અલખ કહાવે સોઈ...' વર્ષાનું બુંદ. દરિયામાં પડ્યું. હવે એને અલગ કઈ રીતે તારવી શકાય ? એ જ રીતે પરમ ચેતનાના સમંદરમાં આત્મચેતનાનું બુંદ ભળ્યું.

પણ, ખરી મજા હવે છે.

બુંદે પોતાના અસ્તિત્વને ખોયું, પણ પૂરો સમુદ્ર એણે મેળવી લીધો. હવે દરિયાનું કોઈ પણ બિંદુ હોય, તેના જળમાં પૂરા દરિયાઈ જળનું પ્રતિનિધિત્વ રહેવાનું. દરિયાઈ જળના તમામ ગુણધર્મો એ બુંદમાં રહેવાના. કબીરજી હવે કહે છે :

'સમુંદ સમાના બુંદ મેં.' બિંદુમાં પૂરો સમુદ્ર ઝલક્યો.

પૂજ્યપાદ, સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાની તપઃપૂત કાયામાં પરમ ચેતનાનો સમંદર ઉમટેલો દેખાતો. પોતાના સ્વત્વનું એમણે પ્રભુમાં નિમજ્જન કરેલુંને ! 'સમુંદ સમાના બુંદ મેં.'

આથી જ, આવા સદ્‌ગુરુ બારી જેવા કહેવાય છે. એક બારીની વ્યાખ્યા શી હોય ? તમે છતની નીચે હો અને ભીંતોની વચ્ચે હો ત્યારે અસીમ અવકાશ જોડે તમને સંબદ્ધ કરી આપે તે બારી. લોખંડની ગ્રીલ કે સ્ટીલની ગ્રીલનું હોવું કે લાકડાનું ચોકઠું કે સ્ટીલનું ચોકઠું હોવું એ બારીની ઓળખ નથી. ઘણીવાર કબાટ અને બારી બહારથી સરખા દેખાતા હોય, પરંતુ તમે ખોલો અને અંદર ભીંત હોય તો કબાટ. અને ખોલો ને અંદર કાંઈ ન હોય તે બારી...

સદ્‌ગુરુની આ શૂન્યતા - અહંશૂન્યતા પ્રભુ સાથે આપણને જોડી આપે છે.

પૂજ્યપાદશ્રીજી વિદ્યાશાળા (અમદાવાદ)ના તેમના ખંડમાં હતા ત્યારે શબ્દ દ્વારા કે મસ્તકે વરદ હાથ વડે વાસક્ષેપ ઠવી શક્તિપાત કરતા'તા.

આજે એ જ કાર્ય તેમના આભામંડલ દ્વારા થાય છે. જ્યાં અત્યારે પૂજ્યપાદશ્રીજીની મૂર્તિ છે, તે ખંડમાં થોડીવાર સાધક એકાગ્રચિત્તે, અહોભાવપૂર્વક બેસશે તો એને અનુભવ થશે કે પરમચેતના સાથે પોતાનું અનુસન્ધાન થઈ રહ્યું છે; ગુરુચેતના દ્વારા.

તમે એ ખંડમાં પથરાયેલી ઊર્જાને પકડી શકો તો તમે અનુભવી શકો કે સદ્‌ગુરુ અહીં જ છે.

એ ઊર્જાને પકડવા શું કરવું જોઈએ ?

આગળ કહ્યું તેમ માત્ર અહોભાવ જો સાધક પાસે હોય તો એ અહોભાવ સાધકની રીસેપ્ટિવિટી - ઊર્જાને પકડવાની ક્ષમતા બની જશે.

તમે અત્યારે જ્યાં બેઠા છો એ ખંડમાં કેટલાંય આકાશવાણી કેન્દ્રોએ અને ટીવી સ્ટેશનોએ છોડેલાં શબ્દ અને દૃશ્યનાં મોજાં ઘૂમી રહ્યા છે; પણ તમે એમને પકડી શકતા નથી. રેડિયો કે ટેલિવિઝન પાસે એ આંદોલનો પકડવાની ક્ષમતા છે.

અહોભાવ સશક્ત રીતે ઊભરાયો. રીસેપ્ટિવિટી આવી. હવે સદ્‌ગુરુની ઊર્જાને તમે ઝીલી શકશો. અને એ ઊર્જા પરમગુરુ સાથે તમને સંબદ્ધ કરશે.

પંચસૂત્રક યાદ આવે : 'अओ परमगुरु संजोगो...' સદ્‌ગુરુચેતના દ્વારા સાધકનું પરમગુરુ ચેતનામાં મળી

જવું. 'બુંદ સમાના સમુંદ મેં...'

● ■ ●

દાદા ગુરુદેવ ! આપ સદેહે વિદ્યમાન હતા, ત્યારે અમારી પાસે આપની ઊર્જાને ઝીલવાની ક્ષમતા ન હતી. આજે આપ સદેહે વિદ્યમાન નથી, ઊર્જા દેહે વિદ્યમાન છો; શું એવું લાગે છે કે અમો આપની ઊર્જાને ઝીલવા માટે સમર્થ બન્યા છીએ ?

જો હા, તો અમારા પર કૃપાનો ધોધ આપ વરસાવો !

જો ના, તો આપની ઊર્જાને અમે ઝીલી શકીએ એવું બળ અમારામાં પ્રગટાવો !

આપે જ બધું કરવાનું છે.

જો કે, આપ કરી જ રહ્યા છો આ કાર્ય... અમે અહોભાવમય થઈને એને સ્વીકારીએ.

***શ્રી કલાપૂર્ણમ્ તીર્થ,***
***દેવલાલી. (મહારાષ્ટ્ર)***
***ચૈત્ર વદિ-૫, વિ.૨૦૬૫,***
***પૂજ્યપાદ વિનયવિજયજી***
***મહારાજાની દીક્ષાતિથિ.***

***- યશોવિજયસૂરિ***

## : અનુક્રમ :


૧ ....... સાત ડગલે મોક્ષ ............................. ૧

૨ ....... પ્રશમરસની અનુભૂતિ ........................ ૮

૩ ....... સાધનાનાં ચાર ચરણો .................... ૨૨

૪ ....... ભીતરની વૈભવી દુનિયા ................. ૪૯

૫ ....... આત્મસ્મૃતિની પગથારે .................. ૬૭

૬ ....... કેટલીક શ્રેષ્ઠ પ્રાર્થનાઓ ................. ૮૬

૭ ....... તન્મયતા .................................... ૧૦૫

૮ ....... પોતાના ઘર ભણી ...................... ૧૧૯

૯ ....... મંજિલ એક, માર્ગ અનેક ........... ૧૨૭

# સાધનાપથ

# ૧ સાત ડગલે મોક્ષ !

એક સાધકે પોતાને મળેલ સાધનાદીક્ષાની રોમાંચક ક્ષણોની વાત મને કરેલી. પ્રભુની સાધનાને મેળવવાની અત્યન્ત તડપન હતી એને. ખ્યાલ હતો કે સદ્ગુરુદેવ દ્વારા જ પ્રભુની સાધના મળી શકે.

એ અરસામાં, પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય કલાપૂર્ણ-સૂરીશ્વરજી મહારાજા અમદાવાદમાં બિરાજમાન. આ સાધક પૂજ્યશ્રીજી પાસે ગયો. વિનંતી કરી : ગુરુદેવ ! મને સાધનાદીક્ષા આપો ! કરુણામય પૂજ્યશ્રીજીએ રાતના નવ વાગ્યાનો સમય આપ્યો. એ સમયે પૂ. સાહેબજીના ખંડમાં હતા માત્ર સાધક અને સાધનાદાતા.

પૂજ્યપાદશ્રીજીએ એ સાધકને પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ સાહેબ કૃત શ્રી સુવિધિ-

જિન સ્તવનાની એક એક કડીમાં રહેલ સાધનાઓ સૂક્ષ્મતાથી આપી.

એ સાધકે પોતાને મળેલ આ અપૂર્વ સાધનાની કેફિયત વર્ણવી મને કહેલું કે મારે માટે એ એક કલાકનો ગાળો જીવનનો સ્વર્ણિમ સમયખંડ હતો. સાધના-જગતથી સાવ અણજાણ એવા મને એ મહાપુરુષ સાધનાના દુર્ગમ ગિરિના પગથિયાં ચઢાવ્યે જ ગયા, ચઢાવ્યે જ ગયા. 'શિખરાનુભૂતિ શું આવી સરળ હોઈ શકે ?' એણે મને પૂછેલું.

મેં કહેલું : એ ચમત્કાર એ મહાપુરુષની આંગળીનો હતો. તમે એમની આંગળી પકડી લીધી. હવે તમારે ક્યાં ચઢવું હતું ? હવે તો એ કૃપા ચઢાવે આપણને, જે પાંગળાને ગિરિ કુદાવે છે. 'પંગું લંઘયતે ગિરિમ્.'

● ● ●

ભક્તહૃદયની ભીનાશ અને સાધકહૃદયની તીક્ષ્ણ આન્તર સૂઝ; એ બન્નેનું મઝાનું સાયુજ્ય છે દેવચન્દ્રીય સ્તવનામાં.

નવમી સ્તવના શરૂ થાય છે : 'દીઠો સુવિધિ જિણંદ....' પ્રભુનું દર્શન થયું. પણ કેવું દર્શન ? એક તો દર્શન છે અહોભાવની ભૂમિકાનું. બીજું દર્શન છે ગુણસ્પર્શની ભૂમિકાનું. અહીં શરૂઆતનું પગથિયું જ - પહેલું પગથિયું જ મોટું છે. સીધી જ શુદ્ધમાં છલાંગ ! ગુણસ્પર્શની ભૂમિકામાં.

પ્રભુના સમાધિરસનું દર્શન ('દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ...') ક્યારે થશે ? જ્યારે ભીતર સમાધિરસનો આછોસો સ્પર્શ થયો હશે ત્યારે. અન્યોન્યાશ્રય અહીં ચાલ્યા કરશે. પ્રભુના સમાધિરસના દર્શનથી નિજના સમાધિરસનો સ્પર્શ... એ પૃષ્ઠભૂ પર વિશેષ રૂપે સમાધિરસનું દર્શન. સ્પર્શન પણ અહીં ધારદાર બનશે.

યાત્રા અઘરી, પણ મધુરી. સદ્ગુરુદેવની જોડે ચાલવાનું છે ને ! એટલે જ ભક્ત પૂછશે : 'હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે ?' સાત ડગલે (સાત કડીએ) મોક્ષ ! મહિમા માત્ર ડગલાંનો નથી, મહિમા સદ્ગુરુદેવની

સાથે ચાલવાનો છે.

આવી જ વાત 'પ્રશમરતિ પ્રકરણ'માં ભગવાન ઉમાસ્વાતિજીએ કરી છે : 'इहैव मोक्षः सुविहितानाम्.' અહીં જ મોક્ષ. અહીં જ મોક્ષ, હમણાં જ મોક્ષ.

પ્રશમરતિની એ આર્યા મોક્ષપથની મઝાની વાત કરે છે : 'निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् । विनिवृत्तपराशाना-मिहैव मोक्षः सुविहितानाम् ।' અહંકાર અને કામથી પર ઊઠેલ, મન-વચન-કાયાના વિકારોથી રહિત અને પરની આશાથી મુક્ત એવા સાધકો માટે અહીં જ મોક્ષ છે.

અહીં છ ચરણો થયાં.

ક્રમશઃ એ ચરણો જોઈએ.

● ● ●

પહેલું ચરણ : નિરહંકાર દશા.

અહોભાવના લયનો હું બચેલો હોય, અહંકારના લયનો હું ગયેલ હોય તે નિરહંકાર દશા. પ્રભુનું દર્શન કરતાં થયેલ આનંદને ભક્ત અભિવ્યક્ત કરી શકે : મને ખૂબ આનન્દ આવ્યો પ્રભુનું દર્શન કરતાં; પણ અહંકારના લયનો હું ન પ્રવેશી શકે. 'હું'નું વિદાય થવું કેન્દ્રમાંથી. પ્રભુનું પધારવું ભીતર.

સાધક ગુરુ પાસે ગયો.

કહે : ગુરુદેવ ! મને સાધના આપો !

ગુરુએ જોયું કે સાધકનું અહંકેન્દ્ર પ્રબળ છે. અને હૃદય ખાલી ન હોય તો ત્યાં સાધના કેમ કરી પ્રવેશશે ?

એ ઝેન ગુરુ હતા. એમણે સાધકને કહ્યું : પહેલાં ચા તો પી ! કીટલીમાંથી ગુરુ પોતે ચા પીરસવા લાગ્યા. કપ ભરાઈ ગયો. રકાબી

ભરાવા લાગી. રકાબી ભરાઈ ગયા પછીય ગુરુ ચા રેડવા લાગ્યા, જે જાજમ પર રેલાવા લાગી.

સાધક કહે : ગુરુજી, ગુરુજી ! હવે તો ચા જાજમ પર ઢળે છે. ગુરુએ કહ્યું : તું સમજ્યો ? કપ-રકાબી ભરાયા પછી ચા નાખો તો એ ક્યાં જાય ? તેમ તારું હૃદય કચરાથી - અહંકારથી ભરાયેલું છે. હું સાધના મૂકું ક્યાં ?

● ● ●

બીજું ચરણ : નિષ્કામ દશા.

કામના હોય માત્ર સ્વને પામવાની. અને એ કામનામાં બીજી બધી પર સંબંધી કામનાઓ વહી જાય.

એના માટેની પ્રાયોગિક વિધિ આવી છે : સ્વની દુનિયાનો આછેરો આનન્દ પણ એકવાર સ્પર્શી જશે તો પરની દુનિયા છૂટી જશે.

કેવી મઝા !

● ● ●

ત્રીજું ચરણ : મનઃસ્થિરતા. મનોગુપ્તિ.

મન શુભમાં જ રહે. અને શુદ્ધમાં જવાની કોશીશ ચાલુ હોય. શુભની તળેટી. શુદ્ધનું શિખર.

પ્રભુએ શુભ માટે એટલું બધું આપણને આપ્યું છે કે આપણું મન અશુભમાં જાય જ કેમ ? સ્વાધ્યાય, પ્રભુભક્તિ, વૈયાવચ્ચ; કેટલા બધા મઝાના શુભના આયામો પ્રભુએ આપ્યા છે ! સ્વાધ્યાયમાં પણ કેટલા ગ્રન્થો ! ફાઈવસ્ટાર હોટેલની થાળી....! હવે લારી-ગલ્લે કોણ જશે ?

શુભને ઘૂંટવાનું અને શુદ્ધમાં જવાનું. શુદ્ધમાં જવાનો એક નાનકડો અભિગમ આપું : માત્ર પંદર મિનિટનો. પહેલી પાંચ મિનિટ, 'તિત્થયરા મે પસીયંતુ' જેવું કોઈ પદ ઘૂંટી દશ મિનિટ શુદ્ધમાં જવાની કોશીશ કરવી છે.

શુદ્ધમાં જવા માટે નિર્વિકલ્પ ભાવને ઘૂંટવો પડશે. તો દશ મિનિટ માત્ર દ્રષ્ટાભાવમાં રહેવું છે. વિચાર આવી જાય તો એને પણ જોવો છે.

આવી બેઠકો દિવસમાં બે-ચાર વાર કરી શકાય. એ પછી સમયગાળા પર પણ એને લંબાવી પણ શકાય.

• • •

ચોથું ચરણ : ભાષા સમિતિ.

શબ્દો એ રીતે વપરાય કે એ શબ્દો સ્વની ભીતર ઊતરવા માટે માધ્યમ બને. સાધકની પ્રજ્ઞા એ જોયા કરશે કે પોતાના દ્વારા બોલાતા શબ્દો સાધનામાં અવરોધ રૂપ તો નથી બનતા ને ?

પ્રભુના પ્યારા શબ્દો કોઈ સાધક બોલતો હોય, બોલતી વખતે લાગે કે શ્રોતાઓ ભાવવિભોર બનીને સાંભળી રહ્યા છે અને શબ્દોની અસરથી લોકો પ્રભાવિત થઈ રહ્યા છે અને એ વખતે સાધકને અહંકાર ઊછળી આવે તો....? તો એણે ત્યાં જ બોલતાં અટકી જવું જોઈએ.

શબ્દો પર ભણી લઈ જનારા ન જ જોઈએ. ભાષા સમિતિ સાધકને સ્વભણી લઈ જાય છે.

• • •

પાંચમું ચરણ : કાયગુપ્તિ.

સાધકની કાયા સધાયેલી હોય. સાધકની કાયા એના પોતાના નિયન્ત્રણમાં રહે.

એક સાધક એકવાર મુહપત્તિ વડે ખભાને પૂંજતો હતો. કો'કે પૂછ્યું : વિના કારણે કેમ ખભાને પૂંજો છો ? સાધકે કહ્યું : પાંચ મિનિટ પહેલાં એક માખી મારા ખભા પર બેઠેલી. મારાથી સહસા તેને ઉડાડવા માટે હાથ મુકાઈ ગયો. હાથે એ રીતે ઊચકાવું નહોતું જોઈતું. અત્યારે આ પૂંજવાની

ક્રિયા દ્વારા હાથને હું શિક્ષા આપી રહ્યો છું કે હવેથી સહસા ઊચકાવાનું નથી.

આ અભ્યાસ કાયાને સાધી આપશે.

● ● ●

છઠ્ઠું ચરણ : પરની આશાથી મુક્ત હોવું. નિરપેક્ષ દશા. ભક્ત કવિ કહે છે : 'આશા ઓરન કી ક્યા કીજે ?'

ભક્ત પાસે એક મઝાનો સાધનાક્રમ છે. એ પ્રભુ અને સદ્‌ગુરુ પર સંપૂર્ણતયા આશ્રિત બની બીજાની અપેક્ષાથી મુક્ત બને છે. એ તો ગાશે : 'દેશો તો તુમ હી ભલો, બીજો તો નવિ જાચું રે....' પ્રભુ ! તું આપશે એ જ હું તારી પાસેથી લઈશ. બીજાની પાસે હું હાથ લાંબો નહિ જ કરું.

યાદ આવે છે ભક્ત રાવણ. અષ્ટાપદ પર્વત પર તેઓ પ્રભુની ભક્તિ કરે છે. તેમની ભક્તિની તન્મયતાથી પ્રસન્ન થયેલ ધરણેન્દ્ર પાછળથી રાવણને કહે છે : માગો, માગો ! માગો તે આપું.... તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું.

મહામના રાવણ કહે છે : આવા પ્રભુ મળ્યા પછી, બીજા કોઈની પાસે હું હાથ કેમ લંબાવી શકું ?

કેવી નિરપેક્ષ દશા !

● ● ●

આ છ ચરણોને સાધક ઘૂંટે તો એને જીવન્મુક્તિ મળી રહે.

અને આ સ્તવનાની સાત કડીઓ ઘૂંટાય એટલે મોક્ષ. 'હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે ?'

કેવી રીતે કડીઓને ઘૂંટીશું ?

કડીઓમાં બતાવેલ સાધનાને આત્મસાત્ કરીએ. પહેલું જ ચરણ : 'દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો હો લાલ....' પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજાએ તો સમાધિરસથી સભર પ્રભુનું દર્શન કર્યું. આપણે હવે કરવાનું *છે. એ માટેની સાધના કઈ ? લાગે છે કે માત્ર એ માટેની પ્રબળ ઝંખના જ* એ માટેની પૃષ્ઠભૂ બની રહેશે.

ક્યારે મળે સમાધિરસથી ભરપૂર પ્રભુનું દર્શન. ક્યારે....? ક્યારે.....? આ ઝંખનાનો અન્ત દર્શનમાં આવે છે.

એક યુવાને સદ્ગુરુને પૂછેલું : પ્રભુ મને શી રીતે મળશે ? શી રીતે ? સદ્ગુરુએ એક નાનકડું સૂત્ર આપ્યું : 'તુમ મિટો તો મિલના હોય....' તું મિટી જાય, ઓગળી જાય, પીગળી જાય તો પ્રભુનું મિલન આ રહ્યું ! ચન્દનાજી મિટી ગયાં અને પ્રભુને પામી ગયાં. સુલસાજી અને રેવતીજી મિટી ગયાં અને પ્રભુને પામી ગયાં.

વૈભાવિક સ્વરૂપે ઓગળી જવું એ જ તો સ્વાભાવિક રૂપના મિલનની પ્રક્રિયા છે ને !

ચાલો, પ્રભુના મિલનની, જાત સાથેના મિલનની મધુરી યાત્રાએ નીકળીએ.

■ ■ ■

૨

# પ્રશમરસની અનુભૂતિ

*સમાધિરસથી પૂર્ણ પ્રભુનું દર્શન થયું અને એ સાથે જ આત્મસ્વરૂપનું સ્મરણ થયું, વિભાવોથી દૂર હટવાનું થયું અને સ્વસત્તાને પ્રાપ્ત કરવા માટે સમ્યગ્દર્શનાદિના પથ પર ચાલવાનું થયું.*

સદ્ગુરુએ સાધકને ધ્યાનદશાનો અભ્યાસ કરવા સૂચવ્યું. સાધકે ગુરુદેવની આજ્ઞા સ્વીકારી.

સાધકને ખ્યાલ છે કે વિચારો (વિકલ્પો) વિનાની ભીતરી જાગૃતિ તે ધ્યાન છે. પોતાનું પોતાનામાં હોવું તે ધ્યાન.

સાધકે બે-ત્રણ દિવસના ધ્યાનાભ્યાસ પછી ગુરુદેવને ફરિયાદ કરી : ગુરુદેવ ! ધ્યાન માટે બેસું છું, પણ સ્વ-ગુણની ધારામાં જવાનું થતું નથી; કોઈ જ જાતના સંબંધ વિનાના ઉટપટાંગ વિચારો જ એ વખતે ચાલ્યા કરતા હોય છે.

ગુરુ હસ્યા. કહે : 'તને વિચારો ક્યારે આવતા નહોતા ? સૂઈ જાય ત્યારે ઊંઘમાંય સ્વપ્નો રૂપે વિચારોનું વહેણ ચાલતું જ હતું ને ! ધ્યાન માટે તું બેઠો ત્યારે એક

વસ્તુ, ધ્યાન ખેંચનારી એ બની કે, તને આવા વિચારો આવે છે એનો તને ખ્યાલ આવ્યો. મતલબ કે પહેલાં વિચારો આવ્યા જ કરતા'તા, તને ખ્યાલ નહોતો આવતો. હવે ઉટપટાંગ, ધડ-માથા વગરના વિચારો વહ્યા કરે છે મનમાં, એનો ખ્યાલ આવ્યો.'

ગુરુએ વહાલથી સાધકને સમજાવ્યું : સફેદ વસ્ત્રો પહેરીને માર્ગ પર જનાર સજ્જનની પાછળ કાર આવતી હોય અને બાજુના ખાડામાં રહેલ કીચ્ચડ પર તેનું પૈડું પડે તો કાદવનાં છાંટા પેલા સજ્જનનાં વસ્ત્રો પર પડશે અને સફેદ વસ્ત્રો પર તે ડાઘ દેખાશે. પરંતુ ધૂળેટીના દિવસે રંગ અને કાદવવાળા વસ્ત્રો પર આવા છાંટા પડશે તો ખ્યાલ નહિ આવે.

તને ખ્યાલ આવ્યો, ગુરુ પૂછે છે : તારી મનની ભૂમિકા અગાઉ કરતાં સ્વચ્છ બની છે; જેથી તને વિચારો આવી રહ્યા છે તેનો ખ્યાલ આવ્યો ?

સાધકે કહ્યું : અચ્છા, તો તો આમાં કાંઈ નિરાશ થવા જેવું નથી. બરોબરને ?

ગુરુએ કહ્યું : નિરાશ નથી થવાનું, પણ સાવધાન તો બનવાનું જ છે. વિચારો આવે ત્યારે વિચારો આવ્યા એ ખ્યાલ તને આવ્યો. હવે તારે આગળ ધપવાનું છે. વિચારો આવે ત્યારે તેમને જોવાના છે; તેમાં ભળવાનું નથી.

બે દિવસ પછી સાધક હસતાં મુખે ગુરુદેવ પાસે આવ્યો. 'ગુરુદેવ! વિચારોને જોવાની પ્રક્રિયા સઘન રીતે કરતાં વિચારોનો વેગ ઘણો જ ઘટી જાય છે.'

જાગૃતિ વધે, વિચારોનો વેગ ઘટે અને સ્વની વૈભવી દુનિયામાં/ધ્યાનમાં જવાનું થાય.

ધ્યાનનો ઊંડો અનુભવ તે સમાધિ.

આ પૃષ્ઠભૂ પર સ્તવના શરૂ થાય છે :

*દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ,*
*ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વીસર્યો હો લાલ;*
*સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ,*
*સત્તાસાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ...*

• • •

'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ.' સમાધિરસ વડે સભર પ્રભુને ભક્તે જોયા. પ્રભુની કૃપા કે પ્રભુનું દર્શન થયું. આત્મ-ગુણોમાં સ્થિરતા તે સમાધિ.[1] અને એવી સમાધિથી પૂર્ણ પ્રભુનું દર્શન થયું.

પ્રશ્ન અહીં મઝાનો થાય કે પ્રભુના આવા દર્શન માટેની ભક્તની સજ્જતા કઈ ?

એમ લાગે કે સ્તોત્ર, જપ, ધ્યાન અને લય (સમાધિ)ના ક્રમથી ભક્ત સમાધિની આંશિક દશાને અનુભવતો હોય ત્યારે તેને પૂર્ણ સમાધિરસ વડે સભર પ્રભુનું દર્શન થાય છે.

• • •

ભક્તનો સાધનાક્રમ આ રીતે ચાલશે : સ્તોત્ર, જપ, ધ્યાન, લય. એક પ્યારો શ્લોક યાદ આવે :

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥

દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજારૂપ સ્તોત્ર ચઢિયાતું. એથી જપ, ધ્યાન અને લય ક્રમશઃ ચઢિયાતા છે. ચેતનાને ક્રમશઃ સ્વમાં ઢાળવા માટેનાં આ મજાનાં સાધનો છે.

---

૧. **સ્વોપજ્ઞ સ્તબક. ૯/૧** - દેવચન્દ્ર ચોવીસી.

'લોગસ્સ૦' સૂત્ર જેવા સૂત્રને રટવાનું ચાલુ થયું એટલે જગતના કોઈ પણ પદાર્થ કે વ્યક્તિ પર આડેધડ જતી વિચાર-પ્રક્રિયાને સાધકે એક સૂત્રમાં કેન્દ્રિત કરી. એ વખતે એનો ઉપયોગ માત્ર એ સૂત્રમાં હોવો જોઈએ. તો ચેતના સૂત્રાનુગત બની.

આમ જુઓ તો કેટલો મોટો આ ચમત્કાર થયો ! આટલા બધા વ્યાપમાં ફેલાયેલ ઉપયોગને એક નાનકડા સૂત્રમાં કેન્દ્રિત કરી લેવાયો. પરની ગંદકીમાં ગયેલ આત્મોપયોગને સ્વમાં લઈ જવા માટેની વચલી કડી પૈકીની એક હતી આ સૂત્રાનુગત ચેતના.

સૂત્ર પછી છે જપનું ચરણ. 'લોગસ્સ૦' સૂત્રમાં કેન્દ્રિત થયેલ ચેતનાને હવે એક નાના પદમાં લાવવાની છે. એ માટે 'તિત્થયરા મે પસીયંતુ'... જેવું પદ આપણે પસંદ કરીએ. એનો જપ કરવાનો છે. હવે ઉપયોગ માત્ર આ નાનકડા પદ પર કેન્દ્રિત કરીએ. પદાનુગત ચેતના મળી આપણને.

હવે એને ગુણાનુગત ચેતનામાં ફેરવી શકાશે. પોતાના કોઈ પણ એકાદ ગુણમાં ઉપયોગને લઈ જવો; ક્ષમા ગુણમાં, આનંદ ગુણમાં... આ છે ધ્યાન. તમારા ગુણોમાં કે તમારા સ્વરૂપમાં ચેતનાનું જવું તે ધ્યાન.

અને આત્મગુણોમાં સ્થિરતા તે લય. સમાધિ.

આવા ધ્યાન કે લયના ઉપયોગમાં રહેલો સાધક પ્રભુના સમાધિરસનું દર્શન કરી શકે છે અને એવા દર્શન થયા પછીનો એનો આનન્દોદ્ગાર કેવો હશે ! 'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ...'

• • •

અત્યાર સુધી પ્રભુનાં દર્શન માટે જવાયું, પરંતુ વિચારોનું પૂર ચાલુ ને ચાલુ રહેતું હતું. વિચારોની ક્ષણે ક્ષણે બદલાતી મનોભૂમિકા પર પ્રભુનું દર્શન/પ્રભુના ગુણોનું દર્શન કઈ રીતે શક્ય બને ?

વિચારોને સાધકના મનોજગતમાંથી ભૂંસી કાઢવાની એક વિધિ ઉપર બતાવી. ઝેન સંપ્રદાય કઈ રીતે આ કામ કરે છે એ એક ઝેનકથામાં જોવા મળે છે.

એક સાધક ગુરુ પાસે ગયો અને એણે પૂછ્યું : ભગવાન બુદ્ધના ચહેરા પર કેવો પ્રશમરસ રેલાતો હશે ?

ગુરુએ એને બોચીમાંથી પકડ્યો. પોતાની પાટ પાસે રહેલ બારીમાંથી એને નીચે ફેંક્યો. સદ્ભાગ્યે નીચે ધૂળ જ હતી. જેવો સાધક નીચે પટકાયો કે તરત ગુરુએ બારીમાંથી પોતાનું મોઢું બહાર કાઢી પૂછ્યું : હવે ખ્યાલ આવ્યો કે ભગવાનના ચહેરા પર કેવો પ્રશમરસ રેલાતો હશે ?

નીચે પટકાવાની ઘટના એકદમ આકસ્મિક હતી. એટલે જેવી એ ઘટના ઘટી કે એક-બે ક્ષણ માટે સાધક દિઙ્મૂઢ બન્યો. આ ક્ષણોમાં વિચારો નથી હોતા.

ગુરુએ જોયેલું કે જ્યારે સાધકે પૂછ્યું ત્યારે એ વૈચારિક, ઉપરછલ્લી ભૂમિકા પર હતો. એથી જ આ પ્રશ્ન તેણે પૂછેલ. જો એ ધ્યાનની સુવર્ણમયી પળોમાં હોત તો ગુરુના ચહેરા પરના પ્રશમરસને જોઈને બુદ્ધના ચહેરા પરના પ્રશમરસનું અનુમાન એ કરી લેત.

ગુરુએ પેલી ક્ષણ પકડી લીધી. એ ક્ષણે મુખ બહાર કાઢીને પૂછ્યું : હવે ખ્યાલ આવ્યો કે ભગવાનના મુખ પર કેવો પ્રશમરસ રેલાતો હશે ?

અને, સાધકને ખ્યાલ આવી ગયો. કહો કે આછેરી અનુભૂતિ મળી ગઈ.

• • •

ગુર્જિએફે પણ આવો એક પ્રયોગ કરેલો. સાંજનો સમય. એક સાધક એમની પાસે આવ્યો. એણે કહ્યું : ગુરુદેવ ! મને સાધના આપો ! ગુર્જિએફે જોયું કે એનું મન સ્થિર નથી; સાધના શી રીતે આપી શકાય ?

એમણે કહ્યું : સુથારો હમણાં જ ગયા છે અને આ બીમ બરોબર ગોઠવાયો નથી; તું ઉપર ચડી જા તો ! પેલો ઉપર ચડ્યો. ગુર્જિએફ એને સૂચના આપે છે : જરાક જમણી તરફ બીમને ખેસવ. પેલાએ તે પ્રમાણે કર્યું એટલે ગુર્જિએફ કહે : અરે, થોડો વધુ જમણી બાજુ ખસી ગયો. સેન્ટર નહિ પકડાયું. હવે જરા ડાબી તરફ ખેસવ.

આમ એટલી વાર આમથી તેમ અને તેમથી આમ કરાવરાવ્યું કે પેલો થાકી ગયો. દિવસે કામ કરીને સાંજે અહીં આવેલો અને સાંજે આ શ્રમ. થાકના કારણે ઝપકી આવી. ગુર્જિએફ જોઈ રહ્યા. એકાદ મિનિટ તેને ઊંઘવા દીધો અને પછી તેમણે નીચેથી બૂમ મારી : એય, શું કરે છે ? પેલો જાગ્યો.

આ સમયગાળો બહુ જ મહત્ત્વનો હતો. જ્યારે વિચારો - ઊંઘના કારણે - હારી ગયેલા. ગુરુએ તેની સામે જોયું. સાધક તૈયાર હતો હવે. ગુરુએ એની આંખોમાં આંખો પરોવી : શક્તિપાત થઈ ગયો. નીચે ઊતરીને સાધક ગુરુનાં ચરણોમાં પડ્યો.

● ● ●

રાત્રે અધવચ્ચે ઊંઘમાંથી તમે ઊઠો ત્યારે જોજો : એકાદ મિનિટ તમને ખ્યાલ નહિ આવે કે તમે ક્યાં છો ? એક સાધુ વિહારયાત્રામાં હોય તો રાતે ઊઠે ત્યારે તરત એને ખ્યાલ નહિ આવે કે એ કયા ગામમાં છે. એકાદ મિનિટમાં તો જ્ઞાનતંતુઓની શૃંખલા ચાલુ થઈ જાય છે અને એને ખ્યાલ આવી જાય છે.

અકસ્માત થાય - કાર વગેરેમાં - ત્યારે પણ એકાદ મિનિટ ફેંકાયેલ માણસને શું થઈ રહ્યું છે કે શું થયું છે એનો ખ્યાલ નહિ આવે. થોડી ક્ષણોમાં ખ્યાલ આવી જશે.

ઉપર કહેલી ઝેનકથામાં આ જ પ્રયોગ કરવામાં આવેલો : સાધકને અચાનક પટકવામાં આવ્યો. તેના વિચારો થંભ્યા કે તરત ગુરુએ તેને પ્રશમરસની અનુભૂતિ કરાવી.

એટલે, ગુરુ બેવડી પ્રક્રિયા કરે છે. પરમ રસ પીવા માટે સાધકને તૈયાર પણ કરે અને સાધક તૈયાર થાય ત્યારે પરમ રસ પીવડાવી દે.

● ● ●

'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ, ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ...' પ્રભુનો સમાધિરસ જોતાં, અનુભવતાં પોતાના સ્વરૂપનું સ્મરણ થયું. અનાદિથી વીસરાયેલ સ્વરૂપની યાદમાં ખોવાવાનું થયું.

આ આવું છે : રેલવેના ડબ્બામાં એક ભાઈ બેઠા છે. ભાથાનો ડબ્બો જોડે જ છે. બારેક વાગ્યે જમવાનો વિચાર કર્યો છે. છાપુ વાંચવામાં તેઓ એવા મશગૂલ બની ગયા કે સવાબાર થયા તોય ખ્યાલ ન આવ્યો. એ વખતે બાજુવાળા સદ્‌ગૃહસ્થે પોતાનું ટિફિન ખોલ્યું અને જમવાનું શરૂ કર્યું. ખાદ્યપદાર્થોની સુગંધ નાકમાં જતાં જ આ ભાઈએ ઘડિયાળ સામું જોયું. 'અરે, સવાબાર થઈ ગયા છે ! ચાલો, હુંય જમી લઉં.'

સદ્‌ગૃહસ્થના ટિફિને પોતાનો ભાથાનો ડબ્બો યાદ કરાવ્યો. થેપલાં ને સુખડી પોતાની પાસે છે જ. યાદ પેલા સજ્જને કરાવી.

પ્રભુનો સમાધિરસ જોતાં પોતાની ભીતર રહેલ તેવા જ રસની યાદ સાધકને આવે છે.

પછી શું થાય છે ?

બે વાત કરી છે અહીં : 'સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ, સત્તાસાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ...'

સીધી જ પ્રક્રિયા મૂકી છે : ખાવાના સમયની યાદ આવતાં છાપું વગેરે ઊંચું મુકાય છે અને ભાથાનો ડબ્બો ખોલીને જમવા માટેની પ્રક્રિયા શરૂ થાય છે.

અહીં પણ, સ્વમાં જવાની પ્રક્રિયા સિવાયની બધી જ, વિભાવની ઉપાધિઓથી મન હટી જાય છે અને અનંત ગુણમયી સ્વસત્તાને પામવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રૂપ માર્ગ તરફ પ્રયાણ થાય છે.

• • •

સ્વરૂપની યાદ...

કેટલી તો મધમીઠી છે એ !

એ યાદ આવતાં પર તરફ જે ક્ષણે ક્ષણે જવાતું હતું, તે બંધ થયું. 'સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ...'

અહીં મન શબ્દ બહુ જ સટીક રીતે આવ્યો છે. મનમાંથી બધા જ વિભાવો ખરી પડ્યા. સમાધિ-શતકે સાધક માટે મૂકેલ સરસ વિશેષણ યાદ આવે : 'જો ખિનુ ગલિત વિભાવ.'

આવો જ સરસ પ્રસંગ પરમપાવન ઉત્તરાધ્યયન સૂત્રના મૃગાપુત્રીય અધ્યયનમાં આવે છે. મૃગાપુત્ર સંસારને ત્યાગીને દીક્ષા લેવા જઈ રહ્યા છે ત્યારે સૂત્રકાર મહર્ષિ કહે છે : 'रेणुयं व पडे लग्गं, निद्धुणित्ताण निग्गओ ।' કપડા પર પડેલી ધૂળને ખંખેરીને કોઈ ચાલી નીકળે તેમ મૃગાપુત્ર ચાલી નીકળ્યા.

સ્વભાવની દુનિયા ગમી : વિભાવો છૂટ્યા.

• • •

પ્રારંભિક સાધકે એક સાવધાની રાખવી જરૂરી છે. વિભાવો ખટક્યા, થોડી વાર ગયા; પાછા આવી જશે.

તો શું કરવું ?

આચારાંગ સૂત્રમાં પ્રભુએ આ માટે સરસ સાધના આપી છે : 'पडिलेहाए णावकंखति, एस अणगारेत्ति पवुच्चति...' પ્રભુ મજાની વાત

કરે છે : ભાઈ ! તું વસ્ત્રોનું પડિલેહણ કરે છે, પણ મનનું પડિલેહણ કરે છે ? અને, જ્યાં મનનું પડિલેહણ થશે ત્યાં મનમાં રહેલ વિભાવો નીકળી જ જશે.

એટલે વિધિ એ થઈ કે મનને જોવાનું સતત ચાલુ રહેવું જોઈએ.

● ● ●

ઝેન ગુરુએ વિહાર કરતા શિષ્યને કહ્યું : તું પહેલા મુકામે રેલવે સ્ટેશનની બાજુની ધર્મશાળાએ પહોંચીશ. ત્યાં તું એક રાત રોકાઈશ. એ ધર્મશાળાના મુનીમને તું ખાસ જોજે. એ મુનીમના ક્રિયાકલાપને તું જોજે. તને ભીતર ઊતરવાના પાઠો મળી જશે.

શિષ્ય સાંજના સમયે એ ધર્મશાળાએ પહોંચ્યો. મુનીમે એને રૂમ આપી. રૂમ આપીને પોતાની ખુરશી પર એ બેસી ગયો. ગાડી આવી અને યાત્રીઓ આવતાં તેણે યાત્રીઓને રૂમ આપી. સાંજે તપેલીમાં ખીચડી બનાવી, ખાધી. તપેલી સાફ કરી કબાટમાં મૂકી સૂઈ ગયો.

શિષ્યને તો ગુરુએ કહેલું એટલે મુનીમના ક્રિયાકલાપને એણે જોવાનો હતો. એણે મિનિટ-મિનિટની મુનીમની ક્રિયા જોઈ; પરંતુ એમાં એને કંઈ નવીનતા ન દેખાઈ; ન સાધનાપોષક કોઈ તત્ત્વ તેને એમાંથી જડ્યું.

સવારે મુનીમ ઊઠે તે પહેલાં એ ઊઠી ગયો. મુનીમે પ્રાતઃકૃત્ય કરી કબાટ ખોલ્યું. તપેલી લીધી. તેને ધોઈને સ્વચ્છ કરી તેમાં દૂધ ગરમ કર્યું. પીધું.

શિષ્ય થોડીવાર પછી ત્યાંથી નીકળ્યો. વિહારનો તબક્કો પૂરો કરી એ ગુરુજી પાસે આવ્યો. એણે કહ્યું : ગુરુજી, એ મુનીમમાં એવું તો કંઈ મને દેખાયું નહિ.

ગુરુએ એને પૂછ્યું કે એણે શું શું જોયું હતું. એણે બધું કહ્યું. ગુરુએ કહ્યું : સાંજે તપેલી ધોઈને એણે કબાટમાં મૂકેલી. છતાં સવારે એણે

ફરીથી વીંછળી, ધોઈ. એનો મતલબ તું સમજ્યો ? લાકડાના કબાટમાં તિરાડ વાટે પણ જે ધૂળ ગઈ હોય એને તેણે સાફ કરી.

મન પર આ રીતે વિભાવોની ધૂળ લાગ્યા જ કરે છે. એથી એ ધૂળને સતત સ્વાધ્યાય, પ્રભુસ્મરણ આદિ વડે કાઢી નાખવી જોઈએ. મનનું પાત્ર થઈ જાય સ્વચ્છ !

● ● ●

આત્મસ્વરૂપનું સ્મરણ વિભાવોની સ્મૃતિનો છેદ ઉડાડે છે. એટલે એ પણ એક માર્ગ થયો કે સતત સ્વરૂપની ઝાંખી થયા કરે એવા 'સમાધિશતક' જેવા ગ્રંથોને રટતા રહેવું.

'સમાધિશતક'ની પહેલી કડીમાં ગ્રંથકાર લખે છે : 'કેવળ આતમબોધ કો, કરશું સરસ પ્રબન્ધ.' રચનાનો ઉદ્દેશ છે માત્ર આત્મબોધ. સ્વને જાણો. સ્વમાં ડૂબો. અને એની સામે પરને છોડો...

એકસો પાંચ કડીઓ. પણ કહેવાનું આટલું જ. સ્વમાં ડૂબીને ભીતરની મસ્તી જેમણે માણી છે એ મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ બીજું કહે પણ શું ?

● ● ●

'સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ...' અહીં સકલ પદ પણ બહુ મજાના આયામમાં મુકાયું છે. સામાન્ય રીતે, અમુક વિભાવોથી મન ગ્લાનિ પામે છે. બધા જ વિભાવોથી ક્યારેક જ એ દૂર હટે છે.

એકના એક ઘરમાં રહીને કંટાળેલો માણસ ફરવા જાય છે. ઘર જૂનું હોય તો એને નવું બનાવે છે અથવા નવા વિસ્તારમાં નવો બંગલો ખરીદે છે.

રોટલીથી થાકેલો માણસ ભાખરીને પસંદ કરે કે ભાખરીથી થાકેલો માણસ પરોઠાને પસંદ કરે એવું છે આ. અહીં વિભાવો છૂટતા નથી, માત્ર બદલાય છે.

એક ફિલોસોફરે આજના માણસના સુખની વ્યાખ્યા કરતાં કહેલું કે ડુંગર પર ડોળીમાં કો'ક યાત્રીને બેસાડીને જતો ડોળીવાળો એનો જમણો ખભો દુખતાં ડાબે ખભે ડોળીનું લાકડું મૂકે છે. ત્યારે તેને હાશ થાય છે. પણ એ હાશ કેટલી ક્ષણની ? ફરી આ ખભો દુખતાં બીજી બાજુ...

જેનાથી પોતે થાક્યો એવા એકાદ વિભાવથી અને એ પણ થોડા સમય માટે મુકાવાની વાત નથી આ. બધા જ વિભાવો થકી લાંબા સમય માટે મુકાવાની વાત છે.

મનના સ્તર પરથી તો વિભાવ ગયા જ.

ક્રોધ પણ લાંબો ચાલે તો કદાચ મનુષ્યને એનો થાક લાગે છે; પરંતુ થોડા સમય પછી પાછો એ ક્રોધને શરણે જાય જ છે. વિભાવનો થાક બરોબર નથી લાગ્યો. વિભાવો મનમાંથી હટ્યા નથી; કારણ કે એ એવા ડંખ્યા નથી.

● ● ●

એવા સાધકોને જોયા છે, જેમને શબ્દોનો પણ થાક લાગે, વિચારોનો પણ.

વધુ બોલવું પડે કે વિચારવું પડે તો તેઓ થાકી જાય. પછી ધ્યાનમાં જઈને તાજા થાય.

બે સદ્‌ગુરુઓ વિહારયાત્રામાં એક સ્થળે ભેગા થયા. એક જ મકાનમાં ઊતર્યા. બાજુ-બાજુમાં બેઉનાં આસનો. બન્નેનાં શિષ્યવૃન્દોને થયું કે આજે તો જલસો ! આવા મોટા બે ગુરુઓ કેવી તત્ત્વચર્ચા કરશે. આપણે સાંભળ્યા કરીશું.

બન્ને ગુરુઓએ એકબીજાને શાતા પૂછી. આખો દિવસ બાજુમાં બેસવા છતાં કાંઈ જ ગોષ્ઠી એમના વચ્ચે ન થઈ. બીજી સવારે અલગ અલગ દિશામાં બેય ગુરુઓ વિહર્યા.

બન્ને ગુરુઓનાં શિષ્યવૃન્દોએ પોતપોતાના ગુરુદેવ આગળ ફરિયાદ કરી : અમારી તો કેવડી મોટી આશા હતી કે આપ બેઉ કેવી જ્ઞાનગોષ્ઠી કરશો. આપ તો કશું બોલ્યા જ નહિ.

બેઉ ગુરુઓએ પોતાના શિષ્યવૃન્દને આપેલ ઉત્તર એક સરખો હતો : ‘અનુભૂતિની સોય હાથવગી હતી, ત્યાં શબ્દોની તલવાર વાપરવાનું અમારે પ્રયોજન જ ક્યાં હતું ?’

કેટલી સરસ, હૃદયંગમ વ્યાખ્યા !

અનુભૂતિની સોય.

શબ્દોની તલવાર...

અનુભૂતિમાં ડૂબેલ વ્યક્તિત્વ પાસે શબ્દો શી રીતે રહેશે ? શબ્દ પણ વિભાવ છે. અને વિભાવ મનમાંથી ગયો.

● ● ●

યુવા પ્રવચનકારોએ એક વાર મને પૂછેલું : તમારી પરિભાષામાં સફળ પ્રવચનકાર કોણ ?

મેં કહેલું : પોતાના શબ્દો પરની શ્રદ્ધા જેની હટી ગઈ તે સફળ પ્રવક્તા. પ્રભુના શબ્દો પર જ એની શ્રદ્ધા હશે.

મેં ઉમેરેલું : અનુભવ તો એ તમને થવો જોઈએ કે પ્રભુ તમારા કંઠનો ઉપયોગ કરી રહ્યા છે. અને એથી પ્રવચન આપવાની એ દેખીતી ક્ષણોમાં અનુભવ એવો હોય કે ‘એ’ બોલે છે, તમે સાંભળો છો. પરમાત્માને સાંભળવાની કેવી મજા આવે !

રવીન્દ્રનાથ ટાગોર યાદ આવે : પ્રભુ ! હું તો બાંસુરી છું. હવા થઈને તું વહે છે મારી ભીતરથી. અને એટલે જે કંઈ સંગીત સર્જાય છે એની માલિકીયત તારી જ છે.

● ● ●

પ્રભુનું દર્શન,

આત્મદશાનું સ્મરણ,

મનમાંથી વિભાવનું ખરી જવું

અને

સ્વરૂપ પ્રાપ્તિના માર્ગ ભણી ચાલી ઊઠવું.

પહેલી કડી કેવી સરસ રીતે ખૂલે છે ! કાર્ય-કારણભાવની શૃંખલા રચાતી જાય છે અને સાધકનો પગ સ્વની દુનિયા ભણી મંડાય છે.

■ ■ ■

## (૨) આધારસૂત્ર

દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ,
સત્તાસાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ... ૧

સમાધિરસથી પૂર્ણ પ્રભુનું દર્શન થયું અને એ સાથે જ આત્મસ્વરૂપનું સ્મરણ થયું, વિભાવોથી દૂર હટવાનું થયું અને સ્વસત્તાને પ્રાપ્ત કરવા માટે સમ્યગ્દર્શનાદિના પથ પર ચાલવાનું થયું.

### સાધનાક્રમ

- સમાધિરસથી પૂર્ણ પ્રભુનું દર્શન.
- આત્મસ્વરૂપનું સ્મરણ.
- વૈભાવિક ઉપાધિઓનું દૂરીકરણ.
- સ્વરૂપ પ્રાપ્તિના માર્ગ ભણી પ્રયાણ.

૩

# સાધનાનાં ચાર ચરણો

પ્રભુ ! તમે જ્ઞાતાભાવે જગતને જુઓ છો. બધા દ્રવ્યોને પોતાની શુદ્ધ સત્તાથી પરિપૂર્ણ તરીકે જુઓ છો. પરની પરિણતિને અદ્વેષપૂર્ણ રીતે આપ ઉપેક્ષિત કરો છો. અને પોતાની અનંત શક્તિના આપ ભોક્તા છો, તેમ અવલોકો છો.

શિષ્ય સદ્‌ગુરુ પાસે આવ્યો. એને લાગેલું કે આત્માનુભૂતિ પોતાને થઈ ગઈ છે. એણે સદ્‌ગુરુને એ અંગે પૂછ્યું. ગુરુએ એના ચહેરા પર જોઈ જવાબ આપ્યો : આ પાણીમાં તો હોડકુંય તરે એમ નથી !

શિષ્ય સમજી ગયો કે એ જે અનુભવને આત્માનુભૂતિનો સમંદર કલ્પે છે; ગુરુની નજરમાં તે છીછરા ખાબોચિયાથી વધુ કંઈ નથી.

એ જંગલમાં ગયો.

આત્માનુભૂતિની દુનિયામાં જવાય એટલો ઊંડે એ ગયો. થોડીક સંતુષ્ટિ થતાં એ ગુરુદેવ પાસે ગયો. ગુરુએ કહ્યું : હવે હોડી તરી શકે એમ છે.

ત્રીજીવાર ગુરુ પાસે સાધક ગયો ત્યારે ગુરુએ એને બાંહોમાં સમાવ્યો અને કહ્યું : હવે

સ્ટીમરો ચાલી શકે એટલું પાણી છે. મતલબ કે આત્માનુભૂતિએ સારું એવું ઊંડાણ પ્રાપ્ત કર્યું છે.

• • •

અશબ્દ-વાચનામાં આત્માનુભૂતિની દિશામાં જવાનાં સાધકનાં ચાર ચરણો સ્તવનાની પ્રસ્તુત કડીમાં આવી રહ્યા છે :

*તુમે પ્રભુ ! જાણંગ રીતિ સર્વ જગ દેખતા હો લાલ,*
*નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ;*
*પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ,*
*ભોગ્યપણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ.....*

આ કડીની બે વાચના થશે : શબ્દ વાચના અને અશબ્દ વાચના.

શબ્દ-વાચનામાં કડી પ્રભુ તરફ ખૂલે છે. અશબ્દ-વાચનામાં કડી સાધક તરફ ખૂલશે.

ક્રમશઃ બેઉને જોઈએ.

• • •

'તુમે પ્રભુ! જાણંગ રીતિ સર્વ જગ દેખતા હો લાલ...' પૂરી દુનિયાને પ્રભુ જ્ઞાતાભાવ/દ્રષ્ટાભાવ વડે જુએ છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે પ્રભુ જુએ છે, જાણે છે; પરંતુ ન તો સારા પ્રત્યે રાગ છે; ન ખરાબ પ્રત્યે દ્વેષ છે. પ્રભુ માત્ર જાણી રહ્યા છે. જોઈ રહ્યા છે.

• • •

'નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ.' પ્રભુ સર્વ દ્રવ્યોને પોતપોતાની સત્તા વડે શુદ્ધ, નિર્દોષ, નિઃસંગ જાણે છે.

સંસારી આત્મામાં શરીર અને આત્માનો સંયોગ અને એમાં ઉપજતી મમત્વ બુદ્ધિ તે આત્માને વિભાવ-પરિણતિથી યુક્ત બનાવે છે; પરન્તુ

પ્રભુ દરેક આત્માને તેના મૂળ સ્વરૂપમાં શુદ્ધ, ગુણોથી પરિપૂર્ણ જોઈ રહ્યા છે.

● ● ●

'પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ.' કામ-ક્રોધ વગેરે તત્ત્વો, જ્ઞાનાવરણીય આદિ કર્મ એ બધું છે પર-પરિણતિ. પ્રભુ પર-પરિણતિની ઉપેક્ષા કરે છે, આદર નથી કરતા; પરન્તુ એ ઉપેક્ષા અદ્વેષપૂર્વકની છે.

દ્વેષપૂર્વક કામ-ક્રોધાદિની ઉપેક્ષા, ત્યાગ એ ઉપેક્ષા કે ત્યાગ નથી જ.

પ્રભુ તો વીતદ્વેષ છે. દ્વેષ કઈ રીતે થશે ?

● ● ●

'ભોગ્યપણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ.' પ્રભુ સ્વગુણોનો ભોગ કરે છે.

અનન્ત ગુણમય, પરમ ચૈતન્યરૂપ, પરમાનન્દ સ્વરૂપ, સહજ સુખરૂપ નિજ શક્તિનો પ્રભુ ભોગ કરી રહ્યા છે.

● ● ●

આ થઈ શબ્દ-વાચના.

હવે અશબ્દ-વાચના.

અશબ્દ-વાચનામાં કડીનાં ચાર ચરણોમાં ચાર સાધનાઓ અપાઈ છે.

પહેલા ચરણની સાધના બાહ્યજગતની જોડે સંબદ્ધ છે. સાધકનો બહારના જગત જોડે સંબંધ કેવો હશે ? જ્ઞાતાભાવ પ્રેરિત સંબંધ હશે ત્યાં.

પોતાની નજીક રહેલ પદાર્થોને સાધક બે ભાગોમાં વહેંચશે : જરૂરી, બિનજરૂરી.

બિનજરૂરી પદાર્થોની કોઈ વિચારણા એના મનમાં પ્રવેશશે નહિ. પોતાની સાધના માટે જરૂરી પદાર્થોને એ જાણશે; પણ મૂર્ચ્છા વગર.

એક મુનિરાજ પોતાની પાસે રહેલ વસ્ત્ર, પાત્રને ઓળખે છે; પણ એ પદાર્થો સાથે રાગાત્મક સંબંધ તેમનો નથી. વસ્ત્ર, પાત્ર સાધના માટે જરૂરી છે; માટે એ રાખે છે. પણ એ પર રાગ શેનો હોય ?

મુનિનું પૂરું અસ્તિત્વ પ્રભુથી ઓતપ્રોત છે. ત્યાં બીજાને રહેવાની ગુંજાઈશ જ નથી ને ! હા, શરીરના સ્તર પર વસ્ત્રો રહી શકે; પરંતુ ગમા-અણગમાના સ્વરૂપે મનમાં એમનો પ્રવેશ વર્જિત છે.

લીચિના જીવનની ઘટના મને યાદ આવે છે. લીચિ યુવાન હતો. તેના ગામમાં આવેલ મઠમાં એક પ્રભાવશાળી સંત આવ્યા. લીચિ એમને વંદન કરવા ગયો.

સંતે લીચિના ચહેરા પરના વૈરાગ્યને જોઈને પૂછ્યું : 'દીક્ષાની કેટલી વાર છે ?' પહેલી જ વાર પોતાને મળેલ સાધક. પણ ગુરુ ફેઈસ-રીડિંગની કળાના સ્વામી હતા ને !

લીચિ કહે છે : ગુરુદેવ ! દીક્ષાનો વિચાર તો છે, પરંતુ મનમાં અવઢવ ચાલ્યા કરે છે : દીક્ષામાં કેવું ફાવશે ? મનમાં વિકલ્પો ચાલતા રહેવાના કારણે નિર્ણય લેવાતો નથી.

ગુરુ હસ્યા. એમણે કહ્યું : વાહ ! તું ખરો બુદ્ધિશાળી ! જે મને, વિચારોએ, તારી બુદ્ધિએ તને અગણિત વાર નરક અને નિગોદની સફર કરાવી; એ બુદ્ધિને તારે પૂછવા જવું છે ?

એવો એક જોરદાર પ્રહાર બુદ્ધિ પર લાગ્યો કે બુદ્ધિ છૂ થઈ ગઈ ! એણે કહ્યું : ગુરુદેવ ! અત્યારે જ મને દીક્ષા આપો. હું આપનાં શ્રીચરણોને સમર્પિત થવા ઇચ્છું છું.

ગુરુએ લીચિને દીક્ષા આપી. અને એ વખતે પોતાના સંપ્રદાયની પરંપરા પ્રમાણે પોતાની ચાદર લીચિને ઓઢાડી. પરંપરામાં બહુ જ મોહક રીતે કહેવાયું કે લીચિએ ગુરુને ઓઢ્યા હતા.

સાધક આ રીતે પ્રભુને ઓઢવા ચાહે છે; એકાદ સેન્ટીમીટર પણ પોતાના અસ્તિત્વનો હિસ્સો પ્રભુની બહાર ન હોય એ રીતે.

પ્રભુને, પ્રભુની આજ્ઞાને પૂરેપૂરી ઓઢવી છે. પછી પરમાં ક્યાંથી જવાશે ?

● ● ●

સાધક સતત સ્પર્શતો હોય પ્રભુને. અને શ્વસતો હોય પણ પ્રભુને.

હિંદુ ગુરુએ વાચનામાં કહ્યું : તમે નદીને ઊતરો ત્યારે પાણીને સ્પર્શતા ન હો એ સાવધાની જરૂરી છે.

શિષ્યો સમજી ગયા કે ગુરુ શું કહેવા માગે છે. ઘટનાની નદીથી અણસ્પર્શાયેલા રહેવાની આ વાત હતી. થોડાક મહેમાનો આવેલા, તેઓ આ વાત સમજ્યા નહિ. એમને થયું કે ભાઈ, ગુરુ મહારાજ તો આકાશમાં ઊડી શકે તેવી લબ્ધિવાળા હશે. એથી તેઓ નદી ઊતરે તોય પાણીનો સ્પર્શ ન થાય.

બીજા જ દિવસે ગુરુને ક્યાંક બહાર જવાનું થયું. આશ્રમ નદીને કાંઠે હતો. મહેમાનોએ વિચાર્યું કે જોઈએ, ગુરુ મહારાજ શી રીતે નદી ઊતરે છે. સામાન્ય મનુષ્ય ઊતરે તે રીતે જ ગુરુ નદીને પેલે પાર ગયા. મહેમાનો વિચારમાં પડી ગયા.

બપોરે ગુરુએ એ સંદર્ભમાં કહેલું : નદી ઊતરાઈ ત્યારે પાણી કદાચ મારા પગને સ્પર્શ્યું હશે. પણ હું તો માત્ર ને માત્ર પ્રભુને જ સ્પર્શતો હતો.

પ્રભુને સ્પર્શે સાધક.

પરનો સ્પર્શ એને શી રીતે થઈ શકે ?

● ● ●

'જાણંગ રીતિ સર્વ જગ દેખતા હો લાલ...' બાહ્ય જગત જોડે જ્ઞાતાભાવ વડે રહેવાનું : આંતર જગતમાં જવાની કેવી મજા !

એકવાર ભીતર ડૂબાયું. ભીતરની વૈભવી દુનિયાને સ્પર્શાયું. એ વૈભવ મણાયો. હવે બહાર રસ કેવો ? ફરજના ભાગરૂપે બહાર અવાશે. તે તે ક્રિયાકલાપમાં જોડાઈ પણ જવાશે. પરંતુ ભીતર લિપ્તતા નહિ હોય.

દશવૈકાલિકસૂત્રનું એક ગાથાસૂત્ર આ સંદર્ભે યાદ આવે : 'ण य दिट्ठं सुअं सव्वं, भिक्खू अक्खाउमरिहइ ।' એનો એક અર્થ આવો છે : જોયેલું અને સાંભળેલું બધું સાધુ કહી શકતા નથી.

આ ગાથાસૂત્રનું ઊંડાણ મજાનું છે. કંઈક જોવાયું, કહો કે આંખોએ કંઈક જોયું; કાને કંઈક સાંભળ્યું; સાધક તો છે ભીતર; એને શો ખ્યાલ હોય ? અને એથી જોયેલું કે સાંભળેલું તે કહી શકતો નથી.

કબીરજી કહે છે : 'કાનોં સુની સો ઝુઠિ સબ...' અને આંખે દેખ્યું તે કેવું ? પરંપરાની પ્યારી કથા યાદ આવે. સ્થૂલભદ્ર મુનિની સાત સાધ્વી-બહેનો ગુરુદેવને પૂછે છે : અમારા ભાઈ મહારાજ ક્યાં છે ?

ગુરુદેવે કહ્યું : પેલી ગુફામાં તે છે. સાધ્વી-બહેનો એ બાજુ જાય છે. સ્થૂલભદ્રજીને પોતાના જ્ઞાનથી સાધ્વી-બહેનો આવી રહી છે એ ખ્યાલ આવતાં પોતાની વિદ્યાનો પ્રભાવ બતાવવા એમણે સિંહનું રૂપ ધારણ કર્યું.

સાધ્વીજીઓ આવ્યાં. ગુફામાં ભાઈ મહારાજને બદલે સિંહને જોઈ ગભરાઈ ગયા. 'ભાઈ મહારાજ ક્યાં ?' ગુફામાં આજુબાજુ કોઈ ખાંચો નહોતો. 'શું થયું ?' સાધ્વીજીઓ ગુરુદેવ પાસે આવ્યાં. 'સાહેબજી ! ત્યાં તો ભાઈ મહારાજ નથી.' ગુરુદેવે પોતાના જ્ઞાનથી ઘટનાને જોઈ. એમણે એ પણ જોયું કે હવે સ્થૂલભદ્ર મૂળ રૂપમાં આવી ગયો છે. તેમણે કહ્યું : જાવ ! તમને ત્યાં જ સ્થૂલભદ્ર મળશે. અને સાતે સાધ્વી-બહેનો એ

તરફ ચાલી : પગમાં સહેજ પણ કંપ નથી. 'નજરે જોયેલું ખોટું હોઈ શકે. ગુરુદેવ કહે તે ખોટું ન જ હોય.'

• • •

જ્ઞાતાભાવે જગતને જોવું છે. પૂજ્યપાદ આનન્દઘનજી મહારાજ સાધકની આ જાણવાની રીત અંગે કહે છે : 'સબ મેં હૈ ઔર સબ મેં નાંહિ, તૂ નટ રૂપ અકેલો; આપ સ્વભાવ વિભાવે રમતો, તૂ ગુરુ ઔર તૂ ચેલો...'

સાધક ઉપયોગના સ્તર પર પોતાની આજુબાજુના પદાર્થોમાં હોય છે; પણ રાગાત્મક કે દ્વેષાત્મક લયમાં એ કશામાં હોતો નથી. અને પછી મજાની વાત કરી : સ્વભાવમાં રહે તે ગુરુ, વિભાવમાં આથડે તે શિષ્ય; એની પ્રારંભિક સાધના છે ને !

• • •

બીજા ચરણની સાધના મુખ્યતયા ચેતના-જગત સાથેના વર્તાવ અંગેની છે. 'નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ.' દરેક આત્મા ગુણવૈભવથી પરિપૂર્ણ લાગે સાધકને.

જ્ઞાનસાર યાદ આવે : 'सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यते।' અત્યાર સુધી ઘણી બધી વ્યક્તિઓ અપૂર્ણ લાગતી હતી; દોષોથી ભરેલી લાગતી હતી; કારણ કે આપણો જોવાનો દૃષ્ટિકોણ ખામીવાળો હતો.

ઝરિયાની કોલસાની ખાણમાં કામ કરીને સાંજે કોઈ મજૂર નીકળે તો તેનું શરીર કોલસાની રજકણથી રજોટાયેલું હોય. તે કાળો હબસી જેવો તે વખતે દેખાતો હોય. પણ એને ઓળખનાર વ્યક્તિ જો જાણતી હોય કે આ તો છગન છે, અને એ બહુ જ ગોરો છે; જ્યાં નળ નીચે બેસશે અને ઉપરથી કોલસાની રજકણો નીકળી જશે ત્યારે એ એકદમ ગોરો દેખાવાનો જ છે.

આપણે દોષોથી ભરેલા દેખાતા કોઈ વ્યક્તિત્વનું - શાસ્ત્ર ચક્ષુ દ્વારા - આવું સોહામણું ભવિષ્યનું રૂપ જોઈ શકીએ ?

• • •

એક બીજો દૃષ્ટિકોણ દોષોની દુનિયા પ્રત્યે.

પરિચિત વ્યક્તિ છે. સ્વસ્થ. અને અચાનક સાંભળ્યું કે તેને કેન્સર થયું છે; શો પ્રતિભાવ આપણો હોય ? હમદર્દીથી ભરેલ હોય પ્રતિભાવ : અરે, એમને કેન્સર થઈ ગયું ? શબ્દોમાં સહાનુભૂતિ, ભીનાશ ટપકતી હો[illegible]

આ જ નિયમ દોષોની દુનિયામાં લાગુ ન પડે ? પરિચિત વ્યક્તિમાં રાગ, દ્વેષની તીવ્ર માત્રા છલકાયેલી જોવા મળે ત્યારે સહાનુભૂતિનો ભાવ પેદા થાય ને ?

આપણો જીવદ્વેષ અહીં નિયમને બદલી નાખે છે, જે કારણે આપણને અહીં સહાનુભૂતિને બદલે તિરસ્કારનો ભાવ થાય છે.

બૌદ્ધિક રીતે આપણને પ્રતીત થાય કે રોગોની દુનિયામાં જે નિયમ છે એ જ દોષોની દુનિયામાં લાગુ પડવો જોઈએ. પણ પ્રતીતિ અલગ રૂપે થાય છે.

સાચી પ્રતીતિ માટે શું કરી શકાય ?

પ્રમોદભાવને વધારવો તે સમ્યગ્ ઉપાય છે.

• • •

મનુષ્ય-સહજ નબળાઈઓ સાધકમાં ન જોઈએ. માનવ-સહજ નબળાઈ આ છે : આઠ કે દશ સભ્યોનું કુટુંબ હોય તો પોતાના સિવાયના સાત કે નવ સભ્યોમાં કઈ ઊણપો - માઈનસ પોઈન્ટ્સ - છે તેનો ખ્યાલ આવવો.

સાધકમાં આ નબળાઈ ન પેસી જાય માટે તેણે પ્રમોદભાવ સ્વીકારવો જોઈએ. પોતાના સિવાયના જેટલા સાધકો પોતાના વૃન્દમાં છે, એ એક એક સાધકના ગુણોને અહોભાવપૂર્વક વિચારવા.

આ પ્રમોદભાવ તિરસ્કારભાવને રોકશે.

● ● ●

એક બીજો પણ સરસ ઉપાય. 'નમો સિદ્ધાણં' પદ દ્વારા ત્રણે કાળના સિદ્ધ ભગવંતોને આપણે નમીએ છીએ. ભૂતકાળના સિદ્ધ ભગવંતોને પ્રણમ્યા. વર્તમાનકાળમાં મહાવિદેહ ક્ષેત્રમાંથી મુક્તિને પામનાર સિદ્ધ ભગવંતોને પણ આપણે પ્રણમીએ. પણ ભવિષ્યના સિદ્ધ ભગવંતોનું શું ?

કોઈક વ્યક્તિ પર તિરસ્કાર મનમાં આવ્યો ન આવ્યો ને તરત જ 'નમો સિદ્ધાણં' પદ યાદ આવી જાય તો ? તમે એ વ્યક્તિને નમી રહો. ઝૂકી રહો...

● ● ●

પ્રમોદભાવ વધારવા માટે એક મજાની વિચારણા. અગણિત જન્મોથી આપણા 'હું'ને આપણે કેન્દ્રમાં રાખેલું. વ્યક્તિઓ પણ એ જ સારી લાગેલી; જેમણે આપણા 'હું'ને પુષ્ટ કર્યું.

અગણિત જન્મોની આ ભૂલનું પ્રાયશ્ચિત્ત આ જ હોય : આપણા 'હું'ને કેન્દ્રમાંથી પરિઘમાં મૂકી દઈએ. અને બધા જ પ્રાણિઓને કેન્દ્રમાં લાવીએ.

દશવૈકાલિક સૂત્રે આ જ વાત કરી : 'सव्वभूयप्पभूअस्स...' ભાઈ, તું સર્વ પ્રાણિઓનો મિત્ર બન ! સરસ વાત થઈ. ગમે એવી વાત. સર્વ-મિત્ર થવાનું કોને ન ગમે ?

પણ એ માટેનો માર્ગ કયો ? 'सम्मं भूयाइं पासओ.' સમ્યક્ રીતે પ્રાણિઓને જોવા તે આ માટેનો માર્ગ છે. અત્યાર સુધી બીજાઓનો

ઉપયોગ 'હું'ને પુષ્ટ કરવા જ કર્યો; આ અસમ્યક્ રીત હતી. દરેક પ્રાણિમાં રહેલ સિદ્ધત્વને પિછાણવું તે સમ્યક્ રીત છે.

એક કીડીનો આત્મા આપણા કરતાં વહેલા સિદ્ધ નહિ થાય એમ કોણ કહી શકે ?

અગણિત જન્મોની અહંકેન્દ્રિતતાનું પ્રાયશ્ચિત્ત આ પણ થશે : આપણી જાતને આપણે સહુથી હીન તરીકે સ્વીકારીએ. એક વૃક્ષ બીજાને છાંયડો આપે છે; હું એવી છાયા બીજાને નથી આપી શકતો; માટે હું એ વૃક્ષ કરતાંય હીન છું.

ભક્ત કવિ સૂરદાસજી યાદ આવે : 'મોં સમ કૌન કુટિલ ખલ કામી, જિન તનુ દિયો સો હી બિસરાયો, ઐસો નિમકહરામી.'

• • •

આપણી પોતાની અવધારણાના/માન્યતાના ચશ્માથી આપણે લોકોને જોયા છે.

અરે, સદ્ગુરુને પણ પોતાની અવધારણા વડે જ જોવાનું થયું છે ને?

એક ભાઈ મને મળેલા. મને કહે કે અમુક સાહેબ મારા સદ્ગુરુ હતા. પણ પછી એમણે એક પ્રવૃત્તિમાં ભાગ લીધો (સાધુતાને વિઘાતક એ પ્રવૃત્તિ નહોતી, માત્ર પોતાને એ ગમતી નહોતી), મેં ત્યારથી એમને ગુરુ માનવાનું છોડી દીધું.

મેં વાત સાંભળી. પ્રતિભાવ ન આપ્યો. એ ભાઈને પાછો મારો પ્રતિભાવ જોઈતો હતો. મેં કહ્યું : ગુરુએ શું કરવું અને શું નહિ એ ગુરુના ગુરુ નક્કી કરી શકે. એટલે તમને ગુરુની ભૂલ જોવા કયો અધિકાર હોઈ શકે ?

કોઈ શિષ્ય જ્યારે એમ કહે કે મારા ગુરુએ આમ કેમ કર્યું ? ત્યારે હું એને, એ શિષ્યને હસતાં હસતાં પરમગુરુની પદવી આપું છું કે ભાઈ,

તું તો દાદાગુરુ બની ગયો !

● ● ●

સંત કબીરના શિષ્ય હતા સંત કમાલ. નાનકડો આશ્રમ. એકવાર એક સમ્રાટ એમને વંદન કરવા ગયો. ચરણોમાં બહુ જ કીમતી હીરો મૂક્યો. જતી વખતે સમ્રાટ પૂછે છે : આ હીરાને ક્યાં મૂકું ? કમાલે કહ્યું: જ્યાં મૂકવો હોય ત્યાં મૂકી દે. મનમાં એમણે કહ્યું : બહાર, શેરીમાં ઘણા બધા કાંકરા છે, તો આય કાંકરો જ છે ને ! નાખી દે એના ભેગો.

પંચસૂત્રકનું ચોથું સૂત્ર યાદ આવે : 'समलेट्ठुमणिकंचणे...' મણિ, સુવર્ણ અને માટીનું ઢેફું ત્રણે મુનિ માટે સમાન છે.

રાજાએ કહ્યું : ઉપર, લાકડાની વળી છે તે પર મૂકી દઉં ? સંતે હા પાડી.

સમ્રાટ બહાર નીકળ્યો. રથમાં બેઠો. પણ અવધારણાની ફ્રેમમાં એ હવે સંતના ચિત્રને ફિટ કરવા માગે છે. હું ઘણીવાર હસતો હોઉં છું કે લોકોની પોતાની અવધારણાની ફ્રેમ નાની હોય અને સદ્ગુરુનું ચિત્ર મોટું હોય તો તેઓ ચિત્રને થોડું કાપી નાખે !

સમ્રાટ વિચારે છે કે સંતે નિઃસ્પૃહી હોવાનો દેખાવ તો ઘણો કર્યો. 'હીરો જ્યાં મૂકવો હોય ત્યાં મૂકી દે.' પણ હવે થોડીવારમાં જ એ હીરો ત્યાંથી નીકળી જશે. એને વેચવાની પ્રક્રિયા શરૂ થશે અને કરોડો રૂપિયા મળતાં ભવ્ય મહાલય જેવો આશ્રમ થઈ જશે.

પાંચેક વર્ષે રાજાને ફરી એ રસ્તે નીકળવાનું થયું. પહેલાં તો વિચાર્યું કે ભવ્ય આશ્રમ થઇ ગયો હશે. પણ આશ્રમને એવો જ - પહેલાંના જેવો - જોઈ આશ્ચર્ય થયું. તોય અવધારણાના ચશ્મા હટતા નથી. વિચારે છે કે હીરાને વેચવાનો મોકો નહિ મળ્યો હોય, અથવા ભાવ સારો વધુ મળે એ માટે વિલંબ કર્યો હશે.

ઝૂંપડીમાં જઈ સંતને વન્દન કરી સમ્રાટે પૂછ્યું : પેલો હીરો ક્યાં ગયો ? સંતને તો યાદ પણ નહોતું. એ પૂછે છે : કયો હીરો ? સમ્રાટ કહે છે : પાંચ વરસ પહેલાં હું આવેલ ત્યારે મેં ભેટ ધરેલ... સંતને હજુ યાદ નથી આવતું.

મઝાનું સૂત્ર અહીં ખૂલે છે : જ્યાં રસવૃત્તિ ત્યાં સ્મરણ. તમે એ ઘટનાને ભૂલી જવાના, જે ઘટના ઘટી ત્યારે તમારો સહેજ પણ રસ નહોતો. રસવૃત્તિનો અભાવ તો સ્મૃતિનોય અભાવ. ઘટના વખતે જ તમે હાજર નહોતા, પાછળથી શી રીતે એ ઘટનાને તમે વાગોળી શકો ?

સમ્રાટના મનની અવધારણા કહે છે કે સંતને બધો જ ખ્યાલ છે. પરંતુ નિઃસ્પૃહતાનો અંચળો તો ઓઢી જ રાખ્યો છે. સમ્રાટે યાદ અપાવીઃ મેં હીરાને આપને ભેટ ધરેલો. એ પછી ઉપરની લાકડાની વળી પર એ મૂકેલો.

સંતે કહ્યું : જોઈ લ્યો ત્યાં. જો કોઈ નહિ લઈ ગયું હોય તો એ ત્યાં જ હશે. રાજા મનમાં વિચારે : ‘કોઈ નહિ લઈ ગયું હોય તો...’ પોતે જ ક્યાંક છુપાવી રાખ્યો હશે. સારી કિંમત આવે ત્યારે મેળવવા માટે...

સમ્રાટે વળી પર હાથ મૂક્યો તો એના આશ્ચર્ય વચ્ચે હીરો ત્યાં જ હતો. ધૂળના ઢગ વચ્ચે એ ત્યાં હતો. સમ્રાટ નવાઈ પામ્યો. એણે પૂછ્યુંઃ હવે આ હીરાનું શું કરવું ?

સંત કહે : મારે તો એ કશા ઉપયોગનો છે જ નહિ. લોક કલ્યાણ માટે તમે એને વાપરી શકો.

સમ્રાટ હવે રથમાં બેઠો ત્યારે તેના અવધારણાના ચશ્મા સાફ થઈ ગયા હતા.

• • •

લોકો માટેની પણ આપણી એક અવધારણા છે : આ વ્યક્તિ સારી, આ ખરાબ. હું ઘણીવાર કહેતો હોઉં છું : આપણે લોકો સ્ટીકર્સનો જથ્થો

મોટો રાખીએ છીએ. નજીકની વ્યક્તિઓ અને ઉપયોગમાં આવતા પદાર્થો પર 'સારું' કે 'ખરાબ'નું સ્ટીકર લગાવ્યા જ કરીએ છીએ.

આગળ જોયું તેમ કોઈ વ્યક્તિ ખરાબ છે નહિ. દુનિયામાં સહુથી ખરાબ હોઈએ તો માત્ર આપણે. માત્ર હું. બીજી બધી જ વ્યક્તિઓ સારી છે.

ઉપનિષદ્‌ના ઋષિ એક પ્યારો મંત્ર આપે છે : 'मित्रस्य चक्षुसा पश्य.' તું મિત્રની આંખ વડે દુનિયાના લોકોને જો. બધા જ મિત્રો જ છે.

થોડાક ઊંડા ઊતરીએ.

ઘણા બધા લોકો પર તિરસ્કાર, ગુસ્સો આવ્યા કરે છે; કારણ શું ? અપવાદ રૂપ એ જ લોકો હશે જે આપણા 'હું'ની આરતી ઉતારતા હશે.

તિરસ્કારનું મૂળ છે જીવદ્વેષ.

જીવદ્વેષ કારણિક પણ છે અને અનાદિથી પોષેલ છે માટે અકારણિક પણ ક્યારેક છે.

સમજીએ.

કારણિક જીવદ્વેષ એટલે આપણી મનગમતી વસ્તુની પ્રાપ્તિમાં જે અવરોધરૂપ બને તેના પર આપણને દ્વેષ થશે. કારણ એક જ કે પોતાના રાગના સાધનની પ્રાપ્તિમાં તે અવરોધક બન્યો.

આથી પણ ઊંડેનો એક જીવદ્વેષ છે, જેને આપણે અકારણિક તરીકે ઓળખાવી શકીએ. દેખીતું કોઈ જ કારણ ન હોય અને છતાં ચેતના પ્રત્યે તિરસ્કાર થયા કરે : આ લોભિયો છે. આ ધૂતારો છે. આ આવો છે... આને અકારણિક જીવદ્વેષ એટલા માટે કહ્યો કે અહીં તે તે વ્યક્તિ કશામાં અવરોધક નથી બન્યો... લાગે કે આપણી ચેતનામાં બહુ ઊંડે સુધી આ રોગ પ્રસરી ગયેલો છે. કોઈ પણ કારણ વિના કોઈ પણ વ્યક્તિને હલકી બતાવી દેવી. આ અકારણિક જીવદ્વેષમાંથી અને કારણિક જીવદ્વેષમાંથી સાધક નીકળી શકે.

માત્ર થોડી જાગૃતિ અને તમે જીવદ્વેષના કળણમાંથી બહાર !

• • •

રિંઝાઈ પ્રસિદ્ધ સંત હતા.

એકવાર તેઓ એક વિહારયાત્રા માટે નીકળવાના હતા. યાત્રામાર્ગ એમના માટે સાવ નવો હતો. એ યાત્રામાર્ગ પર જઈ આવેલા એક સંતે એમને કહ્યું : અહીંથી ત્રીજા મુકામે જે ગામ આવશે ત્યાં એક બાંસુરીવાદક છે. શું અદ્‌ભુત બાંસુરી એ વગાડે છે ! આપ થોડો સમય કાઢીને પણ એને અચૂક બોલાવજો અને એનું બાંસુરીવાદન સાંભળજો. એ ભક્તહૃદયી માણસ છે, એટલે આપની અનુકૂળતાએ આવીને તે બાંસુરી સંભળાવશે.

રિંઝાઈ એ ગામમાં આવ્યા. મઠમાં ઊતર્યા. એક ભાઈ આવ્યા વંદન કરવા. એમને રિંઝાઈએ પૂછ્યું : તમારા ગામમાં એક સરસ બાંસુરીવાદક રહે છે એમ સાંભળ્યું છે. મારે એનું બાંસુરીવાદન સાંભળવું છે. તો એનું નામ શું ? એને સંદેશો શી રીતે મોકલવો ?

પેલા ભાઈ કહે : સાહેબ, એ તો ચોરટો છે ચોરટો. એને જો મઠમાં પેસાડ્યોને તો તમારાં પાતરાં ને કપડાં લઈ જતો રહેશે.

એ ભાઈ ગયા. રિંઝાઈ એ ભાઈના કથનથી સહેજ પણ પ્રભાવિત ન બન્યા. એક સંત તરીકે એમને ખ્યાલ હતો કે સામાન્ય લોકો આ રીતે બીજાઓના માઈનસ પોઈન્ટ્સમાં રાચી રહેતા હોય છે.

થોડીવારે બીજા ભાઈ આવ્યા. રિંઝાઈએ તેમને પૂછ્યું : અહીં એક સરસ બાંસુરીવાદક છે એમ સાંભળ્યું છે. મને એમ પણ જાણવા મળ્યું કે કદાચ એને ચોરીની લત લાગેલી હશે; પણ મારે તો એનું બાંસુરીવાદન સાંભળવું છે.

પેલા સદ્‌ગૃહસ્થ કહે : સાહેબ, આપ એની બાંસુરીને જરૂર સાંભળો. અને સાહેબ, કોઈ નવરા માણસો હોય ને એ એના માટે નબળી

વાતો ફેલાવતા રહેતા હોય છે. પણ આપ એની બાંસુરી સાંભળશો તો આપ જ કહેશો કે આ માણસ અને ચોર; કદી ન બની શકે.

રિંઝાઈ આ ભાઈના કથનથી પ્રસન્ન થયા. બાંસુરીવાદકને તેમણે બોલાવ્યો. તેને સાંભળ્યો. વર્ષો સુધી રિંઝાઈના માનસપટલમાંથી આ વાદકની બાંસુરીના સૂરો ભૂંસાયા નહોતા.

જીવદ્વેષ કેમ આવે છે અને એ કેમ જઈ શકે છે તે બેઉ આપણે અહીં જોયું.

તમારી થોડીક જાગૃતિ : જીવદ્વેષ છૂ ! જાગૃતિની ઓછાશના સમયગાળામાં અનાદિની સંજ્ઞાઓ બીજાં વ્યક્તિત્વોમાં, ન હોય તેવા પણ, દોષો દેખાડશે અને જીવદ્વેષનું વહેણ રેલાશે.

• • •

'નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ...' દરેક આત્માને એ અનંત ગુણોથી પરિપૂર્ણ છે એ રીતે જોવાના છે.

આ થઈ બીજી સાધના.

• • •

નિમિત્તોના જગત પ્રત્યેના સાધકના પ્રતિભાવોને કડીનું ત્રીજું ચરણ શબ્દબદ્ધ કરે છે : 'પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ...'

રાગ કે દ્વેષ પેદા થાય એવું કોઈ નિમિત્ત આવી પડ્યું; તો સાધક શું કરશે ? તે નિમિત્તને હટાવશે; પરંતુ એ નિમિત્ત આપનાર કોઈ વ્યક્તિ પ્રતિ એને દ્વેષ નહિ થાય.

આવું થઈ શકે : એક મુનિવૃંદ ચાતુર્માસાર્થે એક ગામમાં જાય છે. ચાતુર્માસના પ્રવેશ પહેલાં ગામ બહારની સોસાયટીના ઉપાશ્રયમાં રહેલ હોય છે. નવરાત્રીના પહેલા દિવસે ગામના ઉપાશ્રયની આજુબાજુની માઈક સિસ્ટીમ જોરથી ચાલુ થાય છે. આખી રાત સ્વાધ્યાય, ધ્યાન વગેરે ન થયું.

પરંતુ એ મુનિવૃંદના મનમાં પણ એવો ભાવ નથી કે શું લઈ મંડ્યા છે આ બધા ? અમારો સ્વાધ્યાય વગેરે થયો નહિ... કશું જ નહિ. મુનિવૃન્દના મોવડીએ સવારે શ્રાવકવૃન્દને પૂછ્યું : ગામ બહાર સોસાયટીનો ઉપાશ્રય છે, ત્યાં આજુબાજુમાં ગરબા-મંડળો ખરા ? શ્રાવકોએ કહ્યું : ના, જી ! ત્યાં બિલકુલ અવાજ નહિ આવે. મુહપત્તિ પડિલેહણની વિધિ કરેલ હોઈ મુનિવરો રોજ સાંજે સોસાયટીના ઉપાશ્રયે નવરાત્રીમાં જઈ આવ્યા.

● ● ●

'નિમિત્ત તો ગુરુ છે' એવું સાધકો કહે છે. બુદ્ધ એક જન્મમાં પાડાના અવતારે. ઝાડ નીચે પાડો બંધાયેલ છે. ઝાડ પર એક વાંદરો રહે. જે વારંવાર પાડાને પરેશાન કરે. આંખમાં આંગળી નાખે. નખોણિયાં ભરે... પાડો કશો જ પ્રતિભાવ ન આપે. સહન કરે.

એ જ વૃક્ષ પર રહેલ એક વ્યન્તરદેવે પાડાને એની ભાષામાં કહ્યું : આ વાંદરો તને આટલો હેરાન કરે છે તો એને બોધપાઠ આપ ને ! એ નીચે ક્યારેક હોય ને તારી એક લાત એને વાગશે તોય એ ખો ભૂલી જશે.

પાડાએ કહ્યું : વાંદરો તો મારો ગુરુ છે. એનો તિરસ્કાર કેમ કરી શકાય ?

દેવને નવાઈ લાગી : વાંદરો ગુરુ શી રીતે ?

પાડો કહે છે : મારામાં સમભાવ હોવો જોઈએ એમ મને લાગે છે. હું એ માટેની સાધના પણ કરું છું; પરંતુ કોઈ પરીક્ષા ન લે તો મને શી રીતે ખ્યાલ આવે કે મારામાં સમભાવ છે. વાંદરો મારા સમભાવની પરીક્ષા કરે છે. એટલે એ મારો ગુરુ જ કહેવાય ને !

● ● ●

'શ્રીપાળ રાસ'માં પણ આવો જ સંદર્ભ મળે છે. ધવલ શેઠને જેલમાં પૂરવા માટે લઈ જવાતા હોય છે ત્યારે શ્રીપાળ કુમાર રાજસેવકોને કહે છે : એમને છોડી દો ! એ મારા ઉપકારી છે.

ધવલ શેઠે શ્રીપાળ કુમાર પર શો ઉપકાર કર્યો ? શ્રીપાળજીના મનમાં કદાચ આ જ વાત હતી કે મને સમ્યગ્દર્શન સ્પર્શેલું ત્યારે જ કહેવાય કે જ્યારે મારી ભીતર સમભાવ પ્રગાઢ રૂપે હોય. પણ એ છે કે નહિ એની ચકાસણી કોઈ કરે ત્યારેને ?

શ્રીપાળજીને લાગ્યું કે ધવલ શેઠ પોતાના સમભાવના પરીક્ષક હતા. ગુરુપદે હતા.

શ્રીપાળજીને ધવલ શેઠ દરિયામાં ફેંકે, એમનાં વહાણોને હડપવાની ચેષ્ટા કરે. અને છતાં એ જ ધવલશેઠ શ્રીપાળજીને મળે ત્યારે શ્રીપાળજીની આંખોમાં રતાશનો ટીશિયો પણ ન ફૂટે, હૃદયમાં સહેજ પણ તિરસ્કારભાવ ન ઉપજે; ત્યારે થાય કે ધવલજીએ મારી પરીક્ષા લીધી.

જો કે મને પોતાને તો શ્રીપાળજીની દૃષ્ટિ આથી પણ સૂક્ષ્મ પ્રતીત થાય છે. ધવલજીએ કામ કર્યું અને શ્રીપાળ એમને ઉપકારી માને એ તો સામાન્ય વ્યક્તિત્વ પણ કરી શકે... શ્રીપાળજીમાં ચૈતન્ય પ્રત્યે આદર હતો. રેવરન્સ ફોર લાઈફ. જ્યાં ચેતના ત્યાં આદર.

આપણા યુગના સાધનામનીષી પૂજ્યપાદ પં. ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ કહેતા કે જીવસત્તા પરનો અનાદર એ જિનસત્તા પરનો અનાદર છે. પ્રભુને બધા જ જીવો વહાલા હતા, અતિપ્રિય હતા; એ આત્માઓ પરનો આપણો પ્રેમ પ્રભુ પરની આપણી શ્રદ્ધાને અભિવ્યક્ત કરે છે.

● ● ●

નિમિત્તથી રાગ, દ્વેષ થાય એમ સામાન્ય વ્યક્તિ કહેશે. નિમિત્તો આપણને ભીતરી દુનિયામાં લઈ જાય છે એમ સાધકો કહે છે.

કો'કે કંઈક કહ્યું. બને કે તમને એ અણગમતું લાગે તેવું કથન હતું. કાનને ન ગમે તેવું, મનને ન ગમે તેવું. પણ આત્માને ગમે તેવું !

દવા માટે આવું બની શકે ને ! પ્રવાહી કડવી દવા કે સુદર્શનનો ઉકાળો જીભને પ્રિય ન લાગે; પણ શરીરને સ્વસ્થતા પ્રેરે તેવાં હોય.

તો, સામી વ્યક્તિનું કથન સીધી રીતે ગમે તેવું ન હતું. કદાચ એને મીઠાશથી બોલવાનું ફાવતું ન હતું. પણ એના કથનમાં જે સત્યાંશો હોય તેને આપણે સ્વીકારી લઈએ તો... ? તો આપણને લાભ જ લાભ છે ને!

• • •

હિંદુ પરંપરામાં ગુરુ દત્તાત્રેયની હૃદયંગમ કથા આવે છે. તેમણે એમના જીવનમાં મળેલ એક એક નિમિત્તને ગુરુ તરીકે સ્વીકારેલ.

એકવાર એમણે એક સમડીને જોઈ. જે માંસનો ટુકડો પોતાની ચાંચમાં લઈને આવેલ. એની ચાંચમાં માંસનો ટુકડો જોતાં જ બીજી માંસ-લોલુપ સમડીઓ એના પર તૂટી પડી. પેલી સમડી સમજી ગઈ કે જો હું માંસનો ટુકડો ફેંકી નહિ દઉં તો હું જ મરી જઈશ.

એણે માંસનો ટુકડો જમીન પર ફેંક્યો. બીજી સમડીએ એ ટુકડો પકડ્યો. તો એના પર બીજી સમડીઓ તૂટી પડી. આ પરંપરા આગળ ચાલી.

આ સમડીને - જેણે માંસનો ટુકડો ફેંકી દીધેલો - ગુરુ દત્તાત્રેયે ગુરુપદે સ્થાપી.

બોલો, જેટલા નિમિત્ત વધુ તેટલા ગુરુજનો વધુ ! જલસો જ છે ને! નિમિત્તોથી ગભરાવા જેવું ખરું ?

• • •

આગામી કાળમાં ઉપજનારા પર્યાયોના પરપોટાઓને જો સાધકની દિવ્યદૃષ્ટિ જોઈ શકે તો એ પણ વૈરાગ્યનું પોષક બની શકે.

એવો સાધક મહેલને ભવિષ્યકાળના ઈંટ-પથ્થરના ઢગલારૂપે જોઈ શકે અને રૂપસી કોઈ યૌવનાને શ્વેતકેશી વૃદ્ધાના રૂપમાં જોઈ શકે.

● ● ●

નિમિત્તો આટલા ઉપકારી હોવા છતાં, આપણી અણઆવડતને કારણે, આપણે તેમનો સમ્યક્ ઉપયોગ ન કરી શક્યા.

નિમિત્તો તમને પરની દુનિયામાં ઘસડી જતા નથી; તમારા ઉપાદાનની અશુદ્ધિ જ તમને એ ભણી લઈ જાય છે એમ નિશ્ચયનય કહે છે.

વ્યવહારનય કહેશે કે રાગ, દ્વેષ, અહંકારને ઉત્પન્ન કરનાર નિમિત્તોના સંસર્ગમાં સાધકે ન આવવું જોઈએ. કદાચ આવી જવાય તોય પ્રયત્નપૂર્વક નિમિત્તોને છોડી દેવાના છે; પરંતુ એ નિમિત્તોની પાછળ દેખાતા કોઈ વ્યક્તિત્વ પર દ્વેષ કરવાનો નથી. 'પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ...'

સાધક પાસે જોઈશે જાગૃતિ. એ જાગૃતિ નિમિત્તને દિશાસૂચક પાટિયાથી વધુ મૂલ્ય આપતી નથી. રોડ પર તમે ચાલતા હો ત્યારે ઘણા ગામો તરફ જતા માર્ગો એ મુખ્યમાર્ગ પરથી ફાટતા હોય છે, એ ગામોના નામને બતાવતા પાટિયા પણ હોય છે. પરંતુ એ પાટિયું તમને એ તરફ પરાણે લઈ જઈ શકતું નથી. જો તમારું ગન્તવ્ય મુખ્યમાર્ગ પર જ આવવાનું છે, તો ગમે એટલા માર્ગો ફૂટે; તમારો પગ એ દિશામાં જવાનો નથી.

એમ, સાધકનો માર્ગ જો નક્કી થઈ ગયો કે રાગ-દ્વેષની શિથિલતા એ જ મારો માર્ગ; તો એની વૃદ્ધિ કરનાર નિમિત્ત એનો માર્ગ કેમ બનશે ?

● ● ●

સ્વરૂપનો વિચાર, તેનો ભાવ, તેની અનુભૂતિ આ સાધકનો માર્ગ છે.

'સમાધિશતક' જેવા ગ્રંથોનો સ્વાધ્યાય સ્વરૂપની વૈભવી દુનિયા પ્રત્યે આપણા મનના કેમેરાને ઝુકાવશે. આવી આનંદમયી દુનિયા શું હોઈ શકે છે ? સાનન્દ આશ્ચર્ય સાધક અનુભવશે.

આ વિચાર થોડી ક્ષણો - પા કલાક, અર્ધો કલાક - સુધી મનમાં ઘૂમરાયા કરે તે છે ભાવ. વિચારોની દુનિયા અલપઝલપ હોય છે : વિચાર આવ્યો ને ગયો. ભાવોની દુનિયામાં સ્થિરતા હોય છે. એક ઘમ્મરવલોણું ચાલે : પોતાના આ ઐશ્વર્યમય સ્વરૂપને પોતે શી રીતે પામી શકે ? જેની વિભાવના કરતાં આટલો આનંદ આવે છે, એની અનુભૂતિનો આનન્દ કેવો તો દિવ્ય હશે ? મનમાં આ જ ભાવો ઘૂંટાયા કરે. અનુભૂતિવાન સદ્‌ગુરુઓને મળવાનું પણ થાય. એમનાં વચનો પર ઊંડી અનુપ્રેક્ષા/ભાવના થાય.

ભાવ અનુભૂતિમાં પલટાશે. તમને તમારા ઐશ્વર્યનો આંશિક અનુભવ થશે. તમે જ આનન્દઘન છો આ વાત સાંભળેલી, વિચારેલી; તેના પર ઊંડું ભાવન પણ થયેલું હતું. આજે તમે આનન્દઘન છો એ ઘટના તમે અનુભવો છો.

વિચાર, ભાવ, અનુભૂતિ આ છે સાધકનો માર્ગ. હવે દુર્વિચાર કે દુર્ભાવ તરફ દોરી જતાં નિમિત્તો પર સાધક નજર પણ નાખશે ખરો કે?

• • •

આવા સાધક માટે શ્રી દશવૈકાલિક સૂત્ર કહે છે : 'जयं चिट्ठे, मिअं भासे, ण य रुवेसु मणं करे...' વહોરવા ગયેલ મુનિરાજ. કોઈક ગૃહસ્થના ઘરે ગયા. વહોરી રહ્યા છે કોઈ સંત. તો આ મુનિરાજ ડેલીની અંદર ઊભા રહેશે. પણ કઈ રીતે ? ત્રણ વાતો લખી છે; જે મુનિરાજની અંતરંગ સાધનાને સૂચવે છે.

યતનાપૂર્વક તેઓ ઊભા છે. કાયાને એવી સાધેલી છે કે એક જ સ્થિતિમાં એ ઊભી રહે. સહેજ પણ આઘી-પાછી એ ન થાય.

મૌનપૂર્વક મુનિ ઊભા રહે. કોઈની જોડે કશી વાત કરવાનો ઇરાદો નથી. પોતાની જાત જોડે જ્યાં હોટલાઈન પર સંપર્ક ચાલુ થઈ ગયો; ત્યાં અન્યો જોડેના સંપર્કની વાત કેવી ? માત્ર 'ધર્મલાભ' જેવા એક-બે શબ્દો તેઓ બોલશે. બાકી કંઈ જ નહિ.

કાયયોગને ક્ષેત્રે કાયા સ્થિર. વચનયોગના ક્ષેત્રે મૌન. તો મનોયોગના ક્ષેત્રે શું હશે ? 'ण य रुवेसु मणं करे.' બહારના કોઈ પણ પદાર્થમાં મુનિનું મન જતું નથી. અંદર જ ઊતરી ગયું છેને મન !

આવા સાધક માટે નિમિત્તોની દુનિયા જેવું કંઈ ખરું ?

• • •

હું ઘણીવાર કહેતો હોઉં છું કે ભક્તના શબ્દકોશમાં નિમિત્ત શબ્દ પાને-પાને છે; પરંતુ સાધકના શબ્દકોશમાં નિમિત્ત શબ્દનું અસ્તિત્વ જ નથી.

ભક્તનો સંદર્ભ મજાનો છે : હું બોલ્યો એમ નહિ; પ્રભુ મારે કંઠેથી પ્રગટ્યા; પ્રભુએ મને નિમિત્તરૂપ બનાવ્યો : 'એ'ના શબ્દો લોકોને આપવા માટે.

સાધકનો સંદર્ભ એ છે, જ્યાં નિમિત્ત જેવું કંઈ જ નથી. મને પેલા ભાઈએ કંઈક અણગમતું કહ્યું, આવું સાધકને લાગતું જ નથી. મારું કર્મ જ આમાં જવાબદાર છે. સામે રહેલ વ્યક્તિ નહિ જ.

• • •

ચોથી સાધના સ્વની વૈભવી દુનિયામાં ઊતરવા માટેની છે : 'ભોગ્યપણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ...'

સાધક ભોક્તા છે, પણ પરરૂપનો નહિ; સ્વરૂપનો, સ્વગુણનો.

શાસ્ત્રોમાં એક સરસ દૃષ્ટાંત અપાયું છે : કૂતરો સૂક્કા હાડકાના ટુકડાને ચબાવે છે. સૂક્કું હાડકું. એમાંથી શું નીકળે ? પણ જોશથી કૂતરું

હાડકાને દબાવે ત્યારે એના પોતાના પેઢા અને દાંતમાંથી લોહી ઝરે છે અને એ માને છે કે આ હાડકામાંથી કેવો રસ ઝર્યો !

સામાન્ય મનુષ્ય માને છે કે પદાર્થો, સંપત્તિ વગેરે દ્વારા મને સુખ મળે છે... સાધકને ખ્યાલ છે કે સુખ, આનંદ પોતાની ભીતર જ છે. બહાર એ છે જ નહિ તો ક્યાંથી મળી શકે ?

એક પંખાવાળો ગામડામાં પંખા વેચવા ગયો - પૂઠાના પંખા. કો'કે પૂછ્યું : કિંમત શું ? પંખાવાળો કહે : સો રૂપિયા. લોકો વિચારમાં પડી ગયા : પૂઠાનો પંખો સો રૂપિયાનો ? એની કરામત શી છે, ભાઈ ? પંખાવાળો કહે : એ જાદૂઈ પંખો છે. ક્યારે પણ એ તૂટે નહિ.

એ જમાનામાં વીજળીક પંખાઓ નહોતા. એક જણે એ પંખો ખરીદ્યો. ઘરે જઈ જોરથી હવા નાખવા લાગ્યો ને પંખાનાં પાંખિયાં છુટ્ટાં! એ તો બરોબરનો ગિન્નાયો. પહોંચ્યો પંખાવાળાની પાસે : શેનો જાદૂઈ પંખો ? આ પંખો તો અર્ધો કલાકમાં તૂટી ગયો.

પંખાવાળો કહે : સાહેબ, આ જાદૂઈ પંખો છે. એને વાપરવાની રીત પણ જાદૂઈ છે. તમે તો સામાન્ય પંખો વાપરો એ રીતે આ પંખો વાપર્યો હશે ? પેલા ભાઈએ હા પાડી. પંખાવાળો કહે : સાહેબ, નવો પંખો તમને ભેટ આપું. અને એને વાપરવાની રીત પણ તમને શીખવાડું. તમે ખુરશી પર બેઠા હો તો સામે ટેબલ પર પંખો રાખવાનો અને હવા ખાવી હોય ત્યારે તમારે પંખાને નહિ હલાવવાનો, પણ તમારા શરીરને હલાવવાનું.

કેવો જાદૂઈ પંખો !

લોકો ભોગો ભોગવી રહ્યા છે એવો ભ્રમ સેવે છે, તેમાં પણ આ જાદૂઈ પંખા જેવું નથી ? ભર્તૃહરિએ આ વાત સ્પષ્ટ કરી : 'भोगा न भुक्ताः, वयमेव भुक्ताः।' અમે ભોગોને માણ્યા એમ નહિ; ભોગોએ અમને માણ્યા છે.

એક અંગ્રેજી કહેવત પણ આ વાત કહે છે : Man takes the first cup of tea, then tea takes the man. ચાનો પહેલો જ પ્યાલો માણસ પીએ છે, પછી તો ચા માણસને પીવે છે.

આથી જ, તૈત્તિરિય ઉપનિષદ્‌ના ઋષિ કહે છે : 'रसो वै सः...' રસ એક જ છે પરમાત્મા... બાકીનું બધું છે કુચ્ચો.

તમે એકવાર પ્રભુના ગુણોની વૈભવી દુનિયામાં પ્રવેશો તો ન તમને ખાવાનું યાદ આવે, ન પીવાનું, ન ઊંઘવાનું. તમારી ચેતના પરમાત્મમયી બની જાય. અને એટલે આનંદમયી.

● ● ●

મારા દાદાગુરુદેવ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાના જીવનની એક ઘટના મને યાદ આવે છે. અમે લોકો વિહારયાત્રા કરતાં ભોયણી તીર્થે ગયેલ.

દાદા ગુરુદેવની વય એ વખતે નેવુની આસપાસની. સ્થિતપ્રજ્ઞ એ મહાપુરુષ પોતાની અંદરની વૈભવી દુનિયામાં મસ્ત હતા.

એકવાર સાંજે તેમના નખ ઉતારવામાં આવ્યા. નેઈલકટર તેઓશ્રીની પાતળી ચામડીને સહેજ લાગી ગયું. ઉપાશ્રયમાં અંધારું ઊતરવા માંડ્યું હોઈ ખ્યાલ ન આવ્યો. રાત્રે એ જગ્યા સહેજ દબાઈ હશે, લોહી વધારે નીકળ્યું. એ લોહીની ગંધે હજારો કીડીઓ આવી.

સવારે સાડાપાંચ વાગ્યે લગભગ પૂજ્યપાદશ્રીજી પાસે અમે ગયા ત્યારે જોઈને દિઙ્‌મૂઢ બની ગયા : હજારો કીડીઓ પગે એવી રીતે વળગેલી કે પગ કાળો-કાળો દેખાય. માત્ર કીડીઓ જ કીડીઓ. ધીરે ધીરે, જયણાપૂર્વક કીડીઓને દૂર કરી. પછી પૂ. ગુરુદેવ આ. ભ. શ્રીમદ્ વિજય ૐકારસૂરિ મહારાજે દાદા ગુરુદેવને કહ્યું : સાહેબજી, રાત્રે આપને ખ્યાલ તો આવ્યો જ હશે - કીડીઓ ચઢવાનો; અમને ઈશારો સુધ્ધાં આપે ન કર્યો. તો અમે કર્મચારી પાસે પ્રકાશ કરાવી જોઈ લેત કે શું થયું છે ?

દાદા ગુરુદેવ પાસે એમનું ચિરપરિચિત સ્મિત હતું. તેમણે કહ્યું : સહેજ લાગેલું ખરું, હું રાત્રે બાર વાગ્યે ઊઠ્યો ત્યારે; પણ પછી જ્યાં સૂરિમંત્રની માળા ગણવા માંડ્યો; પછી મને ખબર જ નથી પડી કંઈ.

જાપની ક્ષણોમાં ભીતર ઊતરી ગયેલા એ મહાપુરુષને શરીરના સ્તર પર શું થઈ રહ્યું છે એનો ખ્યાલ પણ ક્યાંથી આવે ?

ઈર્ષા આવેને આવા મહાપુરુષોની ?

• • •

સાધકનો સંકલ્પ : હું કર્તા સ્વરૂપનો, હું ભોક્તા સ્વગુણનો. સંકલ્પની વાડ જો જોરદાર હોય તો પરમાં જવાશે નહિ.

સાધક પરમાં ક્યારે જતો રહે છે ?

એક સાધકે મને એક બીજા સાધકની વાત કરી; જે સાધનાના પ્રારંભકાળમાં જ રસ્તો ચૂકી ગયેલ. બહારની કોઈ વ્યવસ્થામાં એ 'પડી' ગયેલ. (કેટલું વાગ્યું હશે ? સાધના આખીય ચૂર-ચૂર થઈ જાયને ?)

મારો પ્રતિભાવ આવો હતો : આપણે પોતે માર્ગચ્યુત ન થઈએ એની ખાતરી બરોબર રખાવી જોઈએ.

મેં ઉમેર્યું : પેલો સાધક એટલા માટે પથચ્યુત થયો કે એણે સ્વના આનન્દને હસ્તગત નહોતો કર્યો. ભીતરથી આનન્દ / પરિપૂર્ણતા ન મળે તો માણસ એને બહારથી પૂરી કરવા ફાંફાં મારશે જ.

• • •

'હું મારા સ્વરૂપનો ભોક્તા છું' આ સંકલ્પ સાધકને સ્વની દુનિયામાં પ્રવેશ અપાવશે.

સ્વની દુનિયા. શુદ્ધ ઉપયોગની દુનિયા. શુભથી તમે શરૂઆત કરી શકો. પણ શુભને ઘૂંટીને શુદ્ધ ઉપયોગમાં જવાનું છે.

તમારા જ્ઞાન, દર્શન આદિ ગુણોમાં કે તમારા શુદ્ધ સ્વરૂપમાં જ તમારો ઉપયોગ રહે. પૂ. દેવચન્દ્રજી મહારાજ અષ્ટ પ્રવચન માતાની સજ્ઝાયમાં કહે છે કે મુનિ પોતાના ઉપયોગને શું અશુભ ભણી જવા દેશે ? હરગિજ નહિ.

સાધકનું પોતાના મન પર કડક નિયંત્રણ જોઈએ. જે ક્ષણે લાગે કે અશુભ વિચાર મનમાં આવી ગયા; એ ક્ષણે જ એને ખ્યાલ આવી જાય અને તે પોતાના મનને તેમાંથી ઊંચકીને શુભમાં મૂકી દે.

શુભની તલેટી, શુદ્ધનું શિખર; આ છે સાધકનો યાત્રાપથ. અશુભની ખીણ આ યાત્રામાર્ગમાં આવતી જ નથી.

● ● ●

એક સંત પ્રાર્થના પછી રોજ કહેતા : પ્રભુ ! મારા તે અપરાધની માફી આપજો.

એકવાર આશ્રમમાં એમના સમકક્ષ બીજા સંત આવ્યા. તેમણે પ્રાર્થના પછી ઉચ્ચારાતું આ વચન સાંભળ્યું અને પછી એકાંતમાં પૂછ્યું : તમે કયા અપરાધ માટે પ્રભુની ક્ષમા ઇચ્છો છો ?

સંતે પોતાના પૂર્વજીવનની વિગત કહી : કાપડના તેઓ વેપારી હતા. અને એકવાર દુકાને બેઠેલા. સમાચાર મળ્યા કે ઘરે આગ લાગી છે. બાજુના દુકાનદારને દુકાન ભળાવી તેઓ દોડતા જાય છે : ઘર બચાવવા. મનમાં ઘણી ચિન્તાઓ છે : ઘર બળી ગયું હશે ? ઘરવાળાઓને ઈજા નહિ થઈ હોયને ? શું બચ્યું હશે ?

ત્યાં જ એક ભાઈ સામે મળ્યા. કહે છે : ચિન્તા ન કરો. તમારું ઘર બિલકુલ સલામત છે. પાડોશીનું ઘર બળી ગયું, તમારું બચી ગયું... એ વખતે વેપારી ખુશ થાય છે. હર્ષોલ્લાસમાં આવી જાય છે. બીજી જ મિનિટે થયું : અરે, મારા પાડોશીનું ઘર બળી ગયું ને હું આનન્દિત થાઉં

છું ? પછી તેમણે સંન્યાસ લીધો. અને રોજ પ્રભુને કહે છે કે પ્રભુ ! મારા તે અપરાધની માફી આપજો કે મારા પાડોશીની વિપત્તિના સમયે એક મિનિટ હું પ્રસન્ન રહેલો.

અશુભમાં જવાની આવી એક ક્ષણ જો આ રીતે ડંખે તો બીજીવાર અશુભના ઢાળમાં આપણે ઢળી શકીએ ખરા ?

● ● ●

કેવી મજાની ચાર સાધનાઓ એક કડીમાં આવી ગઈ ? જડ જગત પ્રત્યે જ્ઞાતાભાવ, ચેતના જગત પ્રત્યે મૈત્રીભાવ; નિમિત્તોનો અદ્વેષપૂર્ણ રીતે ત્યાગ અને સ્વની ઐશ્વર્યમયી દુનિયામાં પ્રવેશ.

■ ■ ■

## (૩) આધારસૂત્ર

તુમે પ્રભુ ! જાણંગ રીતિ સર્વ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ;
પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ,
ભોગ્યપણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ... ૨

(પ્રભુ ! તમે જ્ઞાતાભાવે જગતને જુઓ છો. બધા દ્રવ્યોને પોતાની શુદ્ધ સત્તાથી પરિપૂર્ણ તરીકે જુઓ છો. પરની પરિણતિને અદ્વેષપૂર્ણ રીતે આપ ઉપેક્ષિત કરો છો. અને પોતાની અનંત શક્તિના આપ ભોક્તા છો, તેમ અવલોકો છો.)

### સાધનાક્રમ

- જડ જગત પ્રત્યે જ્ઞાતાભાવ.
- ચેતના જગત પ્રત્યે મૈત્રીભાવ, પ્રમોદભાવ.
- નિમિત્તોના જગત પ્રત્યે નિમિત્તોને આપનાર પ્રત્યે દ્વેષ વગર, નિમિત્તોનો ત્યાગ.
- સ્વરૂપની દુનિયામાં સ્વનું જ ભોક્તાપણું.

૪

# ભીતરની વૈભવી દુનિયા

**પ્રભુનો અદ્ભુત યોગ છે સ્વરૂપની ભૂમિકા. એ યોગ તેને જ સંપૂર્ણતયા જ્ઞાત કે અનુભૂત થાય છે, જેની પાસે પ્રભુ જેવા ગુણો હોય છે. એટલે કે કેવળજ્ઞાની મહાત્મા જ પ્રભુના આ અદ્ભુત યોગને સંપૂર્ણતયા જાણી શકે.**

અવનીન્દ્રનાથ આજના યુગના બહુ મોટા કળાગુરુ હતા. અજન્ટાની ચિત્રકળાને પુનરુજ્જીવિત કરનાર શ્રેષ્ઠ ચિત્રકારો પૈકીના એક.

એકવાર તેઓ કવિવર રવીન્દ્રનાથ ટાગોર જોડે બેઠેલા ત્યારે તેમના શિષ્ય નન્દલાલ બોસ એક ચિત્ર દોરીને લાવ્યા. ગુરુને બતાવ્યું.

અવનીન્દ્રનાથ એકદમ ગુસ્સે થઈ ગયા. ચિત્રને એમણે જમીન પર પટક્યું અને કહ્યું : નંદલાલ ! તું આવું ચિત્ર દોરીને લાવે ? અને મને તું આ ચિત્ર બતાવે છે ? તને શરમ ન આવી આવું ચિત્ર લઈને આવતાં ?

નંદલાલ ગૂપચૂપ ત્યાંથી ચાલ્યા ગયા. રવીન્દ્રનાથે અવનીન્દ્રનાથને કહ્યું : તમે કેમ નંદલાલને આ રીતે ધૂત્કારી નાખ્યો ? તેનું

ચિત્ર કંઈ ખોટું ન હતું. અને તમને બરોબર ન લાગ્યું તો એમાં સુધારા સૂચવવા હતા. પણ આ રીતે એને તમે હડધૂત કર્યો તે મને ન ગમ્યું.

અવનીન્દ્રનાથની આંખોમાં એ વખતે આંસૂ હતા. રૂંધાયેલ કંઠે એમણે કહ્યું : રવિભાઈ ! નંદલાલ મારો હોનહાર વિદ્યાર્થી છે. મારા સેંકડો વિદ્યાર્થીઓમાં મારું મન જેના પર ઠરતું હોય તેવો શિષ્ય આ છે. મને એને ઠપકો આપતાં અપાર દર્દ થયેલું, પણ એ જરૂરી હતું. હવે તમે જોજો. પંદરેક દિવસ એ નહિ દેખાય. પણ જ્યારે બહાર આવશે ત્યારે નવો ખજાનો લઈને આવશે.

કળાગુરુની આગાહી પ્રમાણે જ બન્યું. નંદલાલ અજન્ટાની ગુફામાં પહોંચી ગયા. પંદર દિવસ સુધી ન ખાવાનું ભાન, ન પીવાનું... સદીઓ, સહસ્રાબ્દીઓ પ્રાચીન એ ભારતીય ચિત્રકળાના અદ્‌ભુત પ્રતિનિધિ સમા ચિત્રોમાં તેઓ ખોવાઈ ગયા. પંદરેક દિવસે તેઓ બહાર નીકળ્યા ત્યારે ચહેરા પર ઉપલબ્ધિનો આનંદ હતો. હાથમાં ચિત્રપોથી હતી. સીધા જ તેઓ પોતાના કળાગુરુ પાસે ગયા. તેમની આંખોનું તેજ અને ચહેરા પરનો ભાવ જોઈને જ ગુરુએ એમની ઉપલબ્ધિનું અનુમાન કરી લીધું. અને શિષ્યને બાંહોમાં સમાવી લીધો. ચિત્રપોથી જોઈને તો ગુરુ અતિપ્રસન્ન બન્યા.

ગુરુ આપે છે શિષ્યને જ્ઞાન. જ્ઞાન છે ભીતરી દાન. આંતરિક દાન આદિ પર મઝાનો પ્રકાશ ફેંકતી સ્તવનાની આ કડી :

*દાનાદિક નિજ ભાવ હતા જે પરવશા હો લાલ,*
*તે નિજ સમ્મુખ ભાવ ગ્રહી લહી તુજ દશા હો લાલ;*
*પ્રભુનો અદ્‌ભુત યોગ સ્વરૂપ તણી રસા હો લાલ,*
*ભાસે વાસે તાસ જાસ ગુણ તુજ જિસ્યા હો લાલ. ૩*

ક્ષાયોપશમિક ભાવનું દાન કેવું હતું ? એમાં પરનું - પદાર્થનું, સંપત્તિનું દાન અપાતું હતું. તો લાભ પણ ત્યાં પરનો જ સ્વીકારાયેલો.

પૈસા મળ્યા તો લાભ થયો એમ કહેવાતું. આવું જ ભોગ, ઉપભોગ અને વીર્યમાં હતું. ભોગ પર-પદાર્થોનો હતો. ઉપભોગ (એક વસ્તુ - દાગીના વગેરે - વારંવાર વાપરી શકાય તે ઉપભોગની સામગ્રી કહેવાય છે) પણ પદાર્થોનો. અને આત્મશક્તિ પર તરફ ફંટાયેલી....

• • •

દાન વગેરે તત્ત્વો સ્વસમ્મુખ બને છે ત્યારે ભીતરની દુનિયા ઝળાંહળાં બની રહે છે. પ્રભુ ! આપની શુદ્ધ વીતરાગદશાની સમ્મુખ આવીને એ દાનાદિ તત્ત્વો આત્માવલંબી બન્યા.

હવે દાન સ્વરૂપનું, લાભ સ્વરૂપનો, સ્વગુણનો. ભોગ સ્વપર્યાયનો. ઉપભોગ સ્વગુણોનો અને વીર્ય આત્મપરિણતિનું. આમ, દાનાદિ તત્ત્વો સ્વસમ્મુખ બન્યા. અને સ્વરૂપાવલમ્બી, સ્વગુણાવલમ્બી બન્યા.

આ થઈ પ્રભુની ઐશ્વર્યમયી દુનિયા તરફ ખૂલતી વાત. આ વાતને પૂ. દેવચન્દ્રજી મહારાજે શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં આ રીતે વર્ણવેલ છે :

*અક્ષય દાન અચિંતના,*
*લાભ અયત્ને ભોગ હો જિનજી;*
*વીર્ય શક્તિ અપ્રયાસતા,*
*શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો જિનજી. ૭/૪.*

પ્રભુનું દાન અક્ષય. ક્યારે પણ તે ઘટવાનું નહિ. સતત ચાલ્યા જ કરવાનું. જ્ઞાન ગુણ ચારિત્ર ગુણને વધારશે. ચારિત્ર ગુણ જ્ઞાન ગુણને પોતાનું ઔદાસીન્ય આપશે.

પ્રભુનો સ્વરૂપ લાભ અચિંત્ય. કોઈ ઈચ્છા - વિચાર ન હોવા છતાં, અચિંત્ય લાભ મળ્યા જ કરે છે... (મનોયોગને પેલે પાર છે પ્રભુ.)

પ્રભુનો ભોગ છે અયત્ન. સાંસારિક મનુષ્યોના ભોગમાં કેટલો તો પ્રયત્ન હોય છે ? અહીં તો ભોગ છે સ્વગુણ અને સ્વપર્યાયનો. પણ

કોઈ યત્ન નથી. આપમેળે એ ભોગદશા ચાલ્યા કરે છે.

ઉપભોગ - વારંવારનો ભોગ - સ્વગુણોનો ચાલ્યા કરે છે. 'શુદ્ધ સ્વગુણ ઉપભોગ.' એક ગુણની સ્થિતિમાં પ્રભુ સમયે સમયે રહેશે. આ સમયે જે અનંત ગુણોનો ભોગ થયો, તે પણ સમયે સમયે રહેશે; એટલે ગુણોનો ઉપભોગ થયો : વારંવાર થવાને કારણે.

પ્રભુનું વીર્ય - આત્મશક્તિ પણ અપ્રયાસ ચાલ્યા કરે છે.

● ● ●

પ્રભુની ઐશ્વર્યમયી દુનિયાને શબ્દોથી તો કેમ જોઈ શકાશે ? પરંતુ સાધનાકાળમાં આનો નાનકડો અનુભવ શી રીતે થઈ શકે એ વિચારવાથી પ્રભુની અલૌકિક દુનિયાનો આછેરો ખ્યાલ આવશે.

અને એ આત્મગુણોથી છલકાતી દુનિયા ભણી પગ માંડવાનું મન થશે.

ચાલો, સાધક કઈ રીતે એ દુનિયા ભણી યાત્રા શરૂ કરે છે, તે જોઈએ.

● ● ●

સ્વનું દાન.

જ્ઞાનમાં રમણતા, ઊંડાણ આવશે એ ચારિત્ર ગુણ દ્વારા જ્ઞાન ગુણને અપાયેલ દાન થયું. એ જ રીતે પરમાં ચિત્તનું જવું નહિ તે ચારિત્ર ગુણને જ્ઞાન ગુણ દ્વારા અપાયેલ દાન છે.[1]

જ્ઞાનગુણ જ્ઞાતાભાવની કક્ષાએ દોડશે. પરંતુ એમાં ઉદાસીનભાવની તીક્ષ્ણતા, નિર્લેપભાવની પરાકાષ્ઠા ચારિત્ર દ્વારા મળશે. 'અધ્યાત્મ ગીતા'માં, આથી જ, પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે કહ્યું છે : 'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ...' જ્ઞાનમાં આવેલ ઊંડાણ - ઉદાસીનભાવ એ જ ચારિત્ર.

એ જ રીતે, જ્ઞાતાભાવ પરમાં ચિત્તને જવા નહિ દે. કારણ કે જ્ઞાતાભાવ મુખ્યતયા જ્ઞાતા-જાણનાર તરફ કેન્દ્રિત થશે. અને જાણનાર

---

**૧. સ્વોપજ્ઞ સ્તબક, ૭/૪** - દેવચન્દ્ર ચોવીસી.

આત્મા તરફ જ્યાં ચિત્તવૃત્તિ કેન્દ્રિત થઈ; આનંદનો જ્યાં અજસ્ર ફુવારો ચાલી રહ્યો છે; પરમાં ચિત્ત કેમ જશે ?

અત્યાર સુધી પરમાં ચિત્ત એટલા માટે જતું હતું કે આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. માત્ર ઝૂંપડી જ જેની પાસે છે, એ માણસ બંગલાનો વિચાર ક્યાંથી કરે ? પણ જો બંગલો મળી ગયો, તો ઝૂંપડી છૂટી જ જવાની છે એય હકીકત છે.

આત્મસ્વરૂપની પિછાણરૂપી મહેલ મળ્યો; હવે પરના ઝૂંપડામાં કેમ જવાય ?

યોગશાસ્ત્ર ટીકા આત્મજ્ઞાનને આત્માના સ્વસંવેદનરૂપ જ માને છે.[૨] એટલે કે આત્માનુભૂતિ.

દેહ અને આત્મા એકમેક હોવા છતાં, પોતે દેહથી બિલકુલ ભિન્ન છે આવો અનુભવ જ્ઞાતાભાવના ઊંડાણમાં થાય છે અને ત્યારે આત્મદર્શન થાય છે.[૩-૪]

તો આ રીતે સ્વનું સ્વને દાન થયું. જ્ઞાનગુણે ચારિત્રગુણને પરભાવમાંથી પીછેહઠ આપી. ચારિત્રગુણે જ્ઞાનગુણને ઉદાસીન ભાવ આપ્યો.

• • •

એક પ્રશ્ન થાય કે ગુરુ શિષ્યને જ્ઞાન આપે ત્યારે પરને સ્વ (જ્ઞાનગુણ)નું દાન થયું ને ?

---

**૨. आत्मज्ञानं च आत्मनः चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम ॥**

- યોગશા. ટી.૭/૪

**૩. આતમદરિસણ જેણે કર્યું, તેણે મુંધ્યો (ઢાંક્યો) ભવભય કૂપ રે.**

–શ્રીપાળ રાસ, ૪/૭/૩૭

**૪. ખીર નીર પરે પુદ્‌ગલ મિશ્રિત, પણ એહથી છે અળગો રે;**
**અનુભવ હંસ ચંચુ જો લાગે, તો નવિ દિસે વળગો રે.**

- સમકિતના સડસઠ બોલની સજ્ઝાય, ૬૨

અહીં, આ કેન્દ્રબિન્દુથી, નિશ્ચય અને વ્યવહારની મઝાની પગદંડીઓ ફૂટે છે. નિશ્ચયનય કહેશે કે વક્તા માત્ર પોતાના સ્વાધ્યાય માટે બોલે છે, અથવા લેખક પોતાના સ્વાધ્યાય માટે લખે છે; બીજાઓને તે કંઈ જ આપતો નથી. બીજાને મળે છે એનું કારણ એની ઉપાદાનની યોગ્યતા છે.

આ દૃષ્ટિબિંદુ એટલા માટે મોહક છે કે અહીં વક્તા કે લેખકને અહંકાર ન પનપે. હું તો માત્ર સ્વાધ્યાય કરતો હતો... મઝાનું આ દૃષ્ટિબિંદુ.

વ્યવહારનય શ્રોતા તરફ કે વાચક તરફ ખૂલશે. શ્રોતાને થશે કે સદ્‌ગુરુએ કેવી કરુણા કરી ? પોતાનો કિંમતી સમય મને ફાળવ્યો. મને જ્ઞાન આપ્યું.

અહીં શ્રોતાને અહોભાવનો લાભ મળે છે. અને અહોભાવની ભીનાશની પૃષ્ઠભૂ પર એ વચનો વરસે છે.

• • •

સ્વનું દાન...

શબ્દો પર છે, વિચારો પર છે; એટલે માત્ર કોરા શબ્દો કે કોરા વિચારો બીજાને આપવાનું મન સાધકને નહિ થાય.

અનુભવ જ પોતીકી ઘટના છે. એ અનુભૂતિના રસે રસાયેલ શબ્દો, ભીના શબ્દો કે એવા ભીના વિચારો અન્યોને આપી શકાય.

એટલે જ, પરંપરા એ હતી કે અનુભવ - આત્માનુભવ થયા પછી જ સાધક બોલે. એ પહેલાં ન બોલે.

બોલનાર અનુભૂતિવાન હશે ત્યારે સાંભળનારની પણ એ ભૂમિકા નિષ્પન્ન થઈ શકશે.

આપનાર સ્વની ભૂમિકા પર.

લેનાર પણ સ્વની ભૂમિકા પર.

ત્યારે જે થોડા શબ્દોય અપાશે તે સ્વનું સ્વને દાન થશે.

• • •

અનુભૂતિની આપણી પરંપરા કેવી તો મોહક છે ! આચાર્ય પદની પૂજા (નવપદ પૂજા)માં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ એક સરસ વાત કરે છે :

*ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;*
*પંચ પ્રસ્થાને આતમા, આચારજ ગુણ ખાણી રે.*

આચાર્ય ભગવંત મહામંત્ર-સૂરિમંત્રનું ધ્યાન કરે છે. ધ્યાન કરવાનો મતલબ એ છે કે એ સૂરિમંત્રમાં જે પદો આવે છે, તે પદોમાં વર્ણવાયેલ સ્વરૂપ જેવી તેમની ચેતના બને છે. અરિહંત પ્રભુ કે લબ્ધિધારી મુનિવર કે ગૌતમસ્વામી મહારાજનું જ્યારે ધ્યાન ધરાય ત્યારે ચેતના તે તે આકારમાં પલટાવી જોઈએ.

સ્વામી મુક્તાનન્દ 'સોઙહમ્'માં લખે છે :

આ મંત્રો બહુ સારા છે, પરંતુ તેમને (શબ્દાત્મક મંત્રોને) ખરેખર મંત્ર ન કહી શકાય. સાચો મંત્ર એ માત્ર અક્ષર અને વર્ણનો સંયોગ નથી. એ એક અંતર-સ્પન્દન છે, જે મનના મૂળ સુધી ધબકતું હોય છે. સાચું પૂછો તો અંતરાત્માની શુદ્ધ, વિચારરહિત સ્થિતિના અનુભવને જ મંત્ર કહી શકાય... જ્યારે મન તે સ્પન્દનની અંદર ડૂબીને એકાકાર થઈ જાય છે ત્યારે તે સ્પન્દન મંત્ર બની જાય છે. શિવસૂત્ર કહે છે કે આવું અંતર્મુખી મન એ મંત્ર જ છે : 'चित्तं मन्त्रः'.

''સિદ્ધયોગીઓ આ મૂળ સ્રોત સુધી પહોંચ્યા હોય છે. મંત્રજાપ કરતાં તેઓ આત્મા સાથે સંપર્ક સાધીને ત્યાં જ સ્થિર થયા હોય છે. તેથી તો તેમના શબ્દોમાં - વાણીમાં આત્મબળ વ્યાપ્ત થઈને રહેતું હોય છે.''

''સર્વ નાદોનું મૂળ આ જે આંતર સ્પન્દ છે, તેને શાસ્ત્રો પરાવાણી અથવા પરાવાક્ કહે છે.''

પરાવાણી સુધી જવાની રીત આ છે : ગુરુએ આપેલ મંત્ર તમે જપો છો ત્યારે તેનાં સ્પન્દનો તમારા પ્રાણ સાથે ભળશે. આ સ્પન્દનો હૃદય

સુધી પહોંચી શરીરની સાત ધાતુઓમાં વ્યાપ્ત થઈને શરીર અને મનને શુદ્ધ કરે છે.

આમ, શુદ્ધ ભાવે મંત્રજાપ કરવાથી તે ક્રમશઃ વૈખરીમાંથી મધ્યમાની કક્ષાએ અને ત્યાંથી પશ્યન્તીની કક્ષાએ પહોંચશે. છેલ્લે તમે પરાવાણી સુધી પહોંચશો અને ત્યાં તમને આત્માનો સ્પર્શ થશે.

અનુભૂતિની કેવી આ મઝાની પ્રક્રિયા ! વૈખરીમાં સ્થૂળ મંત્રોચ્ચાર કરતાં સાધક આત્માનુભૂતિ સુધી પરાવાણીના પડાવે પહોંચે છે.

● ● ●

લાભ કોનો ? પ્રાપ્તિ શેની ? સ્વગુણની. સ્વરૂપની.

જેમ કે, જ્ઞાતાભાવની પ્રાપ્તિને ભીતરી સુખ સાથે સાંકળતાં કહેવાયું : 'જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે.'[5] અને જ્ઞાતાભાવ ઊંડો જશે તો ચારિત્રનો લાભ થશે.

ભીતરી પ્રાપ્તિની પરંપરાની એક મઝાની વાત આત્મનિંદા દ્વાત્રિંશિકામાં કહેવાઈ છે :

આજ્ઞાપાલન, આપ્તતત્ત્વતા, મમત્વ આદિનો ત્યાગ, આત્મૈકસારતા, નિરપેક્ષદશા.[6]

આજ્ઞાપાલન વડે આપ્તતત્ત્વતા એટલે કે તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આજ્ઞાશ્રવણ માત્ર થયું હોય તો જ્ઞાતતત્ત્વતા - તત્ત્વોનું જ્ઞાન - થઈ શકે; પણ તત્ત્વપ્રાપ્તિ માટે તો આજ્ઞાપાલન જરૂરી છે.

વૈરાગ્ય આદિ તત્ત્વોને માત્ર શ્રવણ દ્વારા કેમ મેળવી શકાય ? એ ઘૂંટાશે, આચરણના પથ પર ઊતરશે ત્યારે જ પમાશે.

---

**૫. સવાસો ગાથાનું સ્તવન. –ઢાળ-૪, કડી-૬.**

**૬. कदा त्वदाज्ञाकरणाप्त-तत्त्वस्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् ।**
**आत्मैकसारो निरपेक्षवृत्ति-र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ॥**– आत्म.द्वात्रिं.-९

વૈરાગ્યની પ્રાપ્તિ મમત્વનો - મારાપણાનો છેદ જ ઉડાડશે ને !

અને પરનો છેદ ઊડ્યો તો બચ્યું તે પોતાનું. આત્મૈકસારતા. આત્મા સિવાયનું બધું જ હવે અસાર, નિરર્થક લાગે.

પૂ. ચિદાનંદજી મહારાજ કહે છે :

*પુદ્ગલ ખલ સંગી પરે, સેવે અવસર દેખ;*
*તનુ અશક્ત જ્યું લાકડી, જ્ઞાન ભેદ પદ લેખ.*[૭]

લાકડીનો ટેકો કોણ લે ? 'તનુ અશક્ત.' શરીરે અશક્ત હોય તે. એ જ રીતે પુદ્ગલ રૂપી ખલ-દુષ્ટ વ્યક્તિત્વનો સંગ આત્મા ક્યારે કરે ? જ્યારે પુદ્ગલ - ખાવાના પદાર્થો વગેરે - વગર ન રહી શકાય ત્યારે.

પણ, એક - બે કે ચાર દિવસ ભોજન વગર રહી શકાય તો ખાદ્યપદાર્થોની સંગત સાધક નહિ જ કરે.

અને, કદાચ ભોજન વગેરેની ક્રિયા થાય ત્યારેય સાધકને તેમાં રસ નહિ હોય અને તેથી એ આત્મૈકસાર જ બની રહેશે.

આત્મૈકસારતા આવી. હવે પરની કોઈની/કશાની અપેક્ષા ન રહી. નિરપેક્ષ દશામાં મહાલે સાધક.

યથાખ્યાત ચારિત્રમાં તો આ નિરપેક્ષ દશા એટલી ગાઢ બને છે કે મોક્ષની ઇચ્છા પણ રહેતી નથી.

● ● ●

નિરપેક્ષ દશા. આત્મૈકસારતાથી આવેલ નિરપેક્ષ દશા.

નાગભટ્ટ બહુ મોટા વિદ્વાન હતા. ગામની બહાર, જંગલમાં એક ઝૂંપડીમાં રહેતા. આખો દિવસ શાસ્ત્રો વાંચ્યા કરે, લખ્યા કરે. અને આ જ્ઞાનાનન્દમાં ભોજનની તો યાદ પણ ક્યાંથી આવે ? કોઈક આપી ગયું ભોજન તો ખાઈ લીધું.

---

**૭. અધ્યાત્મબાવની - ૧૬.**

એકવાર ત્યાંના શાસક બાજીરાવ પેશ્વાને ખ્યાલ આવ્યો કે પોતાના રાજ્યમાં આવા મોટા વિદ્વાન રહે છે, તો પોતે એમના માટે કંઈક કરે. રાજ્યના અતિથિગૃહમાં એમને રહેવાનું કહી શકાય, ત્યાં જ તેઓ ભોજન લે અને શાસ્ત્રસંરચના કર્યા કરે; પોતાને લાભ મળે.

બાજીરાવ પેશ્વા એક દિવસ નાગભટ્ટની ઝૂંપડીએ આવ્યા. પોતે તેમની સેવા કરવા માગે છે એમ કહી રાજ્યના અતિથિગૃહમાં પધારવાની વિનંતી કરી.

નાગભટ્ટે કહ્યું : તમે મારી સેવા કરવા માગો છો ને ?

પેશ્વા કહે : હા, જી.

નાગભટ્ટ કહે : તો બેસો અહીં. શાસ્ત્રની આ પંક્તિ બરોબર બેસતી નથી; જરા એનો અર્થ કરી આપો તો !

બાજીરાવ કહે : મારો તો આ વિષય જ નથી, મહારાજ ! મને શી રીતે આનો અર્થ સૂઝે ?

નાગભટ્ટ કહે : તો બીજી કોઈ જ સેવાની મારે જરૂર નથી.

પેશ્વા નાગભટ્ટની નિઃસ્પૃહતાને નમી રહ્યા.

● ● ●

ભોગ અને ઉપભોગ સ્વગુણોનો. એક ગુણને સાધક એક દિવસમાં વારંવાર અનુભવશે તો એને ઉપભોગ કહેવાશે. દિવસમાં એકાદ વાર અનુભૂતિ થાય સ્વગુણની તો એ ભોગ.

દ્રષ્ટાભાવના-દર્શનગુણના ભોગની વાત લઈએ. કેવો આનંદ સાધક પાસે એ વખતે હોય છે ?

પૂ. દેવચન્દ્રજી મહારાજના જીવનની એક ઘટના યાદ આવે છે. એક ઉપાશ્રયમાં તેઓશ્રી પ્રવચન આપી રહ્યા હોય છે. ભાવકો એકચિત્તે જ્ઞાની ગુરુદેવને સાંભળી રહ્યા છે. તે સમયે પાછળની ઝાડીમાંથી એક સાપ

આવે છે. ધીરે ધીરે પાટ પર એ ચડે છે. પૂજ્યશ્રીના પગ પર થઈને ધીરે ધીરે એ સરકી રહ્યો છે. લોકો સ્તબ્ધ થઈ ગયા છે. પણ પૂજ્યશ્રી માત્ર જોઈ રહ્યા છે.

માત્ર જોવાનું. સાપ પગ પર લસરી રહ્યો છે તો એને જોવાનો. એની કશી જ પ્રતિક્રિયા નહિ. જીવન પ્રત્યેનો રાગ હોય તો ભય ઉપજે. પણ એ ન હોય તો ભયનો છેદ ઊડેલો હોય ને !

સાપ પગ પરથી નીચે ઊતર્યો. પાટ પરથીય નીચે ઊતર્યો અને ઝાડીમાં જતો રહ્યો.

● ● ●

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજના જીવનની જ એક બીજી ઘટના : પરમતારક સીમંધર પ્રભુ પાસેથી પૂજ્ય દેવચન્દ્રજી મહારાજને પરમ જ્ઞાની તરીકે સાંભળી સૌધર્મેન્દ્ર બ્રાહ્મણનું રૂપ કરીને પૂ. દેવચન્દ્રજી મહારાજ પાસે આવે છે. પૂજ્યશ્રીને પોતાના શ્રુતબળથી ખ્યાલ આવી ગયો કે આ સૌધર્મેન્દ્ર છે. તો પણ એમણે પ્રવચન એ જ લયમાં ચાલુ રાખ્યું. ઇન્દ્ર પોતે આવ્યા છે, તો તે પ્રભાવિત થાય એવું કંઈક બોલું એવો વિચાર સુધ્ધાં તેમના હૃદયમાં ઝળક્યો નથી. આચારાંગ સૂત્રનું એક સૂત્રખંડ તેઓશ્રીની દૃષ્ટિમાં તે વખતે હશે. અથવા તો એમ કહીએ કે આચારાંગજીના એ સૂત્રખંડનું જીવંત સંસ્કરણ પૂજ્યશ્રીના તે ક્ષણોના વ્યવહારમાં પ્રતિબિંબિત થતું હતું. સૂત્રખંડ આ હતું : 'जहा पुण्णस्स कत्थति, तहा तुच्छस्स कत्थति...' પ્રભુની પોતાના સાધક પરની શ્રદ્ધા અહીં શબ્દોમાં ડોકાઈ રહી છે : મારો સાધક પ્રવચન આપતી વખતે શ્રીમંત કે દરિદ્રનો કોઈ જ ખ્યાલ ન રાખે. કારણ કે એ બધાથી અપ્રભાવિત હોવો જોઈએ.

ઇન્દ્ર પૂજ્યશ્રીનું પ્રવચન સાંભળી આનંદિત થયા.

● ● ●

જ્ઞાતાભાવ. દૃષ્ટાભાવ.

માત્ર જાણવું. માત્ર જોવું.

એક સાધકે મને પૂછેલું કે આ બેઉમાં શો ફરક ?

ફરક આ છે : જાણવાની બાબત થોડી વ્યાપવાળી છે. તમારી આંખો બંધ હોય અને સામે કોઈ ઘટના ઘટિત ન થતી હોય તોય મન સ્મૃતિના આધારે કો'ક ઘટનાને આકાર આપશે. અને જ્ઞાતાભાવ તીક્ષ્ણ ન હોય તો સામે ન ઘટી રહેલી ઘટના, લુપ્તપ્રાય થયેલી ઘટના પણ સાધકના મનમાં રાગ-દ્વેષ જન્માવી શકે.

દ્રષ્ટાભાવમાં જોવાનું છે. તે સમયે કોઈ ઘટના ઘટતી હોય તો એ ઘટનાને માત્ર જોવી, તેના કારણે રાગ-દ્વેષમાં ન જવું આ દ્રષ્ટાભાવ થયો. આમ, ઘટના ઘટે ત્યારે દ્રષ્ટાભાવ... પણ ઘટના ન ઘટતી હોય અત્યારે, પણ સ્મરણ થઈ આવે ઘટનાનું, તે વખતે તેમાં રાગ-દ્વેષ ન કરવા તે જ્ઞાતાભાવ.

• • •

મહાત્મા બુદ્ધ એક વૃક્ષ નીચે બેઠા છે. ધ્યાન હમણાં પૂરું થયું છે. આંખો ખુલ્લી છે.

થોડીવારે બે-પાંચ ભાઈઓ આવે છે. એમની પાગલ બહેન ઘરમાંથી ભાગી છૂટી છે. પગેરા પરથી આ બાજુ થઈને નાસી ગઈ હોય તેવું લાગે છે. પરંતુ શિલા જેવો ભાગ હોવાથી પગલાં અહીં ઉપસી શકે તેમ નથી. એથી ખરેખર કઈ બાજુ ગઈ હશે તે ખ્યાલ નથી આવતો.

ત્યાં એ લોકોએ બુદ્ધને જોયા. એ લોકો ત્યાં આવ્યા અને બુદ્ધને પૂછ્યું : એક યુવાન છોકરી આ બાજુથી ક્યાંય ગઈ હોય એવો ખ્યાલ તમને છે ?

બુદ્ધની આંખો ખુલ્લી હતી. પણ એમણે શું જોયેલું ? એમણે કહ્યું : પરમાણુઓનો એક જથ્થો - એક શરીર આમ ગયેલ; પણ તે ભાઈ કે

બહેન; યુવાન કે વૃદ્ધ એનો કોઈ ખ્યાલ નથી. માત્ર પરમાણુઓનો જથ્થો આમથી તેમ જતો જોવાયેલો.

રસવૃત્તિ ગઈ; દ્રષ્ટાભાવ મળી ગયો.

સામેની વ્યક્તિ સજાતીય છે કે વિજાતીય એ જોનાર આપણી રસવૃત્તિ છે. પણ જ્યાં પરમરસના પ્યાલે પ્યાલા પીવાતા હોય ત્યાં પર રસમાં જવાની વાત કેવી ?

● ● ●

આલ્બર્ટ આઈન્સ્ટાઈન ટોચના વિદ્વાન. સાદગી પણ એમની જબરી. એકવાર અમેરિકી ધનિક રોક ફેલરને થયું કે તે આઈન્સ્ટાઈનને કંઈક મોકલે. તેમણે પિસ્તાલીસ હજાર ડોલરનો ચૅક આઈન્સ્ટાઈનને મોકલ્યો.

આઈન્સ્ટાઈને ચૅક જોયો. પણ તેમના માટે એ ધન જરૂરી ન હતું. તે યુગના પ્રમાણમાં મોટી કહેવાય એવી ધનરાશિનો ચૅક મળવા છતાં અંદર કોઈ જ ભાવ ન થયો.

તેમણે એ ચૅકના કાગળનો ઉપયોગ પુસ્તકોમાં પેજમાર્કર તરીકે કર્યો. ક્યાં સુધી પુસ્તક વંચાયું છે તેની નિશાની તરીકે એમણે આ કાગળનો ઉપયોગ કર્યો. એમાં કયા પુસ્તકમાં એ રહી ગયો કે ક્યાંક પડી ગયો એનો પણ આ વિદ્વાનને ખ્યાલ નહોતો.

જાણકારી - જ્ઞાતાભાવ હતો, લેપ નહોતો.

● ● ●

આઈન્સ્ટાઈને સાપેક્ષવાદની શોધ કરી. વિદ્વાનોએ એને સત્કારી. અમેરિકામાં એમનો સત્કાર કરવાનું વિચારાયું. ન્યૂયોર્ક શહેરના ઍરપોર્ટથી તેમને સત્કારસ્થળે લઈ જવાઈ રહ્યા છે. હજારો લોકો ફૂટપાથ પર અને પોતાના મકાનની બાલ્કનીઓમાં રહીને આ વિદ્વાનને જોતા હતા.

ગાડીમાં આઈન્સ્ટાઈન જોડે બેઠેલ રાજપુરુષે કહ્યું : સાહેબ, મેં ઘણા રાજનેતાઓની સત્કારયાત્રાઓ જોઈ છે. પણ આજના જેટલી મેદની મેં ક્યારેય જોઈ નથી.

આ વિદ્વાનની નમ્ર ઉક્તિ આ હતી : આ જ સડક પર જિરાફ નીકળી પડે તો આથીય વધુ લોકો એને જોવા ભેગા થાય. લોકો તો નવીનતાના ચાહક છે.

આવી જ ઘટના વિન્સ્ટન ચર્ચિલ માટે બનેલી કહેવાય છે. ચર્ચિલ એક જગ્યાએ ભાષણ કરવા ગયેલા. એમના વક્તૃત્વની જાદૂઈ અસર લોકો પર હતી. નાખી નજર ન પહોંચે તેટલા લોકો ચર્ચિલને સાંભળવા આવેલા.

મિત્રે ચર્ચિલને કહ્યું : તમારા નામનો કેવો જાદુ છે ! આટલા બધા લોકો... ચર્ચિલે કહ્યું : મિત્ર ! જો અહીં જ મને ફાંસીને માંચડે ચડાવવાનો હોય તો આથીય વધુ લોકો એકઠા થાય.

• • •

ભોગ અને ઉપભોગ સ્વગુણોનો.

એમાં જે આનંદ મળે, એને શબ્દોમાં શી રીતે મૂકી શકાય ?

સ્વગુણ ભોગની એક પ્રક્રિયા યોગશાસ્ત્રના બારમા પ્રકાશમાં અપાઈ છે :

नष्टे मनसि समन्तात्, सकले विलयं च सर्वतो याते ।
निष्कलमुदेति तत्त्वं, निर्वातस्थायिदीप इव ॥ १२-३६ ॥

મન વિલીન થઈ જાય, સમાપ્ત થઈ જાય તો પ્રકાશમાન તત્ત્વ-આત્મતત્ત્વનો ભીતર અનુભવ થાય છે.

મન ઉપયોગને બહાર ભટકાવતું હતું, એ મન જ ગયું. હવે ઉપયોગ બહાર નહિ જાય. ભીતર જ રહેશે. આનંદ જ આનંદ.

• • •

વીર્ય... આત્મશક્તિ... તે સ્વ ભણી જ જાય. મનોયોગની દિશા કઈ? સ્વની જ તો હોઈ શકે ને !

એ માટે એક વ્યવહારુ ઉપાય : સાધક ભોજન માટે બેઠેલ હોય ત્યારે સ્તવનાની એકાદ પંક્તિ મનમાં રટે, મમળાવે. સ્તવનાની એ પંક્તિ મનનો કબજો લઈ લે તો ભોજનનો રસ એકદમ ઓછો નહિ થઈ જાય? શરીર ખાવાની ક્રિયામાં રોકાયેલ હશે અને મન સ્તવનાના રસમાં ઓતપ્રોત હશે.

સૂત્ર આ મળે : કાયા પરમાં જઈ શકે. સાધકનું મન પરમાં ન જઈ શકે.

પરમતારક શ્રી અભિનંદન પ્રભુની સ્તવનામાં પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે આ પદાર્થને ઘૂંટ્યો છે : પરમ રસ શી રીતે મળે ?

એ પ્રશ્નના ઉત્તરમાં તેઓએ કહ્યું : 'પુદ્ગલ અનુભવ ત્યાગ વડે.'[૮]

સટીક શબ્દ અહીં 'પુદ્ગલ અનુભવ' વપરાયો છે. પુદ્ગલત્યાગ નહિ, પણ પુદ્ગલોના અનુભવના ત્યાગ વડે પરમ રસ માણી શકાય.

ખાવાનું રહે, ખાવાનો અનુભવ ન રહે. આગળ જતાં એવો અનુભવ થઈ શકે છે કે સૂવાનું થાય, સૂવાનો અનુભવ ન હોય. શરીર થાક્યું, તે સૂઈ ગયું. ચૈતન્ય ક્યાં થાકેલ છે ? તે તો જાગે જ છે. તો શરીર સૂતું. પણ એ સૂવાની ક્રિયાનો અનુભવ સાધકને નથી. તમારું અન્કોન્સ્યસ માઈન્ડ - અજાગૃત મન હોશમાં હોય. કદાચ જાગૃત મન થોડું નિદ્રાધીન થાય. પણ તમારો ઉપયોગ ? ઉપયોગને પરમાં જવાનું જ ક્યાં છે ?

ઉપયોગ શુભમાં રહે. અને શુભને ઘૂંટીને શુદ્ધમાં જાય.

ઉજાગર દશાનું નાનકડું સંસ્કરણ જાગૃતિમાં, સ્વપ્નમાં અને નિદ્રામાં ભળે તેમ હોશ સ્થાયીભાવ પામતો જાય.

● ● ●

---

**૮. ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીત હો મિત્ત;**
**પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત. ૪/૧**

આ રીતે દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય સાધકના આત્મસમ્મુખ બને છે. અને આત્માની દિશામાં પગલું માંડ્યું કે આનંદ, આનંદ... ઓચ્છવ.

● ● ●

પ્રભુના દાન આદિ ગુણોની વાત કરી. હવે સ્તવનાકાર પ્રભુની યોગદશાની હૃદયંગમ કથા શરૂ કરે છે : 'પ્રભુનો અદ્‌ભુત યોગ સ્વરૂપ તણી રસા હો લાલ...' પ્રભુનું જ્ઞાન, દર્શન અને સ્થિરતા રૂપ ચારિત્ર[૯] એ પ્રભુનો અદ્‌ભુત યોગ છે અને એ છે સ્વ-રૂપની ભૂમિ (રસા).

અદ્‌ભુત યોગ પ્રભુનો.

યાદ આવે પાતંજલ યોગસૂત્ર : 'त्रयमेकत्र संयमः'. ધારણા, ધ્યાન અને સમાધિનું એક જગ્યાએ રહેવું તે છે સંયમ, ચારિત્ર.

ધારણામાં સાધક સંકલ્પને દૃઢ કરે છે કે પોતે આ વિષયમાં જ મનને કેન્દ્રિત કરશે. એ પછી ધ્યાનની ભૂમિકાએ એ વિષયમાં સાધક ઊંડો ઊતરે છે અને સમાધિની કક્ષાએ સ્વરૂપમાં લીન બની જાય છે.

ચારિત્રની વ્યાખ્યા પણ આ જ અપાઈ છે : નિજ ગુણોની દુનિયામાં સ્થિર થવું તે ચારિત્ર.[૧૦]

પાતંજલ અષ્ટાંગ યોગમાં છેલ્લાં ત્રણ અંગો મહત્ત્વનાં છે : ધારણા, ધ્યાન, સમાધિ. અને પ્રભુએ એમને એક અંગ - ચારિત્ર - માં સમાવિષ્ટ કર્યાં; કેવો અદ્‌ભુત પ્રભુનો યોગ !

આમ, યોગની વ્યાખ્યા આ છે : સ્વરૂપદશા સાથે જોડી આપે તે યોગ.[૧૧] પણ આ અદ્‌ભુત યોગ તો છે સ્વરૂપદશા પોતે જ. સાધનકોટિનો

---

૯. **चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते** । - જ્ઞાનસાર-૩

૧૦. **પરિષહસહનાદિક પરકારા, એ સબ હૈ વ્યવહારા;**
**નિશ્ચય નિજ ગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા.**

૧૧. **मुक्खेण जोयणाओ जोगो सव्वोवि धम्मवावारो** । -योगविंशिका-१

યોગ અહીં સાધ્યને પમાડીને રહ્યો છે. હવે શાશ્વત કાળ સુધી સ્વરૂપ દશાના આનંદમાં ઝૂમવાનું.

● ● ●

પ્રભુનું અનંત જ્ઞાન છે નિર્મળ, અસહાય (બીજા કોઈની સહાયની અપેક્ષા વગરનું), નિષ્પ્રયત્ન, નિરંતર અને બધા જ પદાર્થોને જણાવનાર.

પ્રભુનું દર્શન : યથાર્થ, સર્વ સાપેક્ષ સર્વ પદાર્થોનો નિશ્ચય કરનાર.

પ્રભુનું ચારિત્ર : નિરાગ, નિશ્ચલ, સ્થિરતા પરિણામમય. સ્વગુણોમાં, સ્વરૂપમાં સ્થિરતા જ સ્થિરતા.[12]

● ● ●

આવો પ્રભુનો અદ્ભુત યોગ કોને જણાય ? આની આંશિક પ્રતીત્યાત્મક ઝલક કોને મળે ? સ્તવનાકાર કહે છે : 'ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસ્યા હો લાલ.'

ભાસન એટલે જ્ઞાન, વાસન એટલે પ્રતીતિ. પ્રભુ ! તમારી રત્નત્રયી રૂપ અદ્ભુત યોગની પ્રતીતિ અને જ્ઞાન - સર્વાંશે - તેને જ થાય કે જેના ગુણો તમારા જેવા છે. અર્થાત્ કેવળજ્ઞાનને અકેવળજ્ઞાની કેમ સમજી શકે? કેમ અનુભવી શકે ?

■ ■ ■

---

૧૨. સ્વોપજ્ઞ સ્તબક, ૯/૩ (દેવચન્દ્ર ચોવીસી)

## (૪) આધારસૂત્ર

દાનાદિક નિજ ભાવ હતા જે પરવશા હો લાલ,
તે નિજ સમ્મુખ ભાવ ગ્રહી લહી તુજ દશા હો લાલ;
પ્રભુનો અદ્ભુત યોગ સ્વરૂપ તણી રસા હો લાલ,
ભાસે વાસે તાસ જાસ ગુણ તુજ જિસ્યા હો લાલ... ૩

દાન, લાભ વગેરે ભાવો જે પરવશ હતા તે સ્વવશ બન્યા.

પ્રભુનો અદ્ભુત યોગ છે સ્વરૂપની ભૂમિકા. એ યોગ તેને જ સંપૂર્ણતયા જ્ઞાત કે અનુભૂત થાય છે, જેની પાસે પ્રભુ જેવા ગુણો હોય છે. એટલે કે કેવળજ્ઞાની મહાત્મા જ પ્રભુના આ અદ્ભુત યોગને સંપૂર્ણતયા જાણી શકે.

### સાધનાક્રમ

- સ્વનું સ્વને દાન
- સ્વનો લાભ
- સ્વનો ભોગ અને ઉપભોગ
- વીર્ય-આત્મશક્તિનું સ્વ ભણી વહેવું

## સ્તવનાની ચોથી કડી

૫

# આત્મસ્મૃતિની પગથારે

*સમાધિ રસથી ભરપૂર પ્રભુના દર્શનથી મોહનું શિથિલીકરણ, એથી આત્મસ્મરણ. તેનાથી આત્મરમણતા, ધર્મધ્યાન, શુક્લધ્યાન અને વીતરાગ દશાની પ્રાપ્તિ થાય છે.*

એક સંત એક ઝોળી પોતાની પાસે જ રાખતા. શિષ્યોને તેમણે કહેલું કે આ ઝોળીને કોઈએ ઉપાડવાની પણ નહિ વિહારમાં કે કોઈએ એમાં શું છે એ જોવાનું કુતૂહલ પણ નહિ રાખવાનું.

શિષ્ય એટલે જ આજ્ઞાંકિતતા. એક પણ શિષ્યને એ જાણવાની ઈચ્છા નથી થતી કે ગુરુએ શા માટે ના પાડી છે.

એકવાર એક વિહારયાત્રામાં એક મહેમાન આવેલ. બે-ચાર દિવસ સાથે રહેવાના હતા. વિહાર શરૂ થયો ત્યારે ઈચ્છા થઈ કે ગુરુદેવની ઝોળી પોતે ઊચકે. ગુરુએ ના પાડી. શિષ્યો પાસેથી પછી જાણ્યું કે ગુરુદેવે એને અડવાની કે જોવાની સુધ્ધાં મનાઈ ફરમાવેલી હતી.

મહેમાનને કુતૂહલ થયું. જ્યારે ગુરુ અને શિષ્યો બધા બહાર ગયેલા; ત્યારે એણે ઝોળી ખોલી. અંદર જોતાં જ એ ચમકી ગયો. અંદર મરેલા માણસની માથાની ખોપરી હતી.

એ ખોલીને જોતો હતો અને ગુરુદેવ આવી ગયા. ગુરુ સમજ્યા કે આ માણસના મનમાં શંકા-કુશંકા થઈ જ હશે : ખોપરી શા માટે ? શું ગુરુ કોઈ મેલી તાંત્રિક વિધિ કરતા હશે ?

ગુરુએ મહેમાન અને શિષ્યોને કહ્યું : એક વખત હું સ્મશાનમાંથી પસાર થતો હતો. થોડું અંધારું હતું. એ વખતે મારા પગે કંઈક અથડાયું. જોયું તો ખોપરી. કો'ક મનુષ્યના અગ્નિસંસ્કાર થયા હશે; એ પછી આ ખોપરી પડેલી. તે મારા પગે અથડાઈ.

ગુરુ આગળ કહે છે : મને અહંકાર તે સમયે વધુ હતો. મને થયું કે મારા અહંકારના ફુરચા ઉડાડવા આ ખોપરી રામબાણ ઔષધ થશે. જ્યારે અહંકાર ઊઠશે, આ ખોપરીને જોઈને વિચારીશ કે હું પણ એકવાર આ રીતે કો'કના પગે અથડાવાનો છું. મારા શરીરની હાલત આ જ થવાની છે. શરીરની આ હાલતની સામે મને આત્મદર્શન થશે. 'હું તો અવિનાશી છું...'

તો, ખોપરીને તે વખતે મેં લઈ લીધી. મારી ઝોળીમાં મૂકી અને ત્યારથી રોજ એને સાથે રાખું છું... આને જોવાથી દેહરાગ ટળે છે. આત્મસ્મૃતિના ધધકતા અંગારા પર ફરી વળેલી રાખ ઊડે છે અને આત્મસ્મૃતિ તીવ્ર બને છે.

મહેમાન તો આભો જ થઈ ગયો. ગુરુનાં ચરણોમાં પડ્યો. પોતાના અપરાધની એણે માફી માગી.

• • •

આત્મસ્મૃતિની પગથી પર ચાલવાની વાતથી શરૂ થાય છે સ્તવનાની કડી :

*મોહાદિકની ઘૂમિ અનાદિની ઊતરે હો લાલ,*
*અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ;*
*તત્ત્વરમણ શુચિ ધ્યાન ભણી જે આદરે હો લાલ,*
*તે સમતારસ ધામ સ્વામી મુદ્રા વરે હો લાલ. ૪*

સમાધિરસ / સમતારસ / પ્રશમરસના કેન્દ્ર સમી પ્રભુની મુખમુદ્રા, પ્રભુની દેહયષ્ટિને ધ્યાનથી જોનારો સાધક મોહને તિરોહિત કરી આત્મસ્મરણ, તત્ત્વરમણ દ્વારા પવિત્ર ધર્મધ્યાન અને શુક્લધ્યાન સુધી પહોંચે છે. અને એ રીતે પ્રશમરસના કેન્દ્ર સમી પ્રભુની મુદ્રાને એટલે કે વીતરાગ અવસ્થાને પામે છે.

ક્રમશઃ એક એક ચરણને જોઈએ.

• • •

મોહની તિરોહિત દશા.

મોહ, ક્રોધ, લોભ આદિની આસક્તિની અર્ધમૂર્ચ્છા (ઘૂમિ) થી પાર સાધકનું જવું.

મોહાસક્તિ શું કરતી હતી ? એના દ્વારા સ્વરૂપદશાનો ખ્યાલ નહોતો આવતો અને સામે છેડે પરભાવને પકડવાનું અને એમાં જ ઓતપ્રોત થવાનું રહેતું હતું.

મોહાસક્તિ દૂર થતાં જ, મોહનું એ ધુમ્મસ છંટાતાં જ આત્મસ્મૃતિ થઈ ઊઠે છે.

ઝેન કથા યાદ આવે.

ઈશાન ગુરુ પાસે બેઠેલ. ગુરુની પાસે ભઠ્ઠો હતો. ગુરુએ ઈશાનને કહ્યું : રાખ નીચેથી સળગતો અંગારો કાઢ તો !

ઈશાને ચીપિયો લઈ આમ તેમ ભઠ્ઠામાં ફેરવ્યો. પણ સળગતો અંગારો એને ન મળ્યો. ગુરુએ ચીપિયાને પોતાના હાથમાં લીધો. ભઠ્ઠામાં

ઊંડે ઊંડે નાખ્યો અને સળગતો અંગારો ચીપિયામાં પકડાયેલ હતો. ગુરુએ હસતાં હસતાં કહ્યું : ઉપર ઉપરથી જોતાં કાંઈ ન મળે. ઊંડાણમાં જવું પડે.

મોહ તિરોહિત થતાં સાધકે અનુપ્રેક્ષાના ચીપિયા વડે, જેના પર રાખ વળી ગઈ છે, તે આત્મસ્મૃતિના ધધકતા અંગારાને બહાર કાઢવો જોઈએ.

અનુપ્રેક્ષા તીવ્ર બને. શરીર, નામ વગેરે તો હું નથી. તો હું કોણ છું ? એક ઘમ્મરવલોણું ચાલે. અને આત્મતત્ત્વનું સ્મરણ આ રહ્યું !

• • •

આત્મસ્મરણ.

પૂજ્યપાદ આનંદઘનજી મહારાજનું એક પદ યાદ આવે :

*અવધૂ ! અનુભવ કલિકા જાગી,*
*મતિ મેરી આતમ સમરન લાગી...*
*અનુભવ રસ મેં રોગ ન સોગા,*
*લોકવાદ સબ મેટા;*
*કેવળ અચળ અનાદિ,*
*શિવશંકર ભેટા...*
*વર્ષાબુન્દ સમુદ્ર સમાની, ખબર ન પાવે કોઈ;*
*આનંદઘન વ્હે જ્યોતિ સમાવે, અલખ કહાવે સોઈ...*

અનુભવની કળી ખીલી. મારું મન હવે આત્મસ્મૃતિના પથ પર છે.

કેવો છે આ આત્માનુભવ ?

ત્યાં રોગ નથી, શોક નથી, લોકો શું કહેશે તેની કોઈ ચિંતા નથી. ફક્ત અચળ, અનાદિ, પરમતત્ત્વ સાથે મિલનની વાત ત્યાં છે.

વરસાદનું ફોરું. હવામાં તરતું. સમંદરમાં પડ્યું. હવે એને અલગ કઈ રીતે તારવી શકાશે ? એ જ રીતે પરમ ચેતનાના સમંદરમાં

આત્મચેતનાનું બુંદ સમાઈ જશે. અને આ અભેદ મિલન થયા પછી બેઉને અલગ શી રીતે કરી શકાશે ?

• • •

આત્મસ્મરણ.

'અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ.'

આત્મસ્મરણ કઈ રીતે થશે ? મારો સ્વભાવ - આત્મસ્વભાવ અમલ છે, અખંડ છે, અલિપ્ત છે; આ રીતે સ્મરણ થશે, સંવેદન થશે; જે અનુભૂતિની દિશામાં આગળ ચાલશે.

• • •

અમલ.

આત્મા છે અમલ. રાગ, દ્વેષના મલથી રહિત. આત્માનું મૂળભૂત સ્વરૂપ તો આવું છે જ. પણ એને યાદ કરનાર, આત્મસ્મૃતિની કેડીએ આગળ વધતો સાધક પણ અમલ બની શકે.

કઈ રીતે ?

ધારો કે સાધક ભોજન માટે બેઠો. સારો ખાદ્ય પદાર્થ છે. એ ખાતાં રાગદશા મનમાં ઉદિત થઈ. અહીં સાધકના ચિત્તતંત્રની ખૂબી એ હોવી જોઈએ કે રાગ ઉત્પન્ન થતાં જ ખ્યાલ આવી જાય કે રાગ ઉત્પન્ન થયો છે. અને તરત જ એનો છેદ કેમ ઉડાડી શકાય એની શોધ ચાલે છે.

અનાદિની સંજ્ઞાએ એક વિચાર આપ્યો : આ પદાર્થ બહુ જ સારો છે. અને રાગદશાનું વહેણ ચાલુ થયું.

સાધકની જાગૃતિ પ્રતિવિચાર નહિ ફેંકે ? શો આનો અર્થ ? થોડીવાર માટે સારો લાગતો આ પદાર્થ... આખરે શેમાં ફેરવાશે ? કેવા કચરામાં એ રૂપાંતરિત થનાર છે ?

રાગના તંતુને ઉચ્છેદવા આ જાગૃતિ રામબાણ ઔષધ છે.

વિનોબાજી નાના હતા ત્યારે તેમના ઘરે ગામડામાં રહેતા તેમના સંબંધીઓના દીકરાઓ, જે ભણવા માટે આ શહેરમાં આવેલા, રહેતા હતા. જમવા માટે બધા બેસે ત્યારે બીજાઓને ગરમ રોટલી મળતી; વિનોબાજીને ઠંડી રોટલી મા આપતી.

એકવાર મા-દીકરો બેઉ જ હતા ત્યારે વિનોબાજીએ પૂછ્યું કે મા ! તું મને જ કેમ ઠંડી રોટલી આપે છે ?

માએ કહેલો જવાબ માના હૃદયની જાગૃતિને ચીંધતો હતો : વિન્યા! મને તારા પ્રત્યે સ્નેહ છે અને એથી તારા પ્રત્યેના સ્નેહમાં બીજાઓને અન્યાય ન કરી બેસું, માટે આ સાવધાની રાખી છે. જે દિવસે સંબંધીઓના દીકરામાં અને તારામાં મને સહેજ પણ ફરક નહિ વરતાય એ દિવસથી તનેય ગરમ રોટલી મળશે.

કેવી જાગરુકતા !

• • •

વિનોબાજીના જીવનની જાગૃતિની એક ઘટના યાદ આવે છે. પત્રકાર પરિષદ હતી. મોટા પત્રોના તંત્રીઓ, પત્રકારો આવેલા. બે પ્રશ્નો પુછાઈ ગયેલા. ત્રીજો પ્રશ્ન જે પત્રકારે પૂછવાનો હતો તેણે પૂછ્યું: આચાર્યજી, બે પ્રશ્નો આપને પુછાઈ ગયા છે અને એના જવાબ આપે આપ્યા છે. ત્રીજો પ્રશ્ન મારે પૂછવાનો છે. મારે એ જાણવું છે કે આ વચગાળાના સમયમાં આપે શો વિચાર કર્યો ?

સંભ્રાન્ત, જાણીતા પત્રકારોની સભા હોય. એ પ્રશ્નોના ઉત્તરો બીજે દિવસે દેશનાં ને વિદેશનાં વર્તમાનપત્રોમાં ચમકવાના હોય... વિદ્વાન માણસ પણ આવી ક્ષણોમાં દબાવમાં હોઈ શકે. પરંતુ વિનોબાજી સાધક હતા. તેમની ભીતરી વાત આખી જુદી હતી.

**તેમણે કહ્યું : બે પ્રશ્નો પુછાઈ ગયા પછી મારો પ્રિય મંત્ર દશ વાર મેં રટ્યો છે અને અગિયારમી વાર એ રટી રહ્યો છું.**

આ જાગૃતિ હોય ત્યાં સૂક્ષ્મ રાગ - હું સારું બોલ્યો, મેં બીજાઓને પ્રભાવિત કર્યા - ક્યાંથી પ્રવેશે ?

• • •

પાંચ-સાત બૌદ્ધિકો સંગોષ્ઠિ માટે મળ્યા હોય ત્યારે, નવાઈની વાત એ હોય છે કે, શ્રોતા કોઈ નથી હોતું ! બધા વક્તા જ હોય છે.

એક વ્યક્તિ બોલતી હોય ત્યારે બીજાના મનમાં વિચારોનું ઘમસાણ યુદ્ધ ચાલતું હોય છે : આના મુદ્દા કરતાં વધુ પ્રભાવશાળી મુદ્દા હું મૂકું. એના કરતાં વધુ સરસ હું બોલું.

પાંચ-સાત માણસોનું આ નાનકડું વૃન્દ. તમારા સારા વક્તવ્યથી બે-ચાર જણા રાજી થયા તોય શું ?

અબજો માણસોથી છલકાતી આ દુનિયામાં બે-પાંચ માણસોને તમે રાજી કર્યા એ કોઈ વિશેષ વાત છે ?

આપણા સૂક્ષ્મ રાગને ફટકારનાર ઘણી અનુપ્રેક્ષાઓ, ઘણી ઘટનાઓ આપણી ચોતરફ ફેલાયેલી છે. પ્રશ્ન એ છે કે આપણે એમને પકડી શકશું ?

હમણાં અંગ્રેજીમાં એક સરસ પુસ્તક આવ્યું છે : 'પાવર ઑવ્ નાઉ.' તેના મુખપૃષ્ઠ પર લખાયું છે કે વીસ લાખથી વધુ નકલો આ પુસ્તકની વેચાઈ ચૂકી છે. આ લખાણ સામાન્ય લેખકોના અહંકારને ચૂરી ન શકે ? હજાર કે પંદરસો નકલો પોતાનાં પુસ્તકની છપાઈ હોય અને એનો સૂક્ષ્મ રાગ ભીતર સળવળી રહ્યો હોય અને આવું કંઈક વંચાય તો... ? તો એ અહંકાર છૂ થઈ જાય ને !

• • •

રામકૃષ્ણ પરમહંસનો એક શિષ્ય ગુરુ પાસે આવ્યો. કહે : પાણી પર, જમીનની જેમ ચાલવાની સિદ્ધિ મેં પ્રાપ્ત કરી છે. ચૌદ વર્ષની સાધનાને અંતે આ સિદ્ધિ મને મળી.

ગુરુ કહે : મૂરખ ! બે પૈસા આપતાં હોડીવાળો નદીને આ પારથી પેલે પાર આપણને ઉતારી દે છે. એ બે પૈસાની સિદ્ધિ મેળવવા માટે તેં તારા કિંમતી ચૌદ વરસ બગાડ્યા ?

શિષ્ય સમજ્યો. એને પોતાની ભૂલ સમજાઈ. એનો અહંકાર તિરોહિત થયો.

આવા ગુરુ મળવા એય પરમ ભાગ્યની નિશાની છે ને !

● ● ●

રાગના ચાર કોઠા છે : પદાર્થ, વ્યક્તિ, શરીર અને હું. પદાર્થો પર રાગ છે. વ્યક્તિઓ પર પણ છે. શરીર પર તો છે જ. અને સહુથી ઊંડો રાગ પોતાના સૂક્ષ્મ હું ઉપર છે.

જાગૃતિ રાગના આ ચારે કોઠાઓને વીંધી શકે છે.

● ● ●

અમલ છે સાધક. નથી રાગનો મલ, નથી દ્વેષનો મલ. પોતાના શુદ્ધ સ્વરૂપની અમલતા-નિર્મલતાને સાધક આંશિક રૂપે અનુભવી શકે છે.

દ્વેષ પણ ઉદિત થવાની તૈયારી કરતો હોય અને જાગૃતિ આવી જાય તો... ? તો દ્વેષ છૂ થઈ જાય.

લીચિ બહુ મોટા સંત હતા.

એક સમયે તેઓ નદીની નાવમાં જઈ બેઠા. અનુકૂળ પ્રવાહમાં નાવ સરકી રહી હતી. બીજી કોઈ નાવડીઓ હતી નહિ સવારના એ સમયે. તો લીચિ આંખો બંધ કરી ધ્યાનમાં બેસી ગયા. નાવનું તરવાનું ચાલુ, સંતનું ધ્યાનમાં હોવાનું ચાલુ.

ધ્યાન એવું પ્રિય હતું કે સમય મળ્યો નથી કે ધ્યાન શરૂ થયું નથી. રસવૃત્તિ હોય છે ત્યાં સમયનો અભાવ નડતો નથી.

નાવ આસાનીથી સરકી રહી છે. અચાનક પાછળથી આવતી એક નાવની જોરદાર ટક્કર લીચિની નાવને લાગી. એક ક્ષણ એક્શન સામે રીએક્શન. ઊભરી આવ્યું : 'હું ધ્યાનમાં છું, મને આજુબાજુની નાવનો ખ્યાલ ન હોય. પણ જેની નાવ ભટકાણી આ નાવ સાથે, એની આંખોય બંધ હશે ? પળભર ક્રોધથી ભીતર છવાઈ ગયું.'

તરત આંખો ખોલી. જોઈને તરત તેઓ હસી પડ્યા. જે નાવની ટક્કર લાગેલી એ નાવ ખલાસી વગરની હતી. કિનારે લાંગરાયેલી હશે નાવ. અને પવનમાં દોરડું છૂટી જતાં વહી નીકળેલી. મોટી નૌકા હોઈ જોરથી એની ટક્કર લાગી ગયેલી.

લીચિ હસ્યા : ખાલી નાવ છે આ તો ! પણ પછી ઊંડા ઊતરાયું : આ જ નાવમાં નાવિક બેઠેલ હોત તો પોતાને કેટલો ગુસ્સો ચડત ! અને નાવિક નથી તો ગુસ્સો ન આવ્યો.

ઘટના બન્ને પરિસ્થિતિમાં સમાન હોય તો પણ એક પરિસ્થિતિમાં ગુસ્સો ચડે તો ત્યાં દોષ પરિસ્થિતિ પર ઢોળી શકાય કે પોતાની ખોટી વિચારણા પર. પોતાની ભીતર છવાઈને રહેલ જીવદ્વેષ જ ખરેખર ગુનેગાર નથી ?

એ પછી લીચિએ 'ખાલી નાવ' શબ્દ પ્રયોગનો જે ઉપયોગ કર્યો તે અદ્‌ભુત છે. ક્યારેક કો'ક વ્યક્તિ ગુસ્સામાં જેમ તેમ બોલી નાખે ત્યારે લીચિ મનમાં કહેતા : આ તો ખાલી નાવ છે. ઉપયોગ રૂપી, હોશ રૂપી માલિક ક્યાં જાગતો છે અહીં ?

હોશ નથી માટે જ પેલાને ક્રોધ આવેલ છે ને ! પણ જો પોતાની પાસે હોશ, જાગૃતિ હોય તો પોતાને ક્રોધ નહિ જ સતાવે...

જાગૃતિ સાધકને અમલ, નિર્મલ બનાવે.

● ● ●

'અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ.'

અખંડ. અખંડ ઉપયોગ સિદ્ધ ભગવંતોનો ચાલી રહ્યો છે.

સાધકે ઉપયોગને અખંડ રાખવા શું કરવું જોઈએ ? ઉપયોગને ખંડિત કરનાર ગુનેગારને ઓળખી તેને પકડી લેવો જોઈએ.

વિકલ્પો શુભ ઉપયોગની ધારાને ખંડિત કરી દે છે. સ્વાધ્યાય કે ભક્તિની મજાની ક્ષણો ચાલતી હોય અને રાગાત્મક કે દ્વેષાત્મક વિકલ્પ આવી જશે તો... ? તો પેલી ધારા તૂટી જશે.

આથી જ સાધનામાં નિર્વિકલ્પ દશા પર ભાર મુકાયો છે. 'નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો.'[1]

ઉપયોગમાં યા તો વિકલ્પો રહેશે, યા તમારી શુભ વિચારણા અથવા શુદ્ધ સ્થિતિ રહેશે.

એ માટેની સરસ પ્રક્રિયા 'સમાધિ વિચાર' ગ્રંથમાં આપેલ છે :

*નિશ્ચે શુદ્ધ સ્વરૂપ કા, ચિંતન વારંવાર;*
*નિજ સ્વરૂપ વિચારણા, કરવી ચિત્ત મોઝાર.*

*અતિ સ્થિરતા ઉપયોગ કી, શુદ્ધ સ્વરૂપ કે માંહી;*
*કરતાં ભવદુઃખ સવિ ટળે, નિર્મલતા લહે તાંહી.*

*એહ ઉપયોગે વરતતાં, સ્થિરભાવે લયલીન;*
*નિર્વિકલ્પ રસ અનુભવે, નિજ ગુણમાં હોવે પીન.*

*તિણ કારણ નિજ રૂપમાં, ફિરી ફિરી કરો ઉપયોગ;*
*ચિહું ગતિ ભ્રમણ મિટાવવા, એહ સમ નહિ કોઈ જોગ.*[2]

શુભથી શરૂઆત કરી : નિજ સ્વરૂપનું વારંવાર ચિંતન કરવું. આ ચિંતન સ્વસ્વરૂપમાં, સ્વગુણમાં ઝંખના પેદા કરશે. 'મને આવા ગુણો ક્યારે મળશે ? મારું આવું સ્વરૂપ મને ક્યારે સાંપડશે ?'

ઝંખનાની તીવ્રતા શુદ્ધ ભણી યાત્રા કરાવશે. એટલે જ દુહામાં કહ્યું કે હવે શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગ અત્યંત સ્થિર બને છે.

---

**૧. સવાસો ગાથાનું સ્તવન. ૨. સમાધિ વિચાર, દુહા-૧૯૯, ૨૦૧, ૨૦૩, ૨૧૫**

ઉપયોગની આ સ્થિરતા નિર્વિકલ્પ રસનો, સ્વગુણની ધારાનો અનુભવ કરાવે છે.

કહે છે ગ્રંથકાર : ભાઈ! તું તારી ભીતર જ ઝાંક. તારી અંદર જ આનંદરસ પડેલ છે. બહાર ફાંફાં હવે ન માર. તારા સ્વરૂપમાં જ સતત ઉપયોગ રાખ.

• • •

કેવું સ્વરૂપ છે આપણું ?

'અમૃતવેલની સજ્ઝાય' કહે છે : કદીયે ક્ષીણ ન થાય તેવું, કર્મ આદિના કલંકથી રહિત, જ્ઞાન અને આનંદથી ભરપૂર તારું સ્વરુપ છે.[3]

નેતિ-નેતિની ભાષામાં પણ વર્ણન થયું સ્વ-સ્વરૂપનું : તું દેહ નથી, મન નથી, વચન નથી, પુદ્ગલ નથી, કર્મ પણ તું નથી. તું બધાથી ન્યારો છે.

એક સરસ અનુપ્રેક્ષા અધ્યાત્મબિંદુમાં અપાઈ છે :[4] 'જે દશ્ય છે તે હું નથી, જે અદશ્ય છે તે હું છું.' શરીરભાવમાંથી રાજીનામું અપાઈ ગયું ને !

રમણ મહર્ષિ 'પરમાર્થ દીપ'માં કહે છે :

*'હું દેહ' એવા મતિસૂત્રને વિષે, ગૂંથાઈ ચિંતા સઘળી જનોની;*
*'હું કોણ ?' એ ચિંતનથી હૃદે ડૂબો, સમસ્ત ચિંતા ટળશે તમારી.*[5]

• • •

'અખંડ.'

શુભ ઉપયોગની ને શુદ્ધ ઉપયોગની સાધકની અખંડ ધારાને વિકલ્પો ખંડિત કરે છે. વિકલ્પો તરફ મન ફંટાય છે ત્યારે પેલી સરસ ધારાઓ ખંડિત થઈ જાય છે.

---

**૩. દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;**
**અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે.... ૨૪**

**૪. यद् दृश्यं तदहं नास्मि, यच्चादृश्यं तदस्म्यहम् ।**
**अतोऽत्रात्मधियं हित्वा, चित्स्वरूपं निजं श्रये ॥** -અધ્યાત્મબિંદુ, દ્વા.૨,શ્લો.૧૮

**૫. પરમાર્થ દીપ, ૧૫૬**

એ માટે માર્ગ કયો ?

શુભનો અને શુદ્ધનો આનંદ તીવ્રતાથી મણાય તો પરમાં જવાની ઇચ્છા જ ન થાય.

• • •

વિકલ્પોની નિરર્થકતાના સંદર્ભમાં પૂજ્યપાદ ચિદાનંદજી મહારાજની એક પ્રસિદ્ધ કડી યાદ આવે :

*નય અરુ ભંગ નિક્ષેપ વિચારત,*
*પૂરવધર થાકે ગુણ હેરી;*
*વિકલ્પ કરત તાગ નહિ પાયો,*
*નિર્વિકલ્પ તે હોત ભયેરી...*

ગુણસમૃદ્ધ પૂર્વધર મહર્ષિઓ પણ નય, નિક્ષેપ અને ભંગો વિચારતાં થાકી જાય છે. વિકલ્પોથી થાકીને તેઓ નિર્વિકલ્પતામાં જાય છે.

સામાન્ય મનુષ્યના વિકલ્પો તો પોતાના ક્ષુદ્ર કર્તૃત્વની આસપાસ ઘૂમતા રહેતા હોય છે. પૂ. મહોપાધ્યાય યશોવિજય મહારાજ કહે છે :

*હું કર્તા પર ભાવનો, એમ જિમ જિમ જાણે;*
*તિમ તિમ અજ્ઞાની પડે, નિજ કર્મને ઘાણે.*[૬]

વિકલ્પોને છોડવા જ રહ્યા.

• • •

'અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ.'

પ્રભુ કર્મોથી બિલકુલ અલિપ્ત છે જ. સાધક પણ અલિપ્ત બનવાના પથ પર છે. સત્તામાં રહેલ કર્મ ઉદયમાં આવશે. પણ એ વખતે સાધકની પ્રતિક્રિયા શી હશે ?

---

**૬. સવાસો ગાથાનું સ્તવન, ઢાળ-૩, કડી-૧૩.**

ઉદયમાં ભળવાનું નહિ થાય. એને જોવાનું થશે. અશાતાનો ઉદય ચાલી રહ્યો છે. શરીર વેદનાથી ગ્રસ્ત છે. સાધક એ વેદનાના ઓથાર નીચે દબાતો નથી. એ શરીરમાં થતી વેદનાને જુએ છે.

આ જોવાની વાત, દ્રષ્ટાભાવ તે આપણો મૂળ ગુણ : દર્શન. આ ક્ષણોમાં રહેવું તે ગુણાનુભવ.

ગુણાનુભવ, સ્વરૂપાનુભવ શું કરે ?

પૂ. ચિદાનંદજી મહારાજ કહે છે :

*નિજ અનુભવ લવલેશથી, કઠિન કર્મ હોય નાશ;*
*અલ્પ ભવે ભવિ તે લહે, અવિચલપુર કો વાસ.*[૭]

સ્વની અંદરની રમણતાનો આનંદ એવો તીવ્ર હોય કે શરીરના સ્તર પરની આ પીડાનો ખ્યાલ પણ નથી હોતો.

ચાર ડિગ્રી તાવમાં શરીર સેકાતું હોય, બેચેની તીવ્ર હોય અને એ વખતે એ દર્દીને સમાચાર મળે કે એક કરોડની લૉટરી પોતાને લાગી છે; તો તાવની પીડા ક્ષણભરમાં છૂ થઈ જાય કે નહિ ?

એ સુખ કરતાં આ આનંદ તો કેટલો ચઢિયાતો છે ! સ્વમાં હોવાનો આનંદ.

• • •

કર્મના ઉદયને જોવાનો થશે. બંધ વધુ પડતો થશે નહિ કર્મનો. નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ મળી ગઈ. રાગ-દ્વેષની શિથિલતા થઈ તો બંધમાં તીવ્રતા ક્યાંથી આવશે ?

• • •

અલિપ્તતા અને લિપ્તતાની વાત જ્ઞાનસારે સરસ રીતે કહી છે : 'अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः'.

---

૭. ૫૩, સ્વરોદય જ્ઞાન

નિશ્ચય દૃષ્ટિએ આત્મા અલિપ્ત છે. નિશ્ચય દૃષ્ટિ કહેશે કે કર્મના પરમાણુઓ જડ છે, આત્મા ચૈતન્યમય છે; આત્માને કર્મ શું કરી શકે ?

'અધ્યાત્મબિંદુ' ઉપાધ્યાય હર્ષવર્ધનજીએ રચેલ નિશ્ચયનયનો મજાનો ગ્રંથ છે. તેમાં તેઓ કહે છે : બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તા ખરી; પણ એ કર્મને. મારે શું ? હું તો મુક્ત છું.[૮]

વ્યવહાર દૃષ્ટિ અલગ છે. તે એમ કહે છે કે આત્મા કર્મોથી કેટલો તો ખરડાયેલ છે ! તેને તપ, જપ, સાધના દ્વારા શુદ્ધ કરવો છે.

● ● ●

બહુ મજાની વાત એ છે કે વ્યવહાર અને નિશ્ચય દૃષ્ટિઓનું તમારી સાધનામાં મિશ્રણ કયા અનુપાતથી કરવું એ ગીતાર્થ ગુરુ નક્કી કરશે.

ગીતાર્થ સદ્‌ગુરુ નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિમાં પારંગત હોય છે. અને તેમની પાસે આવતા સાધકોમાં નિશ્ચય-વ્યવહારનું પ્રમાણ કઈ રીતે રાખવું તે પોતાના અનુભવ બળથી નક્કી કરે છે. જેમ કે, પ્રારંભિક સાધક આવ્યો હોય તો એને પાંચ કે દશ ટકા નિશ્ચય અને નેવું કે પંચાણું ટકા વ્યવહારનું મિશ્રણ તેઓ આપશે. અને એકદમ ઊચકાયેલ સાધક માટે સામે છેડે જઈને પણ તેઓ મિશ્રણ આપશે.

પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજનું સવાસો ગાથાના સ્તવનનું આ વચન બહુ જ પ્રસિદ્ધ છે :

*નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી, જે પાળે વ્યવહાર;*
*પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.* ઢાળ-૫, કડી - ૪

અને આની જ સામે છેડેનું તેમનું કથન છે :

*નિશ્ચય નવિ પામી શકે જી, પાળે નહિ વ્યવહાર;*
*પુણ્યરહિત જે એહવા જી, તેહને કવણ આધાર...?* ઢાળ-૫, કડી - ૭

● ● ●

---

૮. **बन्धोदयोदीरणसत्त्वमुख्याः भावाः प्रबन्धः खलु कर्मणां स्यात् ।**

ગીતાર્થ ગુરુ સાધકના હૃદયમાં સાધનાનું લક્ષ્ય પ્રતિષ્ઠિત કરી નિશ્ચયનું રોપણ કરે છે. રાગ, દ્વેષ અને અહંકારની શિથિલતા આ ધર્મનું લક્ષ્ય છે.

લક્ષ્ય નિશ્ચિત થયા પછીની સાધકની સાધના ઘણા ભાગે સમ્યક્ હોઈ શકે. કારણ કે સાધનાનું - પ્રભુએ કહેલ ક્રિયામાર્ગનું આચરણ એ કરતો જશે અને જોડે જોડે જોતો જશે કે પોતાના રાગ, દ્વેષ અને અહંકારમાં શિથિલતા આવી કે કેમ.

બની શકે કે પોતા માટેનું પોતાનું આ નિરીક્ષણ એટલું તીક્ષ્ણ ન હોય કે જેટલું એ હોવું જોઈએ અને તો, રાગાદિની શિથિલતા એટલી ન થઈ હોય તો પણ એ થઈ છે એમ માની લેવાય. સાધના જગતમાં આ ઓવર એસ્ટિમેશન - અધિમૂલ્યન બહુ જ ખતરનાક છે.

એ માટે સાધક સદ્ગુરુને જ પૂછશે કે સાહેબજી, મારી સાધના બરોબર ચાલે છે ?

તો, નિશ્ચયદૃષ્ટિ હૃદયમાં આવી અને હવે વ્યવહારમાર્ગનું પાલન થાય છે તો આ નિશ્ચય-વ્યવહારનું દ્વન્દ્વ ભવપાર ચોક્કસ ઉતારશે.

હવે સાધકને માત્ર સંખ્યામાં સંતોષ નહિ આવે. મેં પાંચસો સામાયિક કર્યા એ ગણિત હવે એનું નહિ હોય, સમભાવ મારામાં કેટલો આવ્યો એ જ તે જોશે.

પૂ. આનંદઘનજી મહારાજનું સટીક વચન યાદ આવે : 'આતમજ્ઞાની શ્રમણ કહાવે....' મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજનું પણ એવું એક વચન યાદ આવે :

*લિંગ-વેષ-કિરિયાકું સબહિ, દેખે લોક તમાસી હો;*
*ચિન્મૂરતિ ચેતન ગુન ચિન્હે, સાચો સોઉ સંન્યાસી હો.*[૯]

---

૯. ગુર્જર સાહિત્ય સંગ્રહ, ભા. ૧ પૃ. ૧૭૫, પદ-૩૯.

ચિન્મૂર્તિ સાધક સ્વ-ગુણોની દુનિયાને પરખે છે અને તેમાં ખોવાઈ જાય છે. સ્વગુણોમાં હોવું તે જ ધ્યાન. અને એ ધ્યાન માટે ક્રિયામાર્ગ. કેવું મઝાનું આ સાયુજ્ય !

ઉપમિતિ એટલે જ કહે છે કે મુનિવરોની અને શ્રાવકોની મૂળગુણ સાધના, ઉત્તરગુણ સાધના અને પ્રતિલેખનાદિ ક્રિયાઓ ધ્યાનયોગ માટે જ છે.[૧૦]

● ● ●

મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજનું નિશ્ચય અને વ્યવહારનું સમર્થક એક સરસ વિધાન છે :

*કોઈ કહે મુક્તિ છે વીણતાં ચીંથરાં,*
*કોઈ કહે સહજ જમતાં ઘર દહીંથરા;*
*મૂઢ એ દોય, તસ ભેદ જાણે નહીં,*
*જ્ઞાનયોગે ક્રિયા સાધતાં તે સહી.*[૧૧]

કોઈ કહે છે કે મુક્તિ ચીંથરાં વીણવા જેવી કષ્ટસાધ્ય છે. બીજાઓ કહે છે કે મુક્તિ તો ઘરે દહીંથરા જમતા હોઈએ એવી સરળ છે. ઉપાધ્યાયજી મહારાજ કહે છે : આ બેઉ મૂર્ખ છે. જ્ઞાન દ્વારા (નિશ્ચય દૃષ્ટિ દ્વારા) ક્રિયાયોગને (વ્યવહારને) સાધતાં મુક્તિ મળે છે.

● ● ●

બહુ મઝાનો ક્રમ સાધનાનો અહીં અપાયો છે : મોહની તિરોહિતતા, આત્મસ્મરણ, આત્મરમણતા, ધર્મધ્યાન, શુક્લધ્યાન, વીતરાગદશાની પ્રાપ્તિ.

હવે આવશે આત્મરમણતા. જેને સ્તવનાકારે તત્ત્વરમણતા શબ્દ વડે દર્શાવી છે. નવ તત્ત્વોમાં મુખ્ય બે : ચેતન, જડ. એમાં પણ મુખ્ય એક : આત્મા. આ આત્મતત્ત્વને વિષે રમણતા.

---

**૧૦. मूलोत्तरगुणाः सर्वे, सर्वा चेयं बहिष्क्रिया ।**
**मुनीनां श्रावकाणां च, ध्यानयोगार्थमीरिता ॥** - उपमिति, प्रस्ताव-८, श्लो. ७२६

**૧૧. સાડા ત્રણસો ગાથાનું સ્તવન. ઢાળ ૧૬, કડી-૨૪.**

આચારાંગજીનું એક હૃદયંગમ સૂત્ર યાદ આવે : જે આત્મદર્શી છે તે સાધકો આત્મરમણશીલ છે અને જે આત્મરમણશીલ છે તે આત્મદર્શી છે.[૧૨]

આત્મદર્શિતા આત્મરમણતામાં ફેરવાય છે. તમે તમારા સ્વરૂપને જુઓ અને એવા તો એના મોહમાં પડી જાવ કે તમે તેમાં જ ખોવાઈ જાવ.

આત્મદર્શિતા શી રીતે આવે તેના ઉપાય બતાવતાં અધ્યાત્મોપનિષદ્ ગ્રંથે કહ્યું :[૧૩] આત્મદર્શી બનવા ઇચ્છતો સાધક જ્ઞાનયોગ વડે અંતર્મુખ બને. એવું એ દર્શન થશે, જેમાં દ્રષ્ટા સિવાયના બીજા બધાં જ દશ્યો છૂ થઈ જશે!

મનના કમ્પ્યુટરની પૂરી જૂની યાદદાસ્ત ભૂંસાઈ જશે. મેમરીનું ડીલિટ થવું, તમારું તમને મળી જવું.

બહિર્મુખ દશા છૂટવી જોઈએ. જ્યાં અંતર્મુખતા આવી, અંદરના આનંદનો આછેરો સ્પર્શ થયો; બહિર્મુખ દશા છૂટી.

અંતર્મુખ દશા આત્મદર્શિતામાં ફેરવાશે. અને આત્મદર્શિતા આત્મ-રમણતામાં ફેરવાશે. તમે આત્મદર્શી બન્યા; પરમાં શી રીતે રહી શકવાના ? પરમાં શી રીતે રમી શકવાના ? હવે બહારની દુનિયાને કહો અલવિદા.

આચારાંગજીનો ક્રમ સમજવા જેવો છે : આત્મદર્શિતાથી આત્મરમણતા, અને આત્મરમણતાથી આત્મદર્શિતા. પહેલાં સાધક પોતાના સ્વરૂપનું દર્શન કરશે, પોતાની વૈભવી દુનિયાને જોશે અને તે હશે એ વૈભવી દુનિયામાં.

ભીતરની એ વૈભવી દુનિયાનો વસવાટ - આત્મરમણતા તેને આત્મદર્શિતા આપશે. એટલે કે હવે એ સાધકને આત્મા સિવાય બીજું કંઈ જ જોવા જેવું નહિ લાગે.

---

૧૨. **जे अणण्णदंसी से अणण्णारामे, जे अणण्णारामे से अणण्णदंसी ।**
१/२/६/१०१

૧૩. **तेनात्मदर्शनाकाङ्क्षी, ज्ञानेनान्तर्मुखो भवेत् ।**
**द्रष्टुर्दृगात्मता मुक्तिर्दृश्यैकात्म्यं भवभ्रमः ॥** –अध्यात्मोपनिषद्, ज्ञानयोग, ५

પહેલી આત્મદર્શિતા કરતાં આ બીજીવારની આત્મદર્શિતા ચઢિયાતી છે. ત્રીજીવારની એથી પણ ચઢિયાતી થવાની. આવું જ આત્મરમણતા માટે બનશે. પહેલીવારની આત્મરમણતા કરતાં બીજીવારની આત્મ-રમણતામાં ઊંડાણ વધુ હશે. ગુણસ્પર્શ તીવ્રતાથી સંવેદાતો જશે.

દીક્ષાના એક વર્ષના પર્યાયે જીવન્મુક્ત દશાની વાત જે શાસ્ત્રોમાં આવે છે તેનો આધાર આ આત્મદર્શિતા અને આત્મરમણતા છે. આથી જ જીવન્મુક્ત મહાત્માઓની આંતરદશા પર કેમેરા ફેરવીને મહોપાધ્યાય યશોવિજય મહારાજ જેવા અનુભૂતિવાન સાધકે કહ્યું : જીવન્મુક્ત મહાત્માઓ આત્મભાવમાં સદા જાગૃત હોય છે, વિભાવોમાં તેઓ સૂતેલા છે અને પરદ્રવ્યોમાં તેઓ ઉદાસીન છે અને એ રીતે તેઓ સ્વગુણોમાં લીન હોય છે.[૧૪]

● ● ●

આત્મરમણતામાં ધર્મધ્યાન ચાલ્યા કરતું હોય છે. એ ધર્મધ્યાન દ્વારા શુક્લધ્યાન અને એ દ્વારા વીતરાગદશાની પ્રાપ્તિ.

કેવો મઝાનો આ ક્રમ !

■ ■ ■

---

**૧૪. जाग्रत्यात्मनि ते नित्यं, बहिर्भावेषु शेरते ।**
**उदासते परद्रव्ये, लीयन्ते स्वगुणामृते** ॥ -पंचविंशतिका-१५

## (૫) આધારસૂત્ર

મોહાદિકની ઘૂમિ અનાદિની ઊતરે હો લાલ,
અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ;
તત્ત્વરમણ શુચિધ્યાન ભણી જે આદરે હો લાલ,
તે સમતારસ ધામ સ્વામી મુદ્રા વરે હો લાલ.... ૪

સમાધિરસથી ભરપૂર પ્રભુના દર્શનથી મોહનું શિથિલીકરણ, એથી આત્મસ્મરણ. તેનાથી આત્મરમણતા, ધર્મધ્યાન, શુક્લધ્યાન અને વીતરાગ દશાની પ્રાપ્તિ થાય છે.

## સાધનાસૂત્ર

- મોહનું શિથિલીકરણ
- આત્મસ્મરણ
- આત્મરમણ દશા
- ધર્મધ્યાન
- શુક્લધ્યાન
- વીતરાગ દશા

૬

# કેટલીક શ્રેષ્ઠ પ્રાર્થનાઓ

**પ્રભુ ! આપ ત્રિભુવનના નાથ છો. હું આપનો દાસ છું. પ્રભુ ! મારી એક અભિલાષા છે કે આત્મસ્વભાવનું સ્મરણ મને સતત થાઓ ! એના જ જ્ઞાન, દર્શન અને ચારિત્રની ધારા ચાલ્યા કરો ! અને આ બધાનું ધ્યાન સતત રહે !**

રાજસ્થાનમાં છેવાડે આવેલું એક ગામ. જૈનોનાં પાંચ-સાત ઘર. મધ્યમવર્ગનાં. ગામમાં એક માજી રહે. દહેરાસર ગામમાં નહિ. ફોટામાં પ્રભુનાં દર્શન કરે અને ત્યારે રોજ આંખો ભીંજાય : પ્રભુનું દર્શન ક્યારે મળશે ?

એમના એક સંબંધીએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો. માજી એમાં યાત્રા માટે ચાલ્યાં. પહેલી જ વાર પાલીતાણાની યાત્રા કરવાની હતી. પાલીતાણા આવ્યું. માજી ઉપર ગયાં.

ઉપર તો ભગવાન જ ભગવાન. જ્યાં જુઓ ત્યાં ભગવાન. એ વખતે માજીએ પ્રાર્થના કરી : ભગવાન ! તમે આટલા બધા અહીં છો, તો બે-ત્રણ ભગવાન તો મારે ગામ આવો ! અમે તમારી બરોબર ભક્તિ કરશું. પ્રભુ ! આવો !

માજી પાલીતાણાથી ઘરે ગયા એ જ દિવસે એક આચાર્ય ભગવંત પોતાના મુનિવૃન્દ સાથે ત્યાં પધાર્યા. એ બાજુ વિહાર બહુ જ ઓછો. વર્ષો પછી આચાર્ય મહારાજ પધાર્યા. ગામ લોકોએ ખૂબ સરસ ભક્તિ કરી. બપોરે પ્રવચનમાં આચાર્ય મહારાજે પૂછ્યું : તમે લોકો આટલા બધા ભક્તિવાળા છો, તો દહેરાસર કેમ નથી ?

માજીએ કહ્યું : સાહેબજી, આપ પધાર્યા છો. આપની પ્રેરણાથી દહેરાસર થઈ જાય તો અમને ખૂબ આનંદ થાય. પ્રભુની ભક્તિ અમે બરોબર કરીશું.

આચાર્ય ભગવંતને વંદન કરવા એક શ્રેષ્ઠી આવેલા. તેમને કો'ક ભાવક ક્ષેત્રમાં દહેરાસર બનાવવું જ હતું. તેમણે ઊભા થઈ વિનંતી કરીઃ જો શ્રી સંઘ મને રજા આપે તો હું દહેરાસર કરાવી આપું. સંઘ તો તૈયાર જ હતો. છ મહિનામાં દહેરાસર બની ગયું. અને એ જ આચાર્ય ભગવંતના કરકમળ દ્વારા ત્રણ પ્રભુજીની પ્રતિષ્ઠા રંગે ચંગે થઈ.

માજીની પ્રાર્થના કેવી ઝડપથી ફળી !

• • •

પ્રાર્થનાને બહુ જ ઝડપથી કાર્ય કરનારી સંઘટના તરીકે ઓળખવામાં આવે છે. કોઈ લાઈટ ઓન કરે અને પંખો ફરફરી ઊઠે તેમાંય વચ્ચે પ્રતિ-પ્રતિસેકંડ લાગતી હોય છે. પ્રાર્થના તે જ ક્ષણે સાકાર બને છે.

બસ, હૃદયનાં ઊંડાણથી પ્રાર્થના કરો ! પ્રભુની કૃપાનો અનુભવ તમને તત્કાળ થશે.

• • •

મોતીશાહ શેઠ પાલીતાણાની યાત્રાએ ગયેલા. ત્યાંનાં ઉત્તુંગ જિનાલયો જોઈ પોતાને પણ એવું જિનાલય બાંધવાની ઈચ્છા થઈ. સ્થપતિ જોડે હતા. જગ્યા જોઈ. અત્યારે જ્યાં મોતીશાહ શેઠની ટૂંક છે ત્યાં કુંતાસરની ઊંડી ખીણ.

મોતીશાહ શેઠે કહ્યું : આ ખીણને પૂરી અહીં દહેરાસર બનાવીએ. શિલ્પી કહે : સાહેબ, ડુંગર પર આવી ઊંડી ખીણ પૂરવી શી રીતે ?

મોતીશાહ શેઠનો જવાબ મનોહર હતો : જે પ્રભુની કૃપા અનંત જન્મોની નરક-નિગોદની ખીણોને પૂરી દે, એ પ્રભુની કૃપા માટે આ ખીણ શી વિસાતમાં ?

ભક્તહૃદયની એ શ્રદ્ધા અને પ્રાર્થનાનું ધબકતું સ્મારક આજે મોતીશાહ શેઠની ટૂંકના નામે પ્રસિદ્ધ છે.

● ● ●

કેટલીક શ્રેષ્ઠ પ્રાર્થનાઓ યાદ આવે : મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ પરમતારક શ્રી અભિનંદન પ્રભુની સ્તવનામાં કહે છે : 'તેરે નયન કી મેરે નયન મેં, 'જસ' કહે દિઓ છબિ અવતારી...' પ્રભુ ! તારી આંખોમાં જે નિર્વિકારતા આદિ છે, તેનું પ્રતિબિંબ મારી આંખોમાં પડો ! 'અખિયન મેં અવિકારા...'નું નાનકડું પડેલું પ્રતિબિંબ - સાધકની આંખોમાં - કેવું ભવ્ય લાગે ! એ વખતે વિમાસણ થાય કે પ્રભુને જોવા કે આ ભક્તને જોવો ?

શંખેશ્વર મહાતીર્થમાં પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત કલાપૂર્ણસૂરિજી મહારાજ સાહેબ બેઠેલ હોય, દેવાધિદેવની સામે, ત્યારે પળભર વિમાસણ થતી : કોને મન ભરીને નીરખવા ?

પ્રભુનું દર્શન તો મનહર, મનભર છે જ, પણ સદ્‌ગુરુની આંખોમાં પ્રતિબિંબિત થયેલા ભીના ભીના પ્રભુને જોવાનું પણ કેમ ચૂકી શકાય ?

ક્યારેક આંખો કોરી હતી અને પ્રભુના ભીના, ભીના મોહક રૂપને અવલોકવું હતું; ત્યારે આ પ્રયોગ કર્યો છે : સદ્‌ગુરુની આંખોમાં પ્રતિબિંબિત પ્રભુને નીરખ્યા છે. આંખોની એ ભીની સપાટી પર પ્રભુ કેવા તો મોહક લાગતા હતા !

● ● ●

મહામંત્રી વસ્તુપાળની પ્રાર્થના યાદ આવે : પ્રભુ ! આવતા જન્મે એવો દેવનો અવતાર મળે કે મનુષ્યનો અવતાર મળે; જ્યાં તમારું દર્શન દોહ્યલું હોય; તે કરતાં મને ચકલા કે કબૂતર જેવા પંખીના રૂપમાં અવતરવાનું પણ ગમશે; જો તમારા દહેરાસરના કોઈ થાંભલાની ટોચે કે ગવાક્ષ પર માળો બાંધીને રહેવાનું મળે ! તમારું પણ દર્શન મળશે. તમારા દર્શન માટે આવતા ભક્તોનું દર્શન પણ મળશે.[1]

• • •

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પરમતારક શ્રી મલ્લિનાથ પ્રભુના સ્તવનમાં કહે છે : 'રીઝવવો એક સાંઈ.' પ્રાર્થનાને સંકલ્પનું સ્વરૂપ અહીં અપાયું છે. દૃઢ નિર્ધાર : મારે મારા પ્રભુને રીઝવવા છે.

ભક્તની ચતુરાઈ કેવી મજાની છે ! ભક્તને ખ્યાલ છે કે લોકોને જે રીતે - પ્રશંસા, સત્કાર આદિથી - રીઝવી શકાય છે, તે રીતે પ્રભુને રીઝવી શકાતા નથી. તો પ્રભુને રીઝવવાનો માર્ગ કયો ? મહોપાધ્યાયજી પ્રભુની કોર્ટમાં જ બોલ ફેંકે છે :

*'મલ્લિનાથ ! તુજ રીઝ, જન રીઝે ન હુવે રી;*
*દ્યો એ રીઝણનો ઉપાય, સામું કાં ન જુએ રી...'*

તમને રીઝવવાનો માર્ગ મને આપો. મને શીખવાડો કે તમને કઈ રીતે રીઝવી શકાય છે. તમે આમ મારી સામું પણ ન જુઓ તે કેમ ચાલે ?

• • •

પરમતારક શ્રી અરજિનના સ્તવનમાં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ કહે છે : 'વાચક જસ કહે અવર ન ધ્યાવું, એ પ્રભુના ગુણ ગાઉં રે...' બીજા કોઈનું ધ્યાન હવે નહિ. પ્રભુનું જ ધ્યાન.

---

૧. **त्वत्प्रासादकृतनीडे वसन् श्रृण्वन् गुणांस्तव ।**
**सङ्गदर्शनतुष्टात्मा, भूयासं विहगोप्यहम् ॥**

કેમ ?

આગળની કડીમાં તેઓ લખે છે : પ્રભુના શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું ધ્યાન ધરતાં પ્રભુ મોક્ષ આપે છે; માટે પ્રભુનું ધ્યાન કરવું છે.

પ્યારા શબ્દો વહ્યા છે : 'શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણે રે.' 'સપરાણે' શબ્દ કેવો મજાનો છે ! આપણે તો ધ્યાન કરતા હોઈએ શુદ્ધ આત્મદ્રવ્યનું કે તેના નિર્મળ ગુણો અને પર્યાયોનું; પ્રભુ કહેશે : લે, મોક્ષ તને આપું છું. માગ્યો પણ ન હોય મોક્ષ; મનમાં એની કોઈ કલ્પના પણ ન હોય અને પ્રભુ કહી દે : લે, આ લઈ જા ! 'સપરાણે' એટલે પરાણે; પરંતુ અહીં અનાયાસ જેવો અર્થ મેળવી શકાય. આવી ઘટના માટે જ આપણે ત્યાં એક કહેવત પ્રયોજાય છે : 'બગાસું ખાતાં પતાસું આવી ગયું !'

● ● ●

પરમતારક શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં મહોપાધ્યાય યશોવિજય મહારાજ પ્રભુને કહે છે : 'દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરે જી; તાહરી ગત તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક જસ કરે જી.'

પ્રભુ ! આ કેવું આશ્ચર્ય કે તારા અદ્‌ભુત રૂપને જોઈને ભાવકો અરૂપી પદને પામે છે. પણ પછી બધાં જ પાનાં નીચે મૂકી શરણાગતિ સ્વીકારતાં ભક્ત કહે છે : પ્રભુ ! તારી લીલા તો તું જ જાણે. એમાં મારી બુદ્ધિની ચાંચ ખૂપે તેમ નથી. હું તો માત્ર તારું સ્મરણ કરીશ. તારું ભજન કરીશ.

● ● ●

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી શીતલ પ્રભુની સ્તવનામાં સરસ પ્રાર્થના કરી છે :

*સકલ પ્રત્યક્ષ પણે ત્રિભુવન ગુરુ,*
*જાણું તુજ ગુણ ગ્રામ જી;*

*બીજું કાંઈ ન માગું સ્વામી,*

*એહી કરો મુજ કામ જી. ૧૦/૧૦*

પ્રભુ ! તમારા અનંત ગુણોને પ્રત્યક્ષરૂપે હું જાણું આટલું જ તારી પાસે યાચું છું. બીજું મારે કંઈ ન જોઈએ.

પ્રભુની ગુણસંપદા પ્રત્યક્ષ રૂપે તો માત્ર કેવળજ્ઞાની ભગવંતો જ જાણી શકે. એટલે સ્તવનાકારે કેવળજ્ઞાન અહીં માગી લીધું !

આપણે ત્યાં એક લોકકથા આવે છે. એક અંધ મનુષ્ય. ગરીબ સ્થિતિમાં રહે છે. એક દેવ તેના પર પ્રસન્ન થયો અને કહ્યું કે એક વાક્યમાં તારે જે માગવું હોય તે માગી લે.

પેલો માણસ ચતુર હતો. એણે માગ્યું : 'મારી સાતમી પેઢીના દીકરાની વહુને મારી સાત માળની હવેલીમાં રહી સોનાની ગોળીમાં વલોણું કરતી જોઉં.' દેવે તથાસ્તુ કહ્યું. એક વાક્યમાં એણે કેટલું માગ્યું ? ઉંમર મોટી માગી. સાત પેઢીઓ સુધી સંતાન પરંપરા યાચી. સંપત્તિ માગી.

એમ આ પ્રાર્થનામાં ભક્તે સીધું જ કેવળજ્ઞાન માગી લીધું !

● ● ●

પૂ. ચિદાનંદજી મહારાજની ભીની ભીની પ્રાર્થના આંખોને ને હૃદયને ભીનાશ આપી રહે છે (નેમિનાથ પ્રભુની સ્તવનામાં) : 'મોહ મહા મદ છાકથી, હું છકિયો હો નહિ શુદ્ધિ લગાર; ઉચિત સહી ઇણ અવસરે, સેવકની હો કરવી સંભાર...' હું મોહથી મત્ત છું, પ્રભુ ! મારી કાળજી આપ શું અત્યારે નહિ કરો ?

પ્રભુ કાળજી કરે જ છે.

કઈ રીતે ?

'પણ તુમ દરિસન યોગથી, થયો હૃદયે હો અનુભવ પરકાશ; અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સવિ કર્મવિનાશ.'

પ્રભુના દર્શન વડે અનુભવનો પ્રકાશ ભીતર પથરાયો અને મોહનું અંધારું હવે ક્યાં છે ?

સાધક માટેનું એક સરસ સૂત્ર અહીં ખૂલ્યું છે : 'અનુભવ અભ્યાસી કરે.'

સ્વની દુનિયા ભણી જેટલો પગ ઝડપથી ઉપડશે, સ્વનો અભ્યાસ જેટલો વધુ થશે; એટલી અનુભૂતિની તીવ્રતા મણાશે.

અભ્યાસ.

પરને ઘૂંટવાનું બહુ થયું... હવે સ્વને ઘૂંટીએ. એકાદ ગુણ રોજ લો. એની અનુપ્રેક્ષા કરો. એ તમારી ભીતર કેમ આવે એ માટે પ્રયત્નો-અભ્યાસ કરો અને ગુણાનુભવ તમારી પાસે છે !

• • •

પ્રાર્થના-જગતની એક હૃદયંગમ પ્રાર્થના કુન્તી માતાએ કરી છે. તેઓ કહે છે (મહાભારતમાં) :

'विपदो नः सन्तु शश्वत्.' પ્રભુ ! અમને સતત વિપત્તિઓ મળો !

ગણિત સીધું છે.

જો વિપત્તિની ક્ષણોમાં પ્રભુનું સ્મરણ થઈ ઊઠતું હોય તો એ વિપત્તિ વિપત્તિ ક્યાં રહી ? એ જ તો સંપત્તિ છે.

તો ભક્ત વિપત્તિ તરીકે કોને લેખશે ? 'विपद् विस्मरणं विष्णोः'. પ્રભુનું વિસ્મરણ એ જ વિપત્તિ. પ્રભુનું સ્મરણ તે જ સંપત્તિ.

• • •

કુંદનિકા કાપડીઆએ અનૂદિત કરેલી એક પ્રાર્થના :

*આ તે કેવી અમારી મૂર્ખતા, પ્રભુ !*
*કે સંસારમાં ઘણી વસ્તુઓ મિથ્યા છે*
*તેવું સાચેસાચ માનીએ છીએ,*
*છતાં તેને જ શોધીએ છીએ,*

*તેને જ સાચવીએ છીએ.*
*તે ન મળતાં કે મેળવીને ગુમાવતાં*
*કાગારોળ મચાવીએ છીએ.*
અને એ બધોયે વખત અમે તને ગુમાવીએ છીએ.
તારી પાસે આવવાનો અવસર ગુમાવીએ છીએ.
તેનું તો અમને ભાન પણ થતું નથી.
જીવનની સ્પર્ધામાં
આગળ નીકળી જવાની આકાંક્ષાથી
પાછળ રહી જવાના ભયથી
સતત દોડતા રહીએ છીએ.
કોઈક વાર તારો સાદ સંભળાય છે
પણ અમે કહીએ છીએ : 'પછી, પછી.'
હમણાં સમય ક્યાં છે ?
પછી
જીવનની સાંજ ઢળ્યે ખ્યાલ આવે છે કે
કેવી તુચ્છ બાબતોમાં જીવન વહી ગયું
વરદાનોનો ધોધ આંગળીઓ વચ્ચેથી સરી ગયો.
દિવસ ડૂબી ગયો ને અંતરમાં દીવો થયો નહિ.[૨]

• • •

પ્રાર્થનાના આ લયમાં સ્તવનાની કડી શરૂ થાય છે :
*પ્રભુ છો ત્રિભુવનનાથ ! દાસ હું તાહરો હો લાલ,*
*કરુણાનિધિ ! અભિલાષ અછે મુજ એ ખરો હો લાલ;*

---

૨. **પરમ સમીપે**, પૃ. ૬૯-૭૦

*આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ,*
*ભાસન વાસન એહ ચરણ ધ્યાને ધરો હો લાલ. ૫*

પ્રભુ ! ત્રિભુવનનાથ ! કરુણાનિધિ ! હું તમારો દાસ છું. એક જ વસ્તુ પ્રાર્થું છું કે મારા સ્વરૂપનું મને સ્મરણ સતત રહ્યા કરો. ભાસન, વાસન અને ચારિત્ર મને હો ! અને આત્મતત્ત્વનું જ ધ્યાન મને હો !

'પ્રભુ છો ત્રિભુવનનાથ.' યાદ આવે સકલાર્હત્ સ્તોત્ર. કલિકાલસર્વજ્ઞ આચાર્યપ્રવર શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજ કહે છે : 'भूर्भुवःस्वस्त्रयीशान-मार्हन्त्यं प्रणिदध्महे...' ત્રણે લોક પર જેનું પ્રભુત્વ છે, તે આર્હન્ત્યનું અમે પ્રણિધાન કરીએ છીએ.

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે શીતલનાથ પ્રભુના સ્તવનમાં પ્રભુની આ પ્રભુતા વિષે કહ્યું :

*દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવ ગુણ,*
*રાજનીતિ એ ચાર જી;*
*ત્રાસ વિના જડ ચેતન પ્રભુની,*
*કોઈ ન લોપે કાર (મર્યાદા) જી. ૧૦/૫*

ત્રિભુવનનાથત્વને માત્ર ત્રણે લોકમાં રહેલ મનુષ્યગણ કે પ્રાણીગણ પૂરતું મર્યાદિત ન રાખતાં જડ દ્રવ્યો સુધી વિસ્તારવામાં આવેલ છે.

પ્રભુ પોતાના જ્ઞાનથી જીવ અને અજીવના ગુણો અને પર્યાયોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે ફેરફાર થવાવાળા જુએ છે. પ્રભુની આ જ્ઞાન-પરિણતિનો, પ્રભુની આજ્ઞાનો ભંગ એક પણ દ્રવ્ય કરતા નથી. પ્રભુની આ આજ્ઞા નિષ્પ્રયાસ અને અખંડ આજ્ઞા છે.

બીજી વિશેષતા આ આજ્ઞાધર્મની બતાવી : 'ત્રાસ વિના...' રાજાની આજ્ઞાને પરાણે પણ માનવી પડે. તકલીફ થાય તોય એ વેઠવી પડે. પ્રભુની આજ્ઞા ઉઠાવવામાં કોઈ દ્રવ્યને સહેજ પણ ત્રાસ થતો નથી.

• • •

'પ્રભુ છો ત્રિભુવનનાથ ! દાસ હું તાહરો હો લાલ...' પ્રભુ તમે ત્રિભુવનના નાથ છો. હું તારો દાસ છું.

પ્રભુ છે નાથ. સંરક્ષક. શરણાગત વત્સલ.

આપણું દાસત્વ કેવુંક છે ? સમર્પિતતાનો લય કેટલો છે આપણી પાસે?

અપેક્ષાએ પ્રભુભક્તિ સરળ છે. ગુરુભક્તિ અઘરી છે. સ્તવનામાં ગાતા હોઈએ : 'હું તો ક્રોધ કષાયનો ભરીયો, તું તો ઉપશમરસનો દરિયો...' પ્રભુ હાથ પકડશે નહિ. પ્રભુ નહિ કહે કે હા, બરોબર, તું ક્રોધનો ઊછળતો સમુદ્ર છે જ... પણ જો સદ્‌ગુરુ કહે કે, તારામાં ક્રોધની માત્રા વધુ છે, તો શું થશે ? ગુરુનું એ વચન આપણને ગમશે ?

સદ્‌ગુરુનું દાસત્વ. ગમશે એ ?

● ● ●

મૃગાવતી સાધ્વીજી પ્રભુના સમવસરણમાં ગયેલાં. એ દિવસે ચન્દ્ર-સૂર્ય મૂળ વિમાને પ્રભુને વંદન કરવા આવેલા. પ્રકાશ ઝળાંહળાં હતો. એમાં સાંજ ઢળવા લાગી છે એ ખ્યાલ ન રહ્યો. આમ પણ પ્રભુની દેશના... મીઠી, મીઠી. શો ખ્યાલ આવે સમયનો ?

મૃગાવતીજીને ઉપાશ્રયે આવતાં મોડું થયું. ગુરુણીજી ચંદનાજીએ એમને આડે હાથ લીધાં : તમારા જેવાં સાધ્વીજી. આટલા મોડાં આવે ? આવું કેમ ચાલે ?

મૃગાવતીજી હરખાય છે કે વાહ ! કેવાં ગુરુણીજી મને મળ્યાં છે ! ગુરુણીજી પ્રત્યેનો ભક્તિભાવ... આજ્ઞાવિચય ધર્મધ્યાન. આત્મ-પરિણતિમાં ડૂબવા રૂપ શુક્લધ્યાન અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

આવા પ્રસંગે સામાન્ય સાધક ક્યાં ચૂકી જાય છે ? એની બુદ્ધિ અને અહંકાર અવરોધરૂપ બને છે. પહેલાં બુદ્ધિ આવશે. ગુરુએ કોઈ ભૂલ બતાવી. બુદ્ધિ કહેશે : મારી ભૂલ છે એ નક્કી કરી આપો ! ક્યાં છે ભૂલ

મારી ? મેં શું કર્યું ? કદાચ એમાં રંગાયેલ હાથે પકડાઈ ગયેલ હશે શિષ્ય તો કહેશે : તમે મને એકાંતમાં કહો. જાહેરમાં નહિ.

બુદ્ધિ અને અહંકાર.

મોક્ષ દૂર જતો રહ્યો ને !

• • •

જ્ઞાનદેવ, નામદેવ અને મુક્તાબાઈ યાત્રા કરીને વળતા હતા. ગોરા કુંભારનું ગામ આવ્યું. થયું કે ભગતને મળતા જઈએ. ગોરો કુંભાર તત્ત્વજ્ઞ હતો.

કુંભારને ત્યાં ટપલું પડેલ હોય, ઘડાને આકાર આપવા માટે. નામદેવે પૂછ્યું ગોરા કુંભારને : આનાથી ઘડો કાચો છે કે પાક્કો એ ખબર પડી જાય ? ગોરો કુંભાર કહે : ઘડાનીય ખબર પડે અને ભક્તનીય ખબર પડે.

અને ગોરા કુંભારે મુક્તાબાઈના માથા પર ટપલું અડાડ્યું. નામદેવ ગુસ્સે થઈ ગયા. ગોરા કુંભાર કહે : આ ભક્ત કાચો છે !

પ્રશ્ન : પોતાના પર કોઈ આવું કરે તો ગુસ્સો ન આવવો જોઈએ. પણ બીજા પર - મુક્તાબાઈ જેવા સંત પર આ ઘટના ઘટી અને ગુસ્સો આવ્યો તો તે અનુચિત કહેવાશે ?

ઉત્તર : આ સાપેક્ષ વાત છે. સામાન્યતયા કોઈ સંત પ્રત્યે આવી ઘટના ઘટે તો ક્રોધ આવી શકે. પરંતુ અહીં એ સમજવાનું હતું કે ગોરો કુંભાર ઊંચી કક્ષાનો સાધક છે અને એ જે કંઈ કરે તેમાં કંઈક રહસ્ય સમાયેલું હશે.

ગોરા કુંભારની પરીક્ષામાં નામદેવ નાપાસ થયા. સદ્ગુરુની પરીક્ષામાં આપણે પાસ થઈશું ને ?

• • •

'પ્રભુ છો ત્રિભુવનનાથ ! દાસ હું તાહરો હો લાલ...' પ્રભુનું દાસત્વ એટલે પ્રભુની આજ્ઞાનું પાલન. બની શકે કે શારીરિક નિર્બળતાને

વશ બધી આજ્ઞા શરીરના સ્તર પર ન પળાય. પરંતુ મનના સ્તર પર બે વસ્તુ હોવી જોઈએ : આજ્ઞાપાલનની તીવ્ર ઝંખના અને આજ્ઞાવિરાધનનો તીવ્ર ડંખ.

આ બે ચીજ મળી તો દાસ થઈ ગયા આપણે.

● ● ●

પ્રભુ છે નાથ. આપણે દાસ.

પ્રભુનું નાથત્વ વરસવામાં છે. આપણું દાસત્વ પ્રભુની એ કૃપાવર્ષાને ઝીલવામાં છે.

પ્રભુ વરસ્યા જ કર્યા છે : સાધનાની આ પગથારે આપણું પહોંચવાનું પ્રભુની કૃપાને આભારી છે.

ઘૂંટીએ આ પદને : 'દાસ હું તાહરો...' આપણું દાસત્વ પ્રબળ થઈને બહાર આવશે. પ્રભુની કૃપાને પૂરેપૂરી ઝીલીએ.

● ● ●

'કરુણાનિધિ' વિશેષણ પ્રભુનું ઉચ્ચારીએ અને પ્રભુની કરુણા જીવંત બનીને સ્પર્શે.

ચંડકૌશિક સર્પે દેવાધિદેવ પ્રભુ મહાવીરની કરુણા કેવી તો ઝીલી કે એ પૂરો ને પૂરો બદલાઈ ગયો. પ્રભુની કરુણાના સ્પર્શ પહેલાંનો ચંડકૌશિક : પોતાની આંખમાં રહેલ ઝેર વડે અનેકોને ખતમ કરનારો. પ્રભુની કરુણાના સ્પર્શ પછીનો ચંડકૌશિક : પોતાના મુખને દરમાં રાખીને રહેનારો. ભૂલે-ચૂકે પણ કોઈનાય પર આંખનું ઝેર પડી ન જાય.

પ્રભુ ! આપની કરુણાને અમે લોકો ઝીલી શકીએ એવું બળ આપોને !

● ● ●

મારે જોઈએ છે બળ : હું મારી પોતાની વૈભવી દુનિયામાં જઈ શકું એ માટેનું. 'કરુણાનિધિ ! અભિલાષ અછે મુજ એ ખરો હો લાલ;

આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ, ભાસન વાસન એહ ચરણ ધ્યાને ધરો હો લાલ...'

પ્રભુ ! મારી ઝંખના છે કે આત્મસ્મૃતિ, ભાસન (જ્ઞાન), વાસન (શ્રદ્ધા), ચારિત્રમાં મારું સતત ધ્યાન રહે, તન્મયતા રહે.

• • •

આ કડીનાં ચરણો, આમ જુઓ તો, ત્રણ થશે : આત્મસ્મરણ, આત્મચરણ, આત્મરમણતા.

'જ્ઞાનસાર' ગ્રંથ જ્ઞાન, દર્શન અને ચારિત્રની મજાની વ્યાખ્યા આત્મચરણ રૂપે આપે છે.[૩] આત્મચરણ તે જ જ્ઞાન, આત્મચરણ તે જ દર્શન અને આત્મચરણ તે જ ચારિત્ર.

આત્મચરણની પહેલાંનું ચરણ થશે આત્મસ્મરણ. ભાવકની ઝંખના કેવી છે ? 'આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ.' સદા. હંમેશ માટે મને ખ્યાલ રહે કે હું શરીર નથી. ચૈતન્યથી, આનંદથી છલકાતો આત્મા છું.

હમણાં એક સંગોષ્ઠિમાં મેં ભાવકોને પૂછેલું : તમે પહેરેલું ખમીસ તે તમે નથી આવું તમારે વિચારવું કે રટવું પડે ખરું ? 'હું એટલે ખમીસ નહિ, હું એટલે ખમીસ નહિ...' આવું રટવું પડે ?

જવાબ 'ના'માં મળ્યો ત્યારે મેં આગળ વાતને વધારી. મેં કહ્યું : જેવું ખમીસ તમારાથી ભિન્ન છે, તેવું જ શરીર તમારાથી ભિન્ન છે એવું તમે જાણો છો; 'वासांसि जीर्णानि यथा विहाय...'[૪] જેવી ભગવદ્ ગીતાની પંક્તિઓ

---

૩. **चारित्रमात्मचरणात्, ज्ञानं वा दर्शनं मुनेः ।**
**शुद्धज्ञाननये साध्यं, क्रियालाभात् क्रियानये ।।** - જ્ઞાનસાર, ૧૩

૪. **જીર્ણ કપડાંને છોડીને કોઈ નવાં કપડાં પહેરે એ જ રીતે આત્મા જુના શરીરને છોડીને નવું શરીર ધારણ કરે છે.**

તમે ટાંકી શકો છો; આત્માને અગ્નિ બાળતો નથી કે શસ્ત્રો એને છેદી શકતા નથી[૫] એમ તમે ઉચ્ચારો છો અને છતાં દેહાધ્યાસ કેમ મટતો નથી ?

ઉત્તર માટે લોકોએ મારી તરફ જોયું ત્યારે મેં કહ્યું કે ખમીસને તમે વારંવાર શરીર પરથી કાઢો છો, પહેરો છો, ફરી કાઢ્યું, ફરી પહેર્યું... આવું જ જો દેહભાવ માટે થઈ શકે તો દેહભાવ શિથિલ બન્યા વગર ન રહે...

દેહભાવને કઈ રીતે ઉતારવો ? 'દેહ તે હું નહિ' આવું ચિંતન ઉપરછલ્લું ન રહે અને અસ્તિત્વના છેલ્લા પડ સુધી જાય તેવું થવું જોઈએ. તો દેહભાવને શિથિલ થયે જ છૂટકો.

ગુર્જિએફ વીસ વર્ષ સુધી એક સાધક પાસે રહેલા. 'ટીચર્સ ઑવ્ ગુર્જિએફ' પુસ્તક લખવા માટે એક વિદ્વાન પ્રોફેસર ગુર્જિએફના બધા જ પ્રશિક્ષકોને મળેલા, તેમાં આ પ્રશિક્ષકને પણ મળ્યા.

પ્રોફેસરે તેમને પૂછ્યું : વીસ વર્ષ સુધી ગુર્જિએફને આપે શું શીખવ્યું ?

પ્રશિક્ષકે કહ્યું : શ્વાસ કેમ લેવો તે મેં એને શીખવ્યું.

'એ તો બરોબર. બીજું આપે શું શીખવ્યું ?'

'બીજું કંઈ જ નહિ, માત્ર શ્વાસ કેમ લેવો એ શીખવતાં આટલો સમય લાગ્યો હતો.'

લેખક નવાઈમાં પડી ગયા, ત્યારે પ્રશિક્ષકે કહ્યું કે તમને જો એ શીખવવાનું હોય તો તમે વીસ વર્ષે પણ એ શીખી શકો કે કેમ એ પ્રશ્ન રહે. પછી તેમણે ઉમેર્યું : શ્વાસ લેવો એનો અર્થ તમે લોકો એટલો જ કરો છો કે ફેફસાંને પ્રાણવાયુ પૂરો પાડવો. નહિ, શ્વાસ લેવાનો મતલબ છે અસ્તિત્વના છેલ્લામાં છેલ્લા પડને ઓજસ્ પૂરું પાડવું.

દેહાધ્યાસ મિટાવવા માટે પણ 'હું દેહ નથી' એ ચિંતનને ઉપરછલ્લું નહિ, પણ અસ્તિત્વના છેલ્લા પડ સુધી એ પહોંચે તેવું કરવાનું.

● ● ●

---

૫. नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।

આત્મસ્મરણ, આત્મચરણ, આત્મરમણતા.

'આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ...' સદા આત્મસ્મરણ થાય છે ? ક્યારે ક્યારે તમારા સ્વરૂપની સ્મૃતિ થઈ ઊઠે છે?

વિભાવમાં પડ્યા. અહંકારનો ઉદય થઈ ગયો. એ વખતે યાદ આવશે કે આ અહંકાર એ મારું સ્વરૂપ નથી.

ચાલો, તમે રસ્તા પર ચાલતા હો અને કોઈ ધક્કો મારીને તમને ખાડામાં પાડે તો તેના પ્રત્યે કયો ભાવ થશે? ક્રોધનો જ ને? મને પાડ્યો એણે.

આ જ વાત ભીતરની દુનિયામાં લઈએ તો... ? કોઈએ તમારી પ્રશંસા કરી, તમે અહંકારના ખાડામાં પડો એવી ભૂમિકા થઈ ગઈ. તમે એ સજ્જનને કહી દેશો કે ભાઈ, આ પ્રશંસા તમારા માટે અનુમોદના રૂપ હશે, પણ હું આ પ્રશંસાને પચાવી શકું એમ નથી. એટલે મહેરબાની કરીને મારી પ્રશંસા ન કરશો...

પ્રશ્ન : અનુમોદના આ રીતે કરનારને ના પાડી શકાય ?

ઉત્તર : મૂળ વાત એ છે કે તમને એ પ્રશંસાના શબ્દો સ્પર્શવા ન જોઈએ. ચાલો, કોઈ તમારી પ્રશંસા કરશે. તમને અહંકારનો ઉદય થયો. તમે તમારી ભીતર ઊઠતા એ વિભાવને જોશો તોય તમને સમજાઈ જશે કે તમે પ્રશંસાને યોગ્ય નથી. તો, આવું થતું હોય તો પ્રશંસા સામાને કરવા દો. તમે આત્મસ્મરણમાં લાગો. પણ પ્રશંસા સાંભળવાથી મોટું નુકસાન થતું હોય તો તમે સામાને વિનંતી કરી શકો કે કમ સે કમ, એ તમારી હાજરીમાં તમારી પ્રશંસા ન કરે.

સાધકે તો 'तुल्यनिन्दास्तुतिः' બનવું છે. મીરાં કહે છે : 'કોઈ નિન્દે કોઈ બંદે મૈં અપની ચાલ ચલુંગી...' કઈ ચાલ છે મીરાંની ? પ્રભુના માર્ગ પર કદમ પર કદમ ભરવાની.

એક વિદ્વાનને એક ભાઈએ કહ્યું : તમારી ગેરહાજરીમાં ફલાણા ભાઈ તમારી ખૂબ જ નિંદા કરતા હતા. વિદ્વાને કહ્યું : મારી ગેરહાજરીમાં કોઈ

મને મારી નાખે તોય મને વાંધો નથી ને !

ગુર્જિએફ માટે પણ આવું બનેલું. એક વાર કો'કે કહ્યું કે મિસ્ટર વાય તેમની બહુ જ આકરી ટીકા કરતા હતા. ગુર્જિએફે કહ્યું : મિસ્ટર વાય કેવું બોલે છે તે મને ખ્યાલ નથી. પણ મારી નિંદા લિજ્જતદાર રીતે સાંભળવી હોય તો મિસ્ટર એક્સ પાસે સાંભળવી.

ગુર્જિએફ કહે છે : એકવાર હું કૉફી હાઉસમાં અંધારામાં બેઠો કંઈક ચિંતન કરતો હતો. ત્યાં મિસ્ટર એક્સ એમની મિત્રમંડળી સાથે આવ્યા. હું અંધારામાં હતો, થાંભલાની પછવાડે, એટલે દેખાઉં એમ નહોતો. મિસ્ટર એક્સે બે કલાક સુધી જે સરસ શબ્દોમાં મારી ટીકા કરી છે; હું ખુશ થઈ ગયો !

• • •

આત્મસ્મરણ પછી આત્મચરણ.

સમ્યગ્દર્શનના સ્તરે નિર્ધાર છે પોતાના ગુણો તરફ, પોતાના સ્વરૂપ ભણી ચાલવાનો; તો એ થયું આત્મચરણ.

સમ્યગ્જ્ઞાનના સ્તરે આત્માના ગુણોનો, આત્મસ્વરૂપનો ખ્યાલ છે તો એ રીતે, જ્ઞાન રૂપે - જાણપણા રૂપે આત્મચરણ થયું.

ચારિત્રના સ્તરે તમે નિજગુણ સ્થિરતાને લક્ષ્ય રાખી ચાલી રહ્યા છો, તો ત્યાં આત્મગુણો ભણી, સ્વસ્વરૂપ ભણી ચાલવા રૂપ આત્મચરણ થયું.

એટલે, સમ્યગ્દર્શન મળ્યું ત્યારથી દિશા આત્મતત્ત્વ તરફની જ રહેશે. લક્ષ્ય શુદ્ધ સ્વરૂપને પામવાનું. જાણકારી પણ એ શુદ્ધ સ્વરૂપની જ. અને ચાલવાનું પણ એ દિશામાં જ.

પ્રવાસી આવું જ કરે છેને ? એ પહેલાં નક્કી કરે છે કે એણે ક્યાં જવું છે; મુંબઈ, દિલ્હી કે અમદાવાદ ?

લક્ષ્ય નક્કી કર્યા પછી પોતાનું ગંતવ્ય સ્થળ શી રીતે આવે એની

જાણકારી એ મેળવે છે. અમુક ટ્રેઈન કે અમુક બસ પકડવાથી પોતાનું લક્ષ્ય સ્થળ મળશે એવું એ નક્કી કરે છે.

પછી તે ચોક્કસ ગાડી કે બસમાં બેસે છે અને પોતાના લક્ષ્ય સ્થળમાં એ પહોંચી જાય છે.

• • •

આત્મસ્મરણ.

આત્મચરણ.

આત્મરમણતા.

આ ત્રીજું ચરણ પણ મહત્ત્વનું છે. ચાલવાનું શરૂ કર્યું, પણ લક્ષ્ય ભૂલાઈ ગયું તો ? તો દિશા પૂર્વને બદલે પશ્ચિમ આવી જશે ને ? લક્ષ્ય પણ ભૂલાવું ન જોઈએ. અને લક્ષ્યના સતત સ્મરણ સાથે માર્ગની પસંદગીમાં કોઈ ગોટાળો નથી થયોને ? એ ખ્યાલ રહેવો જોઈએ.

એક ભાઈ દિલ્હી જતો હતો. દિલ્હી હવે પચીસેક કિલોમીટર દૂર રહેલું. ચાલીને એ જઈ રહ્યો છે; અંતરિયાળ વિસ્તારના માર્ગ પર, જ્યાં કિલોમીટર-સ્ટોન નથી.

સવારે નાસ્તો કરવા તે એક હોટેલમાં ગયો. નાસ્તો કરીને બહાર નીકળ્યો. વાદળાથી છવાયેલું આકાશ. દિશાનો ખ્યાલ ન રહ્યો. જે બાજુથી આવતો હતો, એ જ દિશામાં જવાનું તેણે ચાલુ કર્યું.

સામેથી એક માણસ આવતો'તો. પ્રવાસીએ પૂછ્યું : દિલ્હી કેટલું દૂર? પેલો મજાકિયો માણસ હતો. એણે કહ્યું : તમે જાવ છો એ દિશામાં જાવ તો ૬૦૦ કિલોમીટર થશે અને મોઢું ફેરવી નાખો તો પચીસ કિલોમીટર થશે.

આત્મરમણતા.

લક્ષ્યાનુસંધાન શુદ્ધ આત્મસ્વરૂપનું સતત રહેવું જોઈએ.

• • •

એક યુરોપિયન પ્રોફેસર. મસ્તકમાં કંઈક ગાંઠ હતી. જેના કારણે માથામાં સતત દુખાવો રહ્યા કરતો. ટ્રેઈન બાજુમાંથી પસાર થતી હોય અને અવાજ આવે એવો ધમધમાટ અંદર ચાલ્યા કરતો.

એક અનુભવી ડૉક્ટર મળ્યા. જેમને ચહેરો જોવાથી આ દર્દનો ખ્યાલ આવી ગયો. તેમણે દવા કરી. પ્રોફેસર નીરોગી બન્યા. હવે જે શાંતિ મળી એ અનુભવતાં એમને ખ્યાલ આવે છે કે એમણે કેટલા વર્ષ કેટલી અશાંતિ ભોગવી ! અત્યાર સુધી શાંતિ માણેલી જ નહિ, અને સતત પીડા, સતત ઘોંઘાટ ચાલ્યા કરતો, ત્યારે આ વગરની બીજી કોઈ શારીરિક સ્થિતિ હોય છે એનો એમને ખ્યાલ નહોતો.

આવું જ વિકલ્પોના ઘોંઘાટની દુનિયામાં બન્યું છેને ! સતત વિકલ્પો ચાલતા જ રહ્યા છે એટલે નિર્વિકલ્પતાનો આનંદ અનુભવાયો જ નથી. પણ એકવાર એ અનુભવાઈ જાય તો... ? તો વિકલ્પો છૂટી જાય. આત્મચરણ અને આત્મરમણતા પછી ક્યારે ન છૂટે.

● ● ●

આત્મરમણતા.

તમે એકલા છો હવે. પણ આ એકત્વ કેટલું તો વૈભવશાળી છે !

અંગ્રેજીમાં કહેવત છે : Two is company, three is crowd. બે ભેગા થયા એટલે કંપની, મિત્રતા. ત્રણ એકઠા થયા એટલે ટોળું. આપણે ત્યાં સૂત્ર આવું છે : One is company, two is crowd. તમે એકલા તો કંપની (તમારી જ ને !). બે ભેગા થયા તો ટોળું.

તમે દ્રવ્યથી એકલા હો છો. ભાવથી એકલા રહો છો ? મનમાં એક પણ વ્યક્તિ કે વસ્તુની સ્મૃતિ ન હોય - માત્ર આત્મસ્મરણમાં જ તમે હો - તો તમે એકલા ભાવથી.

■ ● ■

## (૬) આધારસૂત્ર

પ્રભુ છો ત્રિભુવનનાથ ! દાસ હું તાહરો હો લાલ,
કરુણાનિધિ ! અભિલાષ અછે મુજ એ ખરો હો લાલ;
આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ,
ભાસન વાસન એહ ચરણ ધ્યાને ધરો હો લાલ... ૫

પ્રભુ ! આપ ત્રિભુવનના નાથ છો. હું આપનો દાસ છું. પ્રભુ ! મારી એક અભિલાષા છે કે આત્મસ્વભાવનું સ્મરણ મને સતત થાઓ ! એના જ જ્ઞાન, દર્શન અને ચારિત્રની ધારા ચાલ્યા કરો ! અને આ બધાનું ધ્યાન સતત રહે !

### સાધનાક્રમ

- આત્મસ્મરણ
- આત્મજ્ઞાન
- આત્માનુભૂતિ
- આત્મરમણતા
- આત્મધ્યાન

## સ્તવનાની છઠ્ઠી કડી

૭

# તન્મયતા

*પ્રભુમુદ્રાના સંબંધથી પ્રભુની પ્રભુતાનો સ્પર્શ, (આત્મદ્રવ્ય એક સરખું હોવાથી) પોતાના આત્મદ્રવ્યનો પરિચય, એના ગુણો પ્રત્યે બહુમાન, એ ગુણોને પ્રગટ કરવાની ઈચ્છા અને એ માટેનો પ્રયત્ન થતાં સાધક સિદ્ધિપદને પામે છે.*

વિલાયતખાંનું ભારતીય સંગીતના ક્ષેત્રે મોટું પ્રદાન છે. તેમણે પોતાના બાળપણની વાતો આલેખી છે. બાળપણમાં ભૌતિક અભાવોની વચ્ચે ઊછરવાનું હતું. શિયાળાના સમયમાં ન પૂરતું ખાવાનું, ન પૂરતું ઓઢવાનું; અને સવારે ચાર વાગ્યે સંગીતજ્ઞા મા તેમને રિયાજ માટે જગાડે.

વિલાયતખાં કહેતા : મા ! આ કડકડતી ઠંડીમાં રિયાજ શી રીતે કરું ? મારી પાસે ઓઢવાનું સ્વેટર કે શાલ નથી; આપણી પાસે તાપણાની સગવડ નથી; ઘર પણ ઠંડું-ઠંડું છે. દાંતની વીણા વાગી રહી છે, ત્યાં તું રિયાજની-શાસ્ત્રીય સંગીતના અભ્યાસની વાત કરી રહી છે ! સારેગમને હું ઘૂંટું શી રીતે ?

મા કહેતી : બેટા ! તું સંગીતમાં ડૂબી

જા. ઠંડી-બંડી બધું ચાલ્યું જશે. અને મા ઉમેરતી : જો તું જ સંગીતમાં ડૂબેલ નહિ હોય તો તું બીજાઓને શી રીતે ડૂબાડીશ ?

ડૂબવું. તન્મયતા. 'તે'માં તમે એવા ખોવાઈ જાવ કે 'હું' જ ન રહે.

• • •

લીઓનાર્દો દ વિન્ચી મોનાલીસાને ચીતરતા હતા. એક મિત્ર આવ્યા. ચિત્ર લગભગ પૂરું થયેલું. મિત્ર ગયા. બે વર્ષે ફરી એ મિત્ર આવ્યા તો એમણે જોયું કે લીઓનાર્દો મોનાલીસા પર જ કામ કરી રહ્યા હતા.

મિત્રે પૂછ્યું : ફરી આ ચિત્ર હાથમાં લીધું ?

લીઓનાર્દો કહે : 'ફરી' એમ કેમ કહો છો ?

મિત્ર કહે : બે વર્ષ પહેલાં હું આવેલો, ત્યારે મોનાલીસા પૂરું થઈ ગયેલું. પછી તમે બીજાં ચિત્રો દોર્યા હશે. હમણાં ફરીથી પાછું એ ચિત્ર હાથમાં લીધું ?

લીઓનાર્દોનો જવાબ સાંભળી મિત્ર આશ્ચર્યચકિત બન્યો : નહિ, વચ્ચે કોઈ જ ચિત્ર લેવાયાં નથી. એ જ ચિત્ર પર કામ ચાલુ છે.

'અરે, પણ બે વરસ તમે શું કર્યું આમાં ?'

'ચહેરાના હાવભાવ, આંખનાં ભવાં, આંખો આ બધાંને મઠારતાં બે વરસ લાગી ગયા.'

કલાકારની આ તન્મયતા હતી. તેઓ પૂરા ચિત્રમાં ડૂબી ગયેલા. સૂક્ષ્મમાં સૂક્ષ્મ રેખાઓમાંય ઊંડાણ લાવતા જ ગયા. અને તો જ મોનાલીસા ચિત્ર જગવિખ્યાત બન્યું છે ને !

• • •

તન્મયતા.

તમે એવા ડૂબી જાવ કે તમારું અલગ વ્યક્તિત્વ તે સમયમાં રહે નહિ.

વિવેકાનંદને સંન્યાસ લેવો છે. એ અગાઉ થોડીક આર્થિક જવાબદારીઓ પૂરી કરવાની છે. તેમણે ગુરુ રામકૃષ્ણ પરમહંસને આ વાત કરી. તેમણે કહ્યું : પ્રભુને કહી દે ! પ્રભુ બધો માર્ગ કરી આપશે.

નરેન્દ્ર (વિવેકાનંદજીનું પૂર્વાવસ્થાનું નામ) મંદિરે જાય. ૩-૪ કલાકે મંદિરમાંથી બહાર આવે. રામકૃષ્ણજી પૂછે છે : 'મા'ને - પ્રભુને કહ્યું ? તારી જવાબદારીની વાત એમને કરી ?

નરેન્દ્ર કહે છે કે ગુરુદેવ ! હું પ્રભુની પ્રાર્થનામાં ડૂબી ગયો. મને તો કંઈ યાદ જ ન આવ્યું !

ગુરુ ખુશ થયા.

નરેન્દ્રનો પ્રશ્ન તરત જ ઉકલી ગયેલો. દીક્ષા મળી ગઈ.

નરેન્દ્રની પ્રાર્થનામાં ઊંડાણ હતું. કારણ કે એ તન્મય, પ્રભુમય બની ગયેલ હતો.

તન્મયતાની આ પૃષ્ઠભૂ પર સ્તવનાની કડી આવે છે :

*પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે હો લાલ,*
*દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ;*
*ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે હો લાલ,*
*રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ.* ૬

યોગ શબ્દ અહીં બહુ જ મહત્ત્વનો છે. પ્રભુની મુદ્રા તો પ્રશમરસથી ભરેલી છે. એની જોડે હવે યોગ, જોડાણ સાધવાનું છે. એમાં તન્મય બનવાનું છે. એમાં ડૂબવાનું છે.

'દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો...' થી શરૂ થયેલી પ્રશમરસના દર્શનની યાત્રા હવે પ્રશમરસ સાથેના જોડાણના પડાવે આવી ગઈ છે.

યોગ અભેદ મિલન કરાવે. પ્રભુમાં જે પ્રશમરસનો સાગર છે, તેનાં જ બુંદ ભક્તની ચેતનામાં પડે. ભક્ત પણ બન્યો પ્રશમમય.

આ અભેદ મિલનની એક સરસ વિધિ ભણી ઈશારો પૂજ્યપાદ માનવિજય મહારાજે કર્યો :

'મનમાંહિ આણી વાસિયો, હવે કેમ નીસરવા દેવાય;

જો ભેદ રહિત મુજસું મિલો, તો પલકમાંહિ છૂટાય.'

પ્રભુને મનમાં પધરાવ્યા. બસ, હવે પ્રભુને શી રીતે જવા દેવાય ? અભેદ મિલન થાય તો જ પ્રભુને છોડું !

ભક્ત પાક્કો છે ને !

● ● ●

યોગ પ્રભુ સાથે.

યોગ પ્રભુની મુદ્રા સાથે.

પંડિત હરિભદ્ર માર્ગમાં ચાલ્યા જતા હોય છે. સામેથી મદમત્ત હાથી ધસ્યો આવે છે. જીવ બચાવવા તેઓ બાજુના જૈન દહેરાસરમાં પેસી ગયા. તીર્થંકર પ્રભુ પ્રત્યે બહુમાન તો નહિ જ. પ્રભુને જોયા અને કહ્યું :

वपुरेव तवाचष्टे स्पष्टं मिष्टान्नभोजिताम् ।

न हि कोटरसंस्थेऽग्नौ, तरुः शाड्मलायते ॥

તમારું શરીર જ કહે છે કે મિષ્ટાન્ન વગેરે સારું લઈ રહ્યા છો. (નહિતર, આટલી પુષ્ટતા શરીરની અને મુખની આવી કાન્તિ ક્યાંથી હોય ?) ઝાડની બખોલમાં અગ્નિ હોય તો ઝાડ નવપલ્લવિત દેખાય નહિ. (તપશ્ચર્યા વગેરે શરીરમાં હોય તો શરીર કૃશ દેખાય.)

એ જ પંડિત હરિભદ્ર મુનિ હરિભદ્ર બન્યા અને પ્રભુનાં દર્શને આવ્યા ત્યારે ઉપરનો જે શ્લોક સહેજ ફેરફાર સાથે બોલ્યા :

वपुरेव तवाचष्टे स्पष्टं वीतरागताम् ।

न हि कोटरसंस्थेऽग्नौ, तरुः शाड्मलाय ते ॥

ભગવાન ! તમારું શરીર જ કહે છે કે તમે વીતરાગ છો. બખોલમાં આગ (રાગ) હોય તો વૃક્ષ (વ્યક્તિ) નવપલ્લવિત ન દેખાય.

પહેલાંના દર્શનમાં મુદ્રાયોગ નહોતો. હવેના દર્શનમાં મુદ્રાયોગ છે. અને એ મુદ્રાયોગે મુનિ હરિભદ્રને 'લલિતવિસ્તરા'ના રચયિતા ભક્ત હરિભદ્રાચાર્યમાં ફેરવ્યા છે.

• • •

યોગ.

મુદ્રાયોગ જેવો એક શબ્દ પરંપરામાં છે સદ્‌ગુરુયોગ. 'જયવીયરાય!' સૂત્રમાં ભક્ત પ્રાર્થે છે પ્રભુને : સુહગુરુજોગો. પ્રભુ ! તું મને સદ્‌ગુરુયોગ આપ.

બહુ જ મનોવૈજ્ઞાનિક આયામમાં આ પ્રાર્થના ખૂલી છે. ભક્ત પ્રભુને કહે છે કે પ્રભુ ! તું માત્ર સદ્‌ગુરુ મને આપીને છૂટી જઈ શકતો નથી. તું સદ્‌ગુરુયોગ મને આપ ! હું સદ્‌ગુરુનાં ચરણોમાં ઓગળી જાઉં, પીગળી જાઉં, મારું વૈભાવિક હું છિનવાઈ રહે.

સંત કબીરજી યાદ આવે :

*'પહલે હમ થે ગુરુ નહિ, અબ ગુરુ હૈ હમ નાંહિ;*
*પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દો ન સમાહિ...'*

પહેલાં જીવનના કેન્દ્રમાં 'હું' હતો અને ગુરુ ન હતા. આજે ગુરુ કેન્દ્રમાં છે અને 'હું' નથી...

તમારું કેન્દ્રમાં ન હોવું તે યોગ.

સદ્‌ગુરુયોગને સમજાવતાં હું કહેતો હોઉં છું કે ત્યાં એક વત્તા એક બરોબર એક છે. શિષ્ય છૂ થઈ ગયો ને ! પાણીના ગ્લાસમાં પતાસું કેટલો સમય રહે ?

• • •

સદ્ગુરુયોગ જ પરમાત્મયોગમાં ફેરવાશે. સદ્ગુરુનાં તમારી તરફ ખૂલતાં બે જ તો કાર્યો છે : તમને પ્રભુમિલનની પ્યાસ નથી જાગી, તો સદ્ગુરુ પ્યાસ જગવી દે. અને પ્યાસ જાગી છે તો સદ્ગુરુ પ્રભુમિલન કરાવી આપે.

પૂ. દેવચન્દ્રજી મહારાજ આપણા ગ્રંથગુરુ છે. અને એ ગ્રંથગુરુ આપણને પ્રભુમિલન કરાવવા માગે છે. તેઓ આ ક્રમથી પ્રભુમિલન કરાવે છે : મુદ્રાયોગ, પ્રભુતાનું જ્ઞાન, સ્વસત્તાની જાણકારી, બહુમાન, પ્રાગટ્યની રુચિ, ઉદ્યમ (વીર્ય). જે ઉદ્યમ (વીર્ય) આત્મરમણ (ચારિત્ર) રૂપ બનીને ત્યાં જ ક્રિયાશીલ રહે છે. અર્થાત્ જ્ઞાનાદિ અનંત ગુણોને વિકસિત કરવાની પ્રક્રિયા દ્વારા સંયમ, તપ, ધ્યાન આદિમાં જોડાઈને અનંત જ્ઞાનાદિને પામીને સિદ્ધાવસ્થાને પામે છે.

● ● ●

*'પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે હો લાલ,*
*દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ...'*

ત્રણ ચરણો અહીં આવ્યા : મુદ્રાયોગ, પ્રભુતાનું જ્ઞાન, સ્વસત્તાની જાણકારી.

● ● ●

પહેલું ચરણ : મુદ્રાયોગ.

અહીં સમાપત્તિ ધ્યાનનું નાનકડું સંસ્કરણ આવવું જોઈએ. પ્રભુની મુખમુદ્રામાં જે પ્રશમરસ ભરેલો છે, તેનું પ્રતિબિંબન ભક્તના હૃદયમાં પડશે.

ક્ષીણવૃત્તિ સાધક પોતાના નિર્મળ અંતરાત્મામાં ધ્યાન વડે પ્રભુના પ્રશમરસની નાનકડી આવૃત્તિ પોતાની ભીતર લાવશે.[1]

---

૧. **मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः ।**
**क्षीणवृत्तौ भवेद् ध्याना-दन्तरात्मनि निर्मले ॥** - જ્ઞાનસાર-૩૦

રાગ, દ્વેષ, અહંકારની વૃત્તિઓ ક્ષીણ બનતાં સાધક ક્ષીણવૃત્તિ બનશે અને એટલે જ તેનું હૃદય નિર્મળ બનશે.

આ પ્રક્રિયા - નિર્મલીકરણની - સતત ચાલવી જોઈએ. સંજ્ઞાઓના, તેમના પ્રત્યેના આકર્ષણનાં દ્વાર ખુલ્લાં હોઈ રાગ, દ્વેષની રજ આવ્યા કરશે. પણ એને સાફ કરવાનું પણ તીવ્રતાથી ચાલવું જોઈએ.

આ નિર્મલીકરણ માટે સાવરણી કઈ ?

રાગ, દ્વેષ, અહંકારનો કચરો કચરા રૂપે લાગવો એ સાવરણી છે. અત્યાર સુધી કચરો જમા જ થયા કર્યો મન-ઘરમાં. કારણ કે એ કચરો કચરા રૂપે લાગેલ જ નહિ.

અચ્છા, કચરો કચરા રૂપે લાગશે ક્યારે ? કોઈનો સાફ ઓરડો જોયો હશે ત્યારે... માટે જ સંતોની પવિત્ર આભામાં વારંવાર જવાનું કહેવામાં આવ્યું છે. ત્યાંની નિર્મળતા જોતાં આપણી ગંદકી ખટકે. ગંદકી હટે. અને નિર્મળ અંતરાત્મદશાની સપાટી પર પ્રભુના ગુણોનું, પ્રભુની વીતરાગતાપૂર્ણ મુદ્રાનું પ્રતિબિંબ પડશે.

● ● ●

ક્યારેક સાવરણી સાધકને લગાવવી નથી પડતી. સદ્‌ગુરુ તેને નિર્મળ બનાવી દે છે.

એક સાધક સદ્‌ગુરુ પાસે આવ્યો. વિનંતી કરી : ગુરુદેવ ! મને સાધના આપો !

સદ્‌ગુરુ અહીં બહુ મોટો પ્રયોગ કરે છે. શક્તિપાત દ્વારા પોતાની સાધનાનો - નિર્મળતાનો યોગ તેઓ સાધકમાં કરે છે. તેમણે સાધકને કહ્યું : આશ્રમનો કચરો તું કાઢ્યા કર ! સાધક પાસે તો સીધી દ્રષ્ટિ હતીઃ ગુરુનો શબ્દ, પોતાનો સાધનામંત્ર. એ તો સાવરણી લઈ સવાર, બપોર, સાંજ આશ્રમને સાફ કરવા જ મંડી પડ્યો.

રોજ સવારે ગુરુને વંદન માટે આવવાનું. અને એકવાર પ્રવચન સાંભળવાનું. આ સિવાય સતત તે આશ્રમને સાફ કરતો રહ્યો છે. એમ કરતાં બાર વર્ષ વીત્યાં. જે દિવસે બાર વર્ષ પૂરા થઈને તેના આશ્રમ-પ્રવેશને તેરમું વર્ષ બેસતું હતું એ દિવસે સવારે ગુરુને વંદન માટે સાધક આવ્યો.

ગુરુએ તેને પૂછ્યું : શું કરે છે ?

સાધક કહે છે : ગુરુદેવ ! આપે કહેલુંને કે આશ્રમ સ્વચ્છ રાખજે. બસ, આપની એ આજ્ઞાનું પાલન હું કરી રહ્યો છું.

એના ચહેરા પરના આજ્ઞાપાલનના અહોભાવને, આનંદને ગુરુએ જોયો. અને ગુરુએ કહ્યું : જા, તારો બધો કચરો આજે નીકળી ગયો !

બાર જન્મે પણ જે કચરો - રાગ, દ્વેષનો - ન નીકળે તે બાર વર્ષે નીકળી ગયો.

સદ્‌ગુરુનો પ્રયોગ, દેખીતી રીતે, આશ્રમ સાફ રાખવાનો લાગે; પણ તેઓ સાધકને અહોભાવના એ શિખર પર પહોંચાડવા માગતા હતા, જ્યાં શક્તિપાત થાય તો ઝીલાઈ શકે. અહોભાવની સશક્ત ભૂમિકા વિના સદ્‌ગુરુના શક્તિપાતને કેમ કરીને ઝીલી શકાશે ?

● ● ●

નિર્મળ હૃદયની સપાટી પર મુદ્રાયોગ. બીજે ક્યાંય ન હોય તેવી આ મુખની અને શરીરની મુદ્રાને નિહાળવાની. ભીતર તેને પ્રતિબિંબિત કરવાથી પ્રભુની પ્રભુતાની પિછાણ થાય છે.

મુદ્રાયોગ વખતે થતા ઝંકારની મજાની વાત ભક્તામર સ્તોત્રમાં આલેખાઈ છે :

यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं,
निर्मापित-स्त्रिभुवनैक-ललामभूत !
तावन्त एव खलु तेप्यणवः पृथिव्यां,
यत्ते समानमपरं नहि रूपमस्ति ॥

પ્રભુ ! પ્રશમરસના જે પરમાણુઓ વડે આપનું સ્વરૂપ બન્યું છે; પૃથ્વી પર એ રસના એટલા જ પરમાણુઓ હશે, કારણ કે એવું રૂપ બીજું દુનિયામાં ક્યાંય ન જોયું.

પ્રશમરસથી ભરેલ પ્રભુની મુદ્રાનો ભીતર યોગ થતાં જ પ્રભુની પ્રભુતા એટલે શું એનો ખ્યાલ આવે છે. પ્રાતિહાર્યો દ્વારા પ્રભુની પ્રભુતા-ઠકુરાઈનો ખ્યાલ પ્રારંભિક સાધકોને થાય છે. પહોંચેલા સાધકને પ્રશમરસથી ભરપૂર પ્રભુની મુદ્રાની સાથે હૃદયનું જોડાણ થતાં પ્રભુની પ્રભુતા શું છે તેનો ખ્યાલ આવે છે.

સાધકોની કક્ષાના ભેદે આ તારતમ્ય પડી શકે. પ્રાતિહાર્યોને વીતરાગ સ્તોત્ર પ્રભુનું યોગૈશ્વર્ય કહે છે. પદ્મવિજય મહારાજ સરસ શબ્દો વાપરે છે : 'એ ઠકુરાઈ તુજ કે, બીજે નવિ ઘટે હો લાલ.'

એક ગ્રંથકારે પ્રભુની પ્રશમરસયુક્ત મુદ્રા પર જ ભાર મૂક્યો ત્યારે કહ્યું : દેવોનું સમવસરણમાં આગમન કે ચામર આદિ પ્રાતિહાર્યો તો માયાવીઓમાં પણ દેખાય છે, માટે પ્રભુ ! તમે આ કારણે શ્રેષ્ઠ છો એવું નથી.[૨]

પ્રભુમુદ્રાને યોગે પ્રભુની પ્રભુતાને ઓળખી. હવે સાધક થોડો આગળ વધે છે : પ્રભુનું આત્મદ્રવ્ય અને મારું આત્મદ્રવ્ય બેઉ સમાન જ છે; તો મારી ભીતર પણ આવો જ પ્રશમરસ રેલાઈ રહ્યો છે ને ! પોતાની સંપત્તિની ભાળ પોતાને થઈ.

હતો અબજોપતિનો દીકરો. પણ પિતાની અને એટલે ભવિષ્યની પોતાની સંપત્તિથી અણજાણ. રેવડી અને ચણા કોઈ વહેંચતું હતું તો એ લાઈનમાં ઊભો રહી ગયો. એને ઓળખનારને થયું કે આનો બાપ આખી રેવડી-ચણાની દુકાનની દુકાન ખરીદી લે તેવો છે અને આ એનો દીકરો બે રેવડી મેળવવા માટે તડકામાં ઊભો છે !

---

૨. **देवागम-नभोयान-चामरादिविभूतयः ।**
**मायाविष्वपि दृश्यन्ते, नातस्त्वमसि नो महान् ।।**

આપણી હાલત આવી જ હતી ને ? કે હજુય છે ? 'દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે...' ચરણે આપણે આવ્યા ?

શ્રોણ નામનો એક શ્રીમંત શતાબ્દીઓ પહેલાં આપણા દેશમાં થયો. દીક્ષા પછી બૌદ્ધ ભિક્ષુ તરીકે એનું નામ કોટિકર્ણ શ્રોણ તરીકે પ્રસિદ્ધ થયું છે. કરોડ સોનામહોરની કિંમતનું માત્ર એક અલંકાર કાનમાં પહેરવાનું એનું ગૃહસ્થપણામાં હતું - બીજા અલંકારોની કિંમત તો અધધધ... - તેથી બીજા શ્રોણ નામના ભિક્ષુથી તેને અલગ ઓળખાવવા કોટિકર્ણ શ્રોણ તરીકે તેમને પ્રસિદ્ધિ મળી.

કોટિકર્ણ વિદ્વાન પણ સારા હતા. પ્રખર વિરાગી હતા અને પ્રવચનો તેમના બહુ જ અસરકારક રહેતા.

એક નગરમાં તેમનાં પ્રવચનોમાં સવારે, સાંજે લોકોની ભીડ ઉમટી છે. એક શેઠાણી સાંજે પ્રવચન સાંભળવા ગયાં છે રોજની જેમ. પતિ પરદેશ ગયેલ છે. કોટિકર્ણનાં પ્રવચનોનો જાદુ એવો નગર પર ચાલ્યો કે પ્રવચનના સમયે શેરીઓની શેરીઓ સૂમસામ હોય.

પેલાં શેઠાણીના ઘરે ચોરો આવ્યા. શેરી આખી સૂમસામ. ચકલુંય ના ફરકે. ચોરો અંદર ચોરી કરે છે. ચોરોનો નેતા બહાર ઊભો ઊભો ખબર રાખે છે. અચાનક કામ પડવાથી પેલાં શેઠાણીની દાસી ઘર તરફ આવે છે. દૂરથી જોતાં જ સમજાઈ ગયું કે ચોરો ઘરમાં છે. તે પાછી ફરે છે પોતાની શેઠાણીને કહેવા માટે. ચોરોનો નેતા આ જોઈ ગયો. એણે પોતાના સાથીદારોને કહ્યું : તમે માલ-સામાન લઈ આપણી પલ્લીમાં જતા રહો. હું પેલી બાઈની પાછળ જાઉં. એ કોને વાત કરે છે, એ પછી શું પ્રક્રિયા થાય છે; એ બધું જોઈને હું આવું.

દાસી દોડતી ગઈ શેઠાણી પાસે. કહ્યું : જલદી જલદી ચાલો. ઘરમાં ચોર છે. ફોજદારને જાણ કરીએ. શેઠાણી પ્રવચનની એવી ઘેરી અસર નીચે હતી, એણીએ કહ્યું : મહારાજ કહે છે એ આપણી અંદર રહેલું ધન જ સાચું છે. પેલું તો બધું નકલી છે. નકલી ભલે કોઈ લઈ જાય, મને એની પડી નથી. મને પ્રવચન સાંભળવા દે.

ચોરોના નેતાએ જોયું કે કોઈ પ્રતિક્રિયા અહીંથી થવાની નથી. ચાલો ત્યારે હું પણ થોડીવાર કથા સાંભળું. અર્ધો કલાક એણે પ્રવચન સાંભળ્યું. એને પણ લાગ્યું કે આ તો બધું નકામું જ છે. મહારાજ કહે છે તે ધન જ સાચું છે.

ચોરનેતાએ પોતાની પલ્લીમાં જઈ સાથીદારોને કહ્યું : હું તો સાચું ધન મેળવવા મહારાજ પાસે જાઉં છું, આ ધનનો તો કોઈ જ અર્થ નથી. એ ભિક્ષુ બની ગયો.

● ● ●

'સ્વસંપત્તિ ઓળખે...' પોતાની સંપત્તિ શું છે એ જેને સમજાઈ ગયું એ એને મેળવવા નીકળી પડે છે.

આપણી પરંપરામાં ધન્ના-શાલિભદ્ર, ધન્ના કાકંદીજી; કેટલા બધા મુનિવરોની વાત આવે છે ! કરોડો-અબજો સોનામહોરની સંપત્તિ એમને કાંકરાથી વધુ ન લાગી. અને સાચી સંપત્તિ મેળવવા તેઓ નીકળી ગયા.

● ● ●

પોતાની સંપત્તિની ભાળ મળ્યા પછી સાધક શું કરે છે ? ત્રણ વાતો લખી છે અહીં : બહુમાન, પ્રાગટ્યની રુચિ અને તે માટેનો પ્રયત્ન.

બહુમાન.

પોતાની ગુણસંપત્તિ પ્રત્યે બહુમાન. 'વાહ! આવા સરસ ગુણો મારી ભીતર છે ! પ્રભુની અનહદ કૃપા કે હું મારા સુધી પહોંચી શક્યો.'

ધન્નાજી મુનિવર કે શાલિભદ્ર મુનિવર રાજગૃહી નગરીના વૈભારગિરિ પર રહેતા હશે ત્યારે કેવો આનંદ માણતા હશે એની કલ્પના હવે થઈ શકે.

પ્રભુ મહાવીરદેવ રાજગૃહી નગરીમાં સમવસરતા અને ત્યાં તેઓનું સમવસરણ મંડાતું ત્યારે ધન્ના મુનિવર અને શાલિભદ્ર મુનિવર આવતા. પ્રભુને વંદન કરતા. દેશના સાંભળતા અને પછી વૈભારગિરિની ગુફામાં

જઈને પ્રભુએ કહેલ શીખને આચરણમાં - સાધનામાં કેમ રૂપાંતરિત કરવી તેનું મંથન કરતા.

એ મુનિવરોનો એ સ્વમાં ડૂબવાનો આનંદ આપણને સ્પર્શી જાય કે નહિ ?

વૈભારગિરિની એ ગુફામાં ધ્યાનસ્થ દશામાં બેસીએ તો એ મુનિવરોએ છોડેલ પવિત્ર આંદોલનો મળે જ.

સમ્મેતશિખરની યાત્રાએ જનાર એક ભાવક મારી પાસે આવેલા. મેં એમને સૂચવેલ કે ઋજુવાલિકાને કાંઠે ધ્યાનમાં જો અર્ધો-પોણો કલાક રહી શકો તો જરૂર રહેજો. પ્રભુના કૈવલ્યની પ્રાપ્તિ વખતે જે આંદોલનો સર્જાયાં હશે, તે ધરતીએ સંગૃહીત કર્યા છે; તમે એ આંદોલનોને ધ્યાનદશામાં મેળવી શકો.

દરેક તીર્થંકર ભગવંતોની દીક્ષા અને તેમનું કેવળજ્ઞાન વૃક્ષની નીચે જ થાય છે. એ વૃક્ષો જો સચવાયેલ હોય તો વૃક્ષ આપણને ઘણાં આંદોલનો આપી શકે. કારણ કે વૃક્ષની આંદોલનોને પકડવાની ક્ષમતા તીવ્ર છે.

આપણા પરમ ભાગ્યે રાયણ વૃક્ષ આપણને મળ્યું છે. દાદા ઋષભદેવ પૂર્વ નવ્વાણું વાર શત્રુંજય પર પધાર્યા, ત્યારે તેઓ રાયણ વૃક્ષ નીચે રહ્યા છે. રાયણ વૃક્ષે પ્રભુની ઊર્જાને ખૂબ પીધી છે. આપણે એની પાસેથી એ ઊર્જા મેળવી શકીએ.

● ● ●

બહુમાન પોતાના ગુણો પર.

એ બહુમાનભાવ એ ગુણોને પ્રગટ કરવાની ઇચ્છામાં ફેરવાશે; કઈ રીતે મારા આ ગુણોને હું પ્રગટ કરું ?

પૂજ્યપાદ માનવિજય મહારાજે પરમતારક શ્રી અનંતનાથ પ્રભુના સ્તવનમાં આ વિભાવનાને શબ્દદેહ આપ્યો છે : પ્રભુ ! તારી અંદર બધા

ગુણો જે પ્રગટરૂપે છે, તે જ મારી ભીતર ઢંકાયેલ છે, કર્મોથી આવરાયેલ છે. તો હું પણ એ આવરણની ભીંતને તોડી નાખું, જેથી મારા ગુણો પ્રગટ થઈ જાય.

એ આવરણની ભીંતને તોડવી શી રીતે ?

તેઓ કહે છે :

*'તપ જપ કિરિયા મોગરે રે, ભાંગી પણ ભાંગી ન જાય;*
*એક તુજ આણ લહે થકે રે, હેલામાં પરહી થાય...'*

તપનો, જપનો, ક્રિયાનો હથોડો લીધો. ઘા પર ઘા લગાવ્યા આવરણની ભીંત પર. પણ એ ભીંત તૂટી નહિ... પણ તારી આજ્ઞા રૂપ હથોડાનો, પ્રભુ ! જ્યાં સ્પર્શ થયો ત્યાં એ ભીંત કકડભૂસ કરતી તૂટી પડી.

તપ કર્યો, જપ કર્યો, ક્રિયા કરી; પણ મેં કર્યું એવો ભાવ આવ્યો અને એના કારણે અહંકાર પુષ્ટ બન્યો તો આવરણની ભીંત તૂટે શી રીતે? ગુણોનું પ્રગટીકરણ થાય શી રીતે ?

પરંતુ, પ્રભુની આજ્ઞા સદ્ગુરુદેવ દ્વારા મને મળી... કેટલો હું બડભાગી... આવો એક અહોભાવનો લય સતત વહેતો હોય ભીતર તો પેલી ભીંતને તૂટ્યે જ છૂટકો ને !

● ● ●

ગુણ પ્રાગટ્યની ઇચ્છા તે માટેના પ્રયત્નમાં ફેરવાશે. મઝાનું સૂત્ર આવ્યું કડીમાં : 'રુચિ અનુયાયી વીર્ય.' આત્મશક્તિનું ઝરણું કઈ બાજુ વહેશે ? રુચિ, ઇચ્છા લઈ જશે એ બાજુ.

પ્રયત્ન કયો થશે અહીં ? 'ચરણધારા સધે...' સમ્યક્ ચારિત્ર આત્મરમણતા રૂપ બનીને ઊંડે ને ઊંડે જાય છે અને એ રીતે અનંત ગુણોના પ્રાગટ્ય સ્વરૂપ સિદ્ધાવસ્થા સાધકને મળે છે.

■ ● ■

## (૭) આધારસૂત્ર

પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે હો લાલ,
દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ;
ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે હો લાલ,
રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ... ૬

પ્રભુમુદ્રાના સંબંધથી પ્રભુની પ્રભુતાનો સ્પર્શ, (આત્મદ્રવ્ય એક સરખું હોવાથી) પોતાના આત્મદ્રવ્યનો પરિચય, એના ગુણો પ્રત્યે બહુમાન, એ ગુણોને પ્રગટ કરવાની ઇચ્છા અને એ માટેનો પ્રયત્ન થતાં સાધક સિદ્ધિપદને પામે છે.

## સાધનાસૂત્ર

- પ્રભુમુદ્રાનો યોગ
- પ્રભુની પ્રભુતાનો સ્પર્શ
- આત્મદ્રવ્યનું જ્ઞાન
- પોતાના ગુણો પ્રત્યે બહુમાન
- એ ગુણોને પ્રગટ કરવાની ઇચ્છા
- ઇચ્છાને અનુસારે પ્રયત્ન

૮

# પોતાના ઘર ભણી

*ક્ષાયોપશમિક ગુણો ક્ષાયિક ગુણોની ઝંખનાવાળા થયા છે. ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરવાની શક્તિ પણ વ્યક્તરૂપે ઉલ્લસી રહી છે. હવે સંપૂર્ણ સિદ્ધિની કેટલી વાર છે ? પ્રભુ ! આપ જ ત્રણે જગતના આધાર રૂપ છો.*

પ્રખર વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન એક સાંજે એક સદ્‌ગૃહસ્થને ઘરે ગયા. એ ભાઈની ઘણા સમયથી ઈચ્છા હતી કે આઈન્સ્ટાઈન પોતાને ત્યાં આવે. તેમના આવવાથી એ ભાઈ પ્રસન્ન થયા. ચા-નાસ્તો થયો. રાતના નવેક વાગ્યા હશે.

હવે મુશ્કેલી એ થઈ કે આ મહાન વૈજ્ઞાનિક એ ભૂલી ગયા કે પોતે કોઈ જજમાનને આંગણે આવ્યા છે અને પોતાને ઘેર પોતાને હવે જવાનું છે. તેઓ એમ માને છે કે પોતે પોતાના ઘરમાં છે અને આ કોઈ ભાઈ મહેમાન તરીકે પોતાને ત્યાં આવેલ છે.

શિષ્ટાચારને કારણે આઈન્‌સ્ટાઈન કહી શકતા નથી. પણ મનમાં અકળાય છે કે આ ભાઈ ક્યારે રજા લેશે... સામે પેલા ભાઈને

થયું કે સાહેબને આરામનો સમય હવે થઈ ગયો હશે. પણ આવડા મોટા વિદ્વાનને 'તમે જાઓ' એવું પણ કેમ કહેવાય ?

પહેલ આઈન્સ્ટાઈને કરી : ઊઠશું હવે ? જજમાને કહ્યું : હા જી, ગાડી તૈયાર છે. આપને ઘર સુધી મૂકી જશે. ફરી ક્યારેક પગલાં કરજો. ત્યારે આઈન્સ્ટાઈનને ખ્યાલ આવ્યો કે બીજાના ઘરને પોતાનું ઘર પોતે સમજી બેઠેલા.

વિભાવ તો પરનું ઘર છે જ. ક્ષાયોપશમિક ભાવના ક્ષમા આદિ ગુણો પણ પર જ છે. ક્ષાયિક ભાવના ગુણો જ પોતાના છે. આ લયમાં સ્તવનાની કડી શરૂ થાય છે :

*ક્ષાયોપશમિક ગુણ સર્વ થયા તુજ ગુણરસી હો લાલ,*
*સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ;*
*હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે હો લાલ,*
*દેવચન્દ્ર જિનરાજ જગત આધાર છે હો લાલ. ૭*

સાધકની ક્ષાયોપશમિક ગુણોની ભૂમિકા છે. એ ભૂમિકા સુદૃઢ થતાં સાધક ક્ષાયિક ગુણોનો ઇચ્છુક બને છે અને એ ગુણોને પ્રાપ્ત કરવાની તેની શક્તિ ક્રિયાન્વીત બને છે. સાધક પૂછે છે પ્રભુને : હવે સંપૂર્ણ સિદ્ધિની કેટલી વાર છે ? પ્રભુ ! તમે જ ત્રણ જગતના પ્રાણીગણના આધારરૂપ છો. કારણ કે જેટલા સિદ્ધિપદને પામ્યા, પામે છે અને પામશે તે તમારી મુદ્રાને જોઈને, પ્રશમરસ સભર આપની મુદ્રા સાથે ઓતપ્રોત થઈને જ પામ્યા છે, પામે છે, પામશે.

● ● ●

ક્ષાયોપશમિક ગુણોની ભૂમિકાને સુદૃઢ બનાવવી.

જ્ઞાન ગુણ ક્ષયોપશમભાવે અત્યારે છે. સૂત્ર પોરિસી અને અર્થ પોરિસીમાં જ્ઞાન ઘૂંટાવું જોઈએ.

સૂત્ર પોરિસી. ત્રણ કલાક સુધી સૂત્રોને ગોખવાના. મહાપુરુષોએ તે તે સાધનાને ઉઠાવનાર જે ધ્વનિ આપ્યો છે, તેની આધારશિલા પર સાધનાને ઊંચકવાનો પ્રયાસ કરવો.

નાનો હતો ત્યારે પ્રશ્ન થયેલો કે પાક્ષિક સૂત્ર (પકૂખી સૂત્ર)માં એક સરખા આલાપક આવર્તિત, રીપીટ થાય છે. શા માટે એક સરખો શબ્દસમૂહ વારંવાર આવર્તિત થાય છે ?

ધ્વનિનું શાસ્ત્ર ઉકેલાયું ત્યારે જવાબ મળ્યો કે પહેલા મહાવ્રત માટે સાધકના ચિત્તની જે પૃષ્ઠભૂ જોઈએ છે, તે ચોક્કસ ધ્વનિ દ્વારા મળી. હવે બીજા મહાવ્રત માટે પણ એવી જ ચિત્તની પૃષ્ઠભૂ જોઈએ છે, તો ધ્વનિ એવો જ જોઈશે ને ?

સૂત્રપોરિસી ધ્વનિના આધાર પર કામ કરે છે. અર્થપોરિસીમાં અર્થાનુપ્રેક્ષા. અને એકાદ શબ્દના ઊંડાણમાં જઈને જેટલા અંદર ઊતરાય તેટલું ઊતરવાનું.

જેમકે, પ્રશમરતિ પ્રકરણની અર્થાનુપ્રેક્ષા ચાલતી હોય અને 'इहैव मोक्षः सुविहितानाम्' પદ પર અનુપ્રેક્ષા થાય ત્યારે પકડાય કે આ જીવન્મુક્તિની વાત છે. એક વર્ષના દીક્ષાપર્યાયે જે જીવન્મુક્તિ મળે છે, એની અહીં વાત થઈ છે.

અને એ અનુપ્રેક્ષા સાધકને જીવન્મુક્તિનો આનંદ લેવા પ્રેરશે.

• • •

પંચાચારમયી અત્યારની સાધના માટે સાધકે કઈ રીતે આગળ વધવું; જેથી ક્ષાયિક ગુણોની પ્રાપ્તિ માટેની ઇચ્છા પ્રબળ બને ?

સ્થૂળ જ્ઞાનાચારની સાધનામાં સાધક નક્કી કરે કે રોજ કેટલી ગાથા તે કરશે. રોજ કેટલા કલાક નવું વાંચન, સ્વાધ્યાય આદિ કરશે.

સૂક્ષ્મ જ્ઞાનાચારમાં જ્ઞાનસારનું મૌનાષ્ટક કે અનુભવાષ્ટક અથવા

દશવૈકાલિકસૂત્રનું ચોથું અધ્યયન ઘૂંટવાનું. એક વર્ષ માટે એક કે બે ગ્રંથો અથવા એક-બે પ્રકરણો (અષ્ટકો, અધ્યયનો) તે ઘૂંટશે.

દર્શનાચારના પહેલા વિભાગમાં પ્રભુની ભક્તિમાં સવારે દેવવંદન, સાંજે ચૈત્યવંદન વગેરે નક્કી કરવાનું.

સૂક્ષ્મ દર્શનાચારમાં પૂ. દેવચન્દ્રજી મહારાજે રચેલ શ્રી અભિનંદન પ્રભુનું કે સુવિધિનાથ પ્રભુનું સ્તવન એક વર્ષમાં ઘૂંટવાનું... હા, એક વર્ષે એક સ્તવન. આ ઘૂંટવાનું અનુભૂતિના સ્તરે થશે. એક, એક કડીના સાધનાપથ પર ચાલવાનું થશે. પૂ. ચિદાનંદજી મહારાજ યાદ આવે : 'અનુભવ અભ્યાસી કરે...' જેમ અભ્યાસ વધુ તેમ અનુભવની તીવ્રતા આવશે.

ચારિત્રાચારના પ્રથમ વિભાગમાં સમિતિઓ પર પૂરું ધ્યાન આપશે. ઈર્યા વગર પાંચ કે દશ ડગલાં ભરાયાં તો તેનો પણ ખ્યાલ, જાગૃતિ સાધકને જોઈએ. આવું દરેક સમિતિમાં.

સૂક્ષ્મ ચારિત્રાચારમાં શુભ રૂપ ગુપ્તિઓમાં સતત રહેવાનું થાય અને શુદ્ધ રૂપ ગુપ્તિઓનો અભ્યાસ શરૂ થાય. જેમકે શુભ મનોગુપ્તિ એટલે મન સતત શુભમાં જ રહે. અશુભમાં ન જાય. શુદ્ધ રૂપ મનોગુપ્તિ એટલે મનોવિલય. જેને ઉન્મનીભાવ કહેવાય છે. તમે સીધા જ સ્વગુણની ધારામાં હવે જઈ શકો. (સૂક્ષ્મ ચારિત્રાચારનો મતલબ બીજો કાંઈ નથી, પણ જાગૃતિ વધી એ પછીનો સમયગાળો. અથવા તો જાગૃતિ સતત ચાલતી હોય તેવો ગાળો... દરેક આચારની સૂક્ષ્મતામાં આ વાત સમજવી.)

તપાચારના પ્રથમ ભાગમાં બાહ્યતપને ઘૂંટવાનો. જેથી અભ્યંતર તપમાં સરળતાથી પ્રવેશ મળી શકે.

સૂક્ષ્મ તપાચાર એટલે અભ્યંતર તપાચાર. સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ વગેરેમાં લીનતા. રોજ ૨૦ કે ૪૦ લોગસ્સ૦નો કાયોત્સર્ગ કરવાનું નક્કી કરી શકાય. વૈયાવચ્ચ વગેરે અભ્યંતર તપને પણ ઘૂંટી શકાય.

વીર્યાચારના પ્રથમ ભાગમાં સાધક નક્કી કરશે કે દરેક ક્રિયાઓ તે અપ્રમત્તપણે કરશે.

સૂક્ષ્મ વીર્યાચારમાં આત્મશક્તિનું ઝરણું સ્વગુણોને પુષ્ટ બનાવવા તરફ જ વહે.

• • •

ક્ષાયોપશમિક ગુણોને ઘૂંટવામાં જે આનંદ અનુભવાશે તે પરથી અનુમાન થશે કે ક્ષાયિક ગુણોનો આનંદ કેવો તીવ્ર હશે. અને એટલે ક્ષાયિક ગુણો મેળવવાની રુચિ પ્રબળ બન્યા કરે.

ક્ષાયોપશમિક ગુણને સાધવો એ કારણ સાધના છે. ક્ષાયિક ગુણને આરાધવો તે કાર્ય સાધના છે. જેમ કે વૈરાગ્ય કારણ સાધના છે, વીતરાગતા નિષ્પત્તિ છે.

અત્યારે વૈરાગ્યને ઘૂંટવાનો છે. એ માટે જોઈશે સાધકની ઊંડી સાવધાની. પ્રભુની વાત તમે કોઈકને કહી રહ્યા હો, સામી વ્યક્તિ રસપૂર્વક એને સાંભળી રહી હોય; પરંતુ બોલતી વખતે તમને અહંકાર ઊઠે તો... ? તમારે એ બોલવાનું બંધ કરવું જોઈએ.

રાગનો ખાડો છે, વૈરાગ્યની માટી છે અને વીતરાગતા એ સમથળ ભૂમિ - સહજાવસ્થા છે. તો, વૈરાગ્ય કારણિક સાધના થઈ. જેટલો રાગ છે, વૈરાગ્ય ઘૂંટ્યા કરો. રાગના ખાડામાં વિરાગની માટી નાખ્યા કરો.

• • •

વિરાગ શબ્દની બે વિભાવનાઓ છે. એક તો ઉપર કરી તે, રાગને ઘટાડવા માટેનો જબરદસ્ત પ્રયત્ન કરવો. વિરાગ એટલે વિગત રાગતા.

બીજી વિભાવના છે વિરાગ એટલે વિશેષ રાગ. પ્રભુ અને સદ્‌ગુરુ આદિ પ્રત્યેનો વિશેષ રાગ તે વિરાગ.

તો આ વિરાગ - વિશેષ રાગથી પેલી વિરાગાવસ્થા મળશે. અને વિરાગદશાનો આનંદ માણતી વખતે લક્ષ્ય વીતરાગદશાને પામવાનું હશે.

• • •

આ જ રીતે, ક્ષાયોપશમિક ભાવની ક્ષમાને ઘૂંટીને અસંગ ક્ષમા - સહજ ક્ષમા પામવી છે.

ક્ષાયોપશમિક ભાવની ક્ષમાને કઈ રીતે ઘૂંટવાની ? પહેલાં નિમિત્ત આવશે ત્યારે ક્રોધના ઉદયની શક્યતા રહેશે. પરંતુ સાધક સ્વાધ્યાય આદિનો સહારો લઈને ક્ષમા લાવવાની કોશિશ કરશે.

પ્રાથમિક સ્તરની ક્ષમા હોઈ અહીં વિચારવું પડે કે ક્રોધથી મને નુકસાન થશે, માટે હું ક્રોધ ન કરું વગેરે વગેરે.

ક્ષાયોપશમિક ભાવ ઘૂંટાતો જશે, તેમ ક્ષમા સહજ બનતી જશે અને પછી અસંગ ક્ષમા મળશે.

આવું દરેક ગુણમાં થશે.

● ● ●

એક સરસ વિભાવન 'સમાધિશતક' ગ્રંથે આપ્યું છે : 'ગુણ કો ભી મદ મિટ ગયો...' સામાન્યતયા જ્ઞાનનો ક્ષયોપશમ સારો હોય તો અહંકાર આવે. પણ સાધક જ્યારે માને કે ક્ષાયોપશમિક ભાવના આ ગુણને છોડવાનો છે, તો એના પર અહંકાર કેમ થશે ?

જૂના ઘરમાં માણસ રહેતો હોય. બાજુમાં નવો બંગલો તૈયાર થઈ રહ્યો છે. નવા બંગલામાં ક્યારે રહેવા જવાશે ? એવું તે સતત વિચારતો હોય ત્યારે જૂના ઘર પ્રત્યે કેટલો રાગ હશે ?

આવું જ ક્ષાયોપશમિક ભાવના ગુણો પ્રત્યે થઈ શકે.

● ● ●

ક્ષાયોપશમિક ભાવના ગુણોમાં અહંકાર ન આવે એ માટે બીજી દ્રષ્ટિ : જે પણ ગુણ છે, તે પ્રભુ તરફથી મળેલ છે. એક પણ સારો વિચાર, સારો ભાવ પ્રભુએ જ આપ્યો છે.[1]

---

૧. **भगवत्प्रसादलभ्यत्वात् कुशलाशयस्य,** - લલિત વિસ્તરા लोगनाहाणं પદની ટીકા

હવે જો એ ગુણની માલિકીયત પ્રભુની છે, તો સાધકને અહંકાર ક્યાંથી થશે ?

પાંચ ગાથા કે દશ ગાથા થઈ, તો પ્રભુનો આભાર મનાશે; કે પ્રભુ! તારી કૃપાથી ગાથા થઈ. પણ ધારો કે ગાથાઓ ન થઈ તો... ? તો પ્રભુને કહી શકાય કે પ્રભુ ! તેં જ્ઞાનાચારનું પાલન તો કરાવ્યું.

● ● ●

'ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણ રસી હો લાલ...' ક્ષાયોપશમિક ગુણોને આ રીતે ઘૂંટવાથી ક્ષાયિક ગુણોને મેળવવાની રુચિ પ્રબળ બને છે.

રુચિ પ્રબળ બની એટલે એ ગુણોને પ્રાપ્ત કરવા માટેના માર્ગે આગળ ધપાશે. 'સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ...' પોતાની સંપૂર્ણ સત્તાને - નિજ સ્વરૂપને પ્રાપ્ત કરવાની શક્તિ વ્યક્તરૂપે, સ્પષ્ટ રૂપે, આધિકારિક રૂપે પ્રગટે છે.

ક્ષાયોપશમિક ગુણોને ઘૂંટવાથી ક્ષાયિક ગુણોને માર્ગે જવાનો ઉત્સાહ પણ પ્રબળ બને છે. એ માટેનો માર્ગ પણ સ્પષ્ટ થાય છે. અને માર્ગ પર ચાલવાની શક્તિ પણ.

સાધક પ્રભુને પૂછે છે : 'હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે ?' હવે કેટલી વાર, પ્રભુ ? નિમિત્ત કારણરૂપ પ્રભુની પ્રશમરસ-સભર મુદ્રાનો યોગ અને એ કારણે ઉપાદાનમાં આવેલ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાની રુચિ, એ રુચિને અનુકૂળ શક્તિનું પ્રાગટ્ય... બસ, હવે કેટલી વાર, પ્રભુ ?

હું તો આપને જ પૂછીશ, પ્રભુ ! કારણ કે આપ જ અમારા સહુના આધાર છો. આપની કૃપા વડે જ અમને સિદ્ધિ પ્રાપ્ત થવાની છે.

■ ● ■

## (૮) આધારસૂત્ર

ક્ષાયોપશમિક ગુણ સર્વ થયા તુજ ગુણ રસી હો લાલ,
સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ;
હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે હો લાલ,
દેવચન્દ્ર જિનરાજ જગત આધાર છે હો લાલ....૭

ક્ષાયોપશમિક ગુણો ક્ષાયિક ગુણોની ઝંખનાવાળા થયા છે. ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરવાની શક્તિ પણ વ્યક્તરૂપે ઉલ્લસી રહી છે. હવે સંપૂર્ણ સિદ્ધિની કેટલી વાર છે ? પ્રભુ ! આપ જ ત્રણે જગતના આધાર રૂપ છો.

### સાધનાક્રમ

- ક્ષાયોપશમિક ગુણોને ઘૂંટવાના
- ક્ષાયિક ગુણોને પામવાની ઝંખનાની તીવ્રતા
- તે માર્ગ ભણી પ્રયાણ
- સિદ્ધિ

૯

# મંજિલ એક, માર્ગ અનેક

બાંગ્લાદેશની પાટનગરી ઢાકાથી સો કિલોમીટર દૂર એક ગામ હતું. એનાથી થોડે દૂર, અડાબીડ રસ્તે ખેતરમાં એક આશ્રમ. જ્યાં એક સંત રહે.

યોગ પરની એમની પક્કડ અદ્ભુત.

એક યુરોપિયન પ્રોફેસર કોઈ સત્સંગી પાસેથી આ સંતના તે વિષયના પારદર્શી જ્ઞાનની વાત સાંભળી ત્યાં આવવા નીકળ્યા. ઢાકા ઍરપોર્ટ પર ઊતરી તેમણે ટેક્સીવાળાઓને આ ગામનું નામ કહ્યું. પણ એવું અંતરિયાળ આ ગામ હતું કે કોઈ ટેક્સીવાળાએ એ ગામનું નામ પણ સાંભળ્યું ન હતું. પાક્કો રોડ કોઈ એ દિશામાં જતો નહોતો.

અચાનક એક ગાડી પ્રોફેસર પાસે આવીને ઊભી. ડ્રાઇવરે પૂછ્યું : ક્યાં જવું છે?

પ્રોફેસરે ગામનું નામ કહ્યું. ડ્રાઈવર કહે : ત્યાં સંતના આશ્રમે જવું છે ને ? પ્રોફેસરે હા કહી. ડ્રાઈવર કહે : બેસી જાવ !

ગાડી ચાલી. પ્રોફેસરે જોયું કે રસ્તો એવો અટપટો હતો કે જાણીતો ડ્રાઈવર ન હોય તો ગોથાં જ ખાય. એ ગામ આવ્યું. ગામથી ખેતર સુધી જવાનો તો રસ્તો જ નહિ. પણ ડ્રાઈવર અનુભવી લાગ્યો. ગાડી સીધી આશ્રમ પાસે જઈ ઊભી રહી.

પ્રોફેસર એક રૂમમાં ઊતર્યા. ફ્રેશ થયા. પૂછ્યું : ગુરુ ક્યારે મળશે ? હમણાં મળશે એમ કહેવામાં આવ્યું. ગુરુની ચેમ્બરમાં જઈને જોયું તો જે વ્યક્તિ ગાડીને ડ્રાઈવ કરી અહીં સુધી આવેલ તે જ ગુરુના આસન પર!

ગુરુ હસ્યા. કહે : તમે આટલે દૂરથી જ્ઞાનપિપાસા લઈને આવો તો મારે આટલો પ્રતિભાવ તો આપવો જ જોઈએ ને !

એકાદ મહિનો પ્રોફેસર ત્યાં રોકાયા. પાતંજલ યોગસૂત્ર ખૂબ ઊંડાણથી તેઓ ત્યાં ભણી શક્યા. હવે જવાનું હતું. પણ હવે ક્યાં વાંધો હતો ? ગુરુ તૈયાર હતા. ઢાકા ઍરપોર્ટ સુધી મૂકી ગયા.

● ● ●

સદ્‌ગુરુની કેવી આ કરુણા !

સાધનાના અડાબીડ માર્ગે - જ્યાં આપણી બુદ્ધિનું સહેજ પણ ગજું નથી - સદ્‌ગુરુ આપણને આરામથી લઈ જાય.

પ્રસ્તુત સ્તવનામાં અનેક સાધનામાર્ગોની ચર્ચા આવી. મંઝિલ એક, માર્ગ અનેક.

મંઝિલ છે રાગ-દ્વેષાદિનો સંપૂર્ણ વિલય. માર્ગ છે રાગ-દ્વેષાદિની શિથિલતા. તો, કોઈ પણ માર્ગે ચાલનાર સાધક એ જોશે કે પોતાના રાગ-દ્વેષ શિથિલ થયા ? જો થયા હોય તો એ જાણી શકે કે પોતાનો માર્ગ સાચો છે.

જો કે અહીં તો સદ્ગુરુ જ આપણને હંકારી રહ્યા છે. તેઓ ભિન્ન ભિન્ન માર્ગોના જાણકાર છે. તેઓ કહે તેમ ચાલશું.

આ સ્તવનામાં માર્ગોની જે ચર્ચા થઈ છે, તેની વિશેષતાઓ જોઈએ.

• • •

પહેલી કડીમાં સાધનાક્રમ આવો છે : સમાધિરસથી ભરપૂર પ્રભુનું દર્શન, આત્મસ્વરૂપનું જ્ઞાન, સઘળીય વૈભાવિક ઘટનાઓથી મનનું ઉપર ઊઠી જવું અને સ્વરૂપની પ્રાપ્તિ માટેના માર્ગ - રત્નત્રયી - તરફ સાધકનું ચાલી નીકળવું.[1]

પ્રભુના દર્શન દ્વારા નિજરૂપનું સ્મરણ થયું કે ઓહ ! મારું સ્વરૂપ પણ આવું જ છે. તો મારા સ્વરૂપને મારે પામવું હોય તો એને અશુદ્ધ કરનાર તત્ત્વોથી હું દૂર થાઉં અને એના શુદ્ધિકરણની પ્રક્રિયાને અમલી બનાવું.

કેટલો સરસ આ માર્ગ !

• • •

બીજી કડીનો સાધનાપથ (અશબ્દ વાચનામાં) આવો છે :

સાધક જગતમાં નિર્લેપ રીતે, જ્ઞાતાભાવે રહે. બધી જ ચેતનાઓને તે ગુણોથી પરિપૂર્ણ તરીકે સ્વીકારે (ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો પણ સ્વસત્તા વડે પરિપૂર્ણ છે તેમ સ્વીકારે), પર તરફ લઈ જનારા નિમિત્તોનો તે અદ્વેષપૂર્ણ રીતે ત્યાગ કરે અને પોતાના અનંત જ્ઞાનાદિ ગુણોનો પોતે ભોક્તા છે એ રીતે રહે.[2]

---

૧. દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વીસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ,
સત્તાસાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ....૧

૨. તુમે પ્રભુ ! જાણંગ રીતિ સર્વ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ;
પર પરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ,
ભોગ્યપણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ....૨

આ કડીની સાધના સાધકના ચતુર્મુખી કર્તવ્ય પર કેન્દ્રિત થાય છે. જડ જગત પ્રત્યે સાધકનો દ્રષ્ટિકોણ જ્ઞાતાભાવનો છે. ચેતનાઓને અનંત જ્ઞાનાદિથી તે પરિપૂર્ણ માનશે. નિમિત્તોનો ત્યાગ થશે, પણ એ નિમિત્ત આપનાર પ્રત્યે દ્વેષ નહિ હોય અને સ્વની દુનિયામાં સ્વગુણનો ભોગ એ એનું કર્તવ્ય હશે. પરનો ભોગ કાયા કરતી હશે, ત્યારે પણ સાધક એને જોતો હશે. એમાં ભળશે નહિ.

● ● ●

ત્રીજી કડીનો સાધનાક્રમ સ્વની વૈભવી દુનિયા ભણી જવાનો છે (અશબ્દ વાચનામાં) : દાન આદિ જે પરનું થતું હતું, તે હવે સ્વનું થશે.

પ્રભુના અદ્‌ભુત યોગની વ્યાખ્યા સ્વરૂપ ભૂમિ તરીકે અહીં થઈ છે.

સાધક પણ સ્વરૂપ દશા સાથે જોડાણ મેળવવા જ સતત ઝંખે.[3]

● ● ●

ચોથી કડીનો સાધનાક્રમ આ છે :

પ્રભુનું દર્શન, મોહની શિથિલતા, આત્મસ્મરણ (નિર્મળ, અખંડ, અલિપ્ત એવા આત્મસ્વભાવનું સ્મરણ), આત્મરમણતા, ધર્મધ્યાન, શુક્લધ્યાન, વીતરાગદશાની પ્રાપ્તિ.

આમ જુઓ તો, પહેલી કડીના સાધનાક્રમનો જ આ વિસ્તાર છે. પહેલી કડીમાં પ્રભુદર્શન, આત્મસ્મરણ, પર-રમણતાનો અભાવ (જે અહીં આત્મરમણતા રૂપે આવેલ છે) અને સ્વરૂપની પ્રાપ્તિના માર્ગે ગમનમાં ધર્મધ્યાન આદિ છે.[4]

---

૩. દાનાદિક નિજ ભાવ હતા જે પરવશા હો લાલ,
તે નિજ સમ્મુખ ભાવ ગ્રહી લહી તુજ દશા હો લાલ;
પ્રભુનો અદ્‌ભુત યોગ સ્વરૂપ તણી રસા હો લાલ,
ભાસે વાસે તાસ જાસ ગુણ તુજ જિસ્યા હો લાલ... ૩

૪. મોહાદિકની ઘૂમિ અનાદિની ઊતરે હો લાલ,
અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ;
તત્ત્વરમણ શુચિ ધ્યાન ભણી જે આદરે હો લાલ,
તે સમતારસ ધામ સ્વામી મુદ્રા વરે હો લાલ... ૪

પાંચમી કડીનો સાધનાક્રમ :

આત્મસ્મરણ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને એ બધાને વિષે સતત ધ્યાન. [આત્મસ્મરણ, આત્મજ્ઞાન, આત્મપ્રતીતિ (આત્માનુભૂતિ), આત્મગુણોમાં નિમજ્જન - રમણતા અને સ્વરૂપદશાનું જ ધ્યાન.][૫]

સ્મરણથી ધ્યાન સુધીની આ કેવી મઝાની પ્રક્રિયા ! બધા જ પડાવે આત્મ શબ્દને મૂકીએ તો પડાવોનાં નામ આવા થશે : આત્મસ્મરણ, આત્મજ્ઞાન, આત્માનુભૂતિ, આત્મરમણતા, આત્મધ્યાન.

યાદ આવે પૂજ્ય ચિદાનંદજી મહારાજ : 'આતમધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું; કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું.'

સ્વરૂપમાં રમણતા.

પરરૂપમાં રમણતા નહિ.

• • •

છઠ્ઠી કડીનો સાધનાક્રમ :

પ્રભુમુદ્રાનો યોગ, પ્રભુની પ્રભુતાનું જ્ઞાન, આત્મસ્વરૂપનો પરિચય, સ્વરૂપદશા પ્રત્યે બહુમાન, સ્વરૂપદશાને પ્રગટ કરવાની ઇચ્છા અને તે માટેનો પ્રયત્ન.[૬]

• • •

---

૫. **પ્રભુ છો ત્રિભુવનનાથ ! દાસ હું તાહરો હો લાલ,**
**કરુણાનિધિ ! અભિલાષ અછે મુજ એ ખરો હો લાલ;**
**આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ,**
**ભાસન વાસન એહ ચરણ ધ્યાને ધરો હો લાલ... ૫**

૬. **પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે હો લાલ,**
**દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ;**
**ઓળખતાં બહુમાન સહિત રુચિ પણ વધે હો લાલ,**
**રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ. ૬**

સાતમી કડીનો સાધનાક્રમ :

ક્ષાયોપશમિક ગુણોને એવી તીવ્રતાથી ઘૂંટવા કે ક્ષાયિક ગુણોને પામવાની પ્રબળ ઝંખના પેદા થાય. ઝંખનાને અનુરૂપ શક્તિનું પ્રાગટ્ય, સિદ્ધિ માર્ગ ભણી સાધકનું પ્રયાણ.[૭]

● ● ●

સાધનાક્રમોના મૂળમાં ત્રણેક ચરણો છે : પરમાત્મદર્શન, એ દ્વારા આત્મસ્વરૂપ દર્શન અને પછી આત્માનુભૂતિ.

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ આપણી કક્ષાએ ઊતરીને આપણે જે રીતે આત્મગિરિને ચઢી શકીએ એ રીતે ચઢાવે છે આપણને. જેમકે, પહાડનાં પગથિયાં ઊંચાં ઊંચાં હોય, દશ કે અગિયાર ઈંચનાં ઊંચાં; તો સામાન્ય પ્રવાસીને એ ચઢતાં હાંફ ચડી જશે. પણ બે પગથિયાંની વચ્ચે એક નવું પગથિયું ઉમેરી દીધું હોય તો ! તો પાંચ-પાંચ ઈંચનાં કે સાડા પાંચ ઈંચનાં બે પગથિયાં થઈ જાય.

પણ ચઢનાર વૃદ્ધ પુરુષ હોય તો મૂળ બે પગથિયાંની વચ્ચે બીજા બે પગથિયાં ઉમેરવા જોઈએ.

આ ક્રમ અહીં લેવાયો છે.

કેવી સદ્‌ગુરુની આ કરુણા !

આ કરુણાને ઝીલવી છે. શી રીતે ઝીલશું ? એમણે બતાવેલ સાધનાક્રમો પૈકીના એક સાધનાક્રમનો અભ્યાસ કરીને.

સાધનામાર્ગોની બાબતમાં આ સ્તવનાને ફાઈવ સ્ટાર હોટેલની વાનગીઓના કાર્ડ જેવું ગણાવાય છે. પણ મેનુકાર્ડ જોઈને સંતુષ્ટ થવાનું

---

**૭. ક્ષાયોપશમિક ગુણ સર્વ થયા તુજ ગુણ રસી હો લાલ,**
**સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ;**
**હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે હો લાલ,**
**દેવચન્દ્ર જિનરાજ જગત આધાર છે હો લાલ.**

હોતું નથી. એ પ્રમાણે વાનગીઓનો ઑર્ડર આપી તેને ખાવાની હોય છે. ‘તમને ગમે તે વાનગી’ની જેમ અહીં ‘તમને ગમે તે સાધનાક્રમ’ તમે આત્મસાત્ કરી શકો. અથવા તો સદ્ગુરુને પૂછીને તમારા માટેનો સાધનાક્રમ નિશ્ચિત કરીને એ ક્રમને આત્મસાત્ કરવો છે.

● ● ●

રામકૃષ્ણ પરમહંસ એક વાત બહુ સરસ રીતે કહેતા : વિશ્વનો નકશો કાગળ પર છાપેલો હોય, એમાં કેટલા સમુદ્રો હોય ? પણ તમે નકશા પર હાથ ફેરવો તો એ હાથ કેટલો ભીંજાય ? અને નકશાના કાગળને કોઈ નીચોવે તો કેટલું પાણી નીચે ટપકે ?

સમુદ્ર. પણ કાગળ પરનો.

સાધના. ગ્રંથસ્થ જ રહે તો... ?

સાધનાને હૃદયસ્થ બનાવવી છે.

તમારી પસંદગીને એટલો અવકાશ જરૂર છે કે સાત કડીઓમાં આપેલ સાત સાધનાક્રમમાંથી તમે કોઈ પણ ઉપર ચાલો.

ચાલવું છે.

‘चैरवेति चैरवेति चराति चरतो भगः’.

● ● ●

ચાલશું કે દોડશું ?

પૂજ્ય આનંદઘનજી મહારાજ (પંદરમા સ્તવનમાં) તો દોડવાનું કહે છે અને એ પણ શરીરના વેગે, કલાકના પાંચ-દશ કિલોમીટરની ઝડપે નહિ; મનની ઝડપે દોડવાનું કહે છે. ‘દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ...’

સદ્ગુરુની કૃપા દોડાવશે.

આપણે દોડશું.

# પ.પૂ.આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....'**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'સો હી ભાવ નિર્ગ્રન્થ .....'**
  (સમાધિશતક, કડી ૧ થી ૩૦ ઉપર વિવેચના)
- **'આપ હી આપ બુઝાય .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (સમાધિશતક, કડી ૩૧ થી ૫૧ ઉપર વિવેચના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....'**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રંથો તથા પૂ.ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)
- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (દ્વિતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી અભિનંદન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી મહાવીર જિનસ્તવના પર સ્વાધ્યાય)

સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ

શ્રી દેવચન્દ્રીય
શ્રી સુવિધિ જિન
સ્તવના
પર સ્વાધ્યાય



સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ સાધનાપથ